Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસની તેજમૂર્તિઓ



૧

૪૩ગ
૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસની
તેજમૂર્તિઓ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ધૂમકેતુ'ની

યુગદર્શન ગ્રંથમાળા

રાજમુગટ [ત્રીજી આવૃત્તિ] મલ્લિકા
ત્રણ રૂપિયા ત્રણ રૂપિયા

અજિતા [ત્રીજી આવૃત્તિ] પરાજય
સાડાચાર રૂપિયા સાડાચાર રૂપિયા

વાચિનીદેવી, અજિત ભીમદેવ, ચૌલાદેવી

રાજસંન્યાસી કર્ણાવતી

રાજકન્યા જયસિંહ સિદ્ધરાજ
[ધર્મરક્ષિણ]

જયસિંહ સિદ્ધરાજ–જયસિંહ સિદ્ધરાજ
[ત્રિભુવનગંડ] અવન્તીનાથ]

ગુર્જરેશ્વર રાજર્ષિ કુમારપાલ

નાયિકાદેવી રાય કરણ ઘેલો

[દરેકના સાડાચાર]

તણખા મંડળ પહેલું
સાડાત્રણ રૂપિયા

તણખા મંડળ બીજું
ત્રણ રૂપિયા

તણખા મંડળ ત્રીજું
ત્રણ રૂપિયા

તણખા મંડળ ચોથું
ચાર રૂપિયા

પ્રદીપ
ત્રણ રૂપિયા

ત્રિભેટો
ત્રણ રૂપિયા

પરિશેષ
ત્રણ રૂપિયા

સુવર્ણરેખા
ત્રણ રૂપિયા

વનછાયા
ત્રણ રૂપિયા

અનામિકા
ત્રણ રૂપિયા

વાતાયન
અઢી રૂપિયા

હેમચંદ્રાચાર્ય
અઢી રૂપિયા

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તો : : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या ४३५१/२५
पञ्जिका संख्या २५२२१

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

श्लोक प्रमाणीकरण १९८४-१९८५

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પ્રકાશક તથા વિક્રેતા
ગાંધીરસ્તા: અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઇતિહાસ'ની

તેજમૂર્તિઓ

['જલબિંદુ'ની નવી વાતો]

CHECKED 1973
Initial .....

ધૂમકેતુ

૪૩૧
૨૫
૨૮૮૨૧

૩

રૂપિયા

: પ્રકાશક :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
ગાંધી રસ્તો : અમદાવાદ.

૧૯૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક :
શંભુલાલ જગશીભાઈ શાહ,
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
ગાંધી રસ્તો, અમદાવાદ.

મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ,
શારદા મુદ્રણાલય,
પાનકોર નાકા, અમદાવાદ.

[સર્વ હક્ક લેખકને સ્વાધીન]

અભિનવ બીજી આવૃત્તિ : ૧૯૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* પ્રસ્તાવના

'જલબિંદુ' માં થોડી ઐતિહાસિક નવલિકાઓ હતી. વધારે ચિંતન પ્રધાન વસ્તુઓ હતી. એ બન્ને ભિન્ન હોવાથી એમનો મેળ બરાબર મળતો ન હતો. આ 'ઇતિહાસની તેજમૂર્તિઓ' નામથી પ્રગટ થતા 'જલબિંદુ'ના અભિનવ સંગ્રહમાં બધી જ ઐતિહાસિક નવલિકાઓ મૂકી દીધી છે. ઘણીખરી નવી જ છે. હવે જલબિંદુમાં માત્ર ચિંતન ભાગ જ હશે.

આશા છે કે આ પુસ્તક 'મેઘબિંદુ' ની પેઠે લોકપ્રિય થશે.

ખાનપુર, અમદાવાદ. ધૂમકેતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

પ્રેમરંગ	૧
સાધ્વીનો જવાબ	૮
જીવનની પવિત્રતા	૧૨
આરસનો જન્મ	૧૭
ભિક્ષુ સંઘ	૨૫
રત્ન અને કાંકરા	૩૭
રાજનો મહેલ	૬૫
ગુરુ બંદાનો સૈનિક	૭૦
રાજા હનમંતસિંહ	૭૫
જ્યારે બ્રહ્મજ્ઞાન મળે છે	૮૦
અકિંચનનો અકિંચન	૮૪
કિસાગૌતમીનું ગીત	૯૨
પ્રેરણામૂર્તિ	૯૫
રાજધર્મ	૧૦૩
આજન્મ વૈરાગી	૧૦૬
જન્મભૂમિના છેલ્લા સાથી	૧૦૯
ગુરુમંત્ર	૧૧૪
મહારાષ્ટ્ર ધર્મ	૧૧૮
વજ્રવાણી	૧૨૩
જંગલનો સાદ	૧૨૭
માતૃચરણે	૧૩૪
રાજલક્ષ્મી	૧૩૯
કવિતાનો જન્મ	૧૪૩
શ્રેષ્ઠ ભિક્ષાન્ન	૧૪૭
ચિત્ર બોલ્યું	૧૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિષ્યની પિછાન ૧૫૫
હીરાકણી ૧૫૮
સત્યની શોધમાં ૧૬૧
જ્ઞાન ને અહમ્ ૧૬૬
છેલ્લી સેવા ૧૭૩
બે દૃશ્યો ૧૮૧
મહા પાપી ૧૯૫
હીરો અને માનવ ૨૦૧
મનની વાત ૨૦૭
ન્યાય ૨૧૦
કુંતિ યુધિષ્ઠિર ૨૧૩



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસની તેજમૂર્તિઓ

ભાગ બીજો

(છપાય છે)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જલબિંદુ

[ઐતિહાસિક પ્રસંગ
કથાઓનો સંગ્રહ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમરંગ !

ભગવાન ચૈતન્ય જગન્નાથના દ્વારે આવીને એક દિવસ ઊભા રહ્યા. ઘણી વખત એ પ્રમાણે એ આવીને ઊભા રહી જતા, પછી કોણ જાણે એ શું જોતા, કે શું અનુભવતા, પણ બુદ્ધિ જ્યાં વિરામ પામે, એવી કોઈ સૃષ્ટિમાં એ ચાલ્યા જતા. ન એમને માટે એ વખતે બાહ્ય સૃષ્ટિ રહેતી, ન મંદિર રહેતું, ન મૂર્તિ રહેતી, ન કોઈ પૂજા, પૂજારી, દર્શન કે દર્શનાર્થી રહેતા. ન કોઈ લોક દેખાતા. એ વખતે એક અવનવી પ્રેમ–લહેરીના તાનમાં એ પડી જતા.

એમની એ તલ્લીનતા એક બાજુ દીવાનાપણાને સ્પર્શી જતી હોય એમ લાગતું, તો બીજી બાજુ, એ દીવાનાપણું જાણે બધાને સ્પર્શી જતું હોય તેમ વાતાવરણમાં ફેરફાર થઈ જતો. જ્યાં ત્યાં નર્તન દેખાતું. સંગીત સંભળાતું. પ્રેમઝરણું વહેતું જણાતું. 'હરિ બોલો હરિ'ની ધૂનમાં જ્યારે ભગવાન ચૈતન્યનો પોતાનો શબ્દ 'હરિ બોલો હરિ' સંભળાતો, ત્યારે તો ઘડીભર એમ લાગે કે, હમણાં કોઈ પ્રેમનું અદ્‌ભુત પંખી આ શબ્દનું સ્થળ સ્થળ ગુંજન કરતું, સમસ્ત નભમંડળને માધુર્યથી છાઈ દેશે ! શું એ નાનકડા બોલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી મધુરતા ઊભી થતી હતી ? જાણે કે કોઈ પ્રેમ-સાગરમાં ડૂબકી મારીને, રસનાં મોતી લઈ ને એ બહાર આવતા હોય.

પોતાનું સમસ્ત પ્રેમજીવન જાણે, આ એક નાનકડા 'હરિ બોલો હરિ' એ શબ્દમાં રેડીને, એ પ્રેમ-કુંભની દુનિયાને ભેટ દેવા નીકળ્યા હોય તેમ, જ્યારે ભગવાન ચૈતન્ય સંકીર્તન ઉપાડતા, ત્યારે પૃથ્વીનું અણુએ અણુ નાચવા મંડી પડતું. ધૂળને એ વખતે નાચવાનું મન થઈ જતું. મંદિરને નાચવાનું મન થતું. પથ્થરને વાચા પ્રગટતી. જગન્નાથજીની મૂર્તિને નાચવાનું મન થતું. આખી સૃષ્ટિને નાચવાનો છંદ લાગી જતો !

આવી જ આ પળ હતી. અને ભગવાન ચતન્ય ત્યાં આવીને ઊભા રહ્યા, અને જેવા ઊભા તેવા જ જાણે કોઈ અનોખી સૃષ્ટિનાં દર્શન પામ્યા હોય તેમ, સ્થિર, શાંત-અત્યંત શાંત બની ગયા !

નથી એમની આંખ મટકું મારતી. નથી શરીરની ગતિ જણાતી. નથી કોઈ હલનચલન દેખાતું. એ તો જાણે સ્થિર ઊભા તે ઊભા.

એમની પાસે નજીકમાં ગરુડજીની પ્રતિમા ઊભેલી હતી. પડખે આસપાસ ચારે તરફ દર્શનઘેલા માનવીઓની મોટી કતાર જામી ગઈ હતી.

સેંકડો અને હજારો માનવીઓનો મેળો ભરાયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. અને ભગવાન જગન્નાથની મૂર્તિની ઝાંખી મેળવવા માટે ધક્કંધક્કા ચાલી રહી હતી.

એ વખતે એ ટોળામાં એક ગરીબ બાઈ આવીને ઊભી રહી ગઈ. ચારે તરફના સેંકડો માણસની ધમાલમાં એને ભગવાનની ઝાંખી થતી ન હતી. અને તેમ તેમ એ ઝાંખી કરવા માટેની, એની અભિલાષા વધતી જતી હતી.

છેવટે તો ભગવાનની મૂર્તિ જાણે એની નજર માટે અદૃશ્ય જ થઈ ગઈ એવું બન્યું. એટલી બધી ભીડ જામી, એટલી બધી ઉપરા ઉપરી માનવમેદની ખડકાણી કે પેલી વૃદ્ધ ગરીબબાઈ કાંઈ જ ઝાંખી ન પામે તેવું થઈ ગયું. પણ એના દિલમાં તો ભગવાનની ઝાંખી માટે તાલાવેલી લાગી હતી. એનું મન એ ઝાંખી મેળવવા માટેની પ્રેમસમાધિમાં જાણે પડી ગયું હતું. આસપાસ શું છે એ બધું એ ભૂલી ગઈ હતી.

એટલે એ તો ગરુડજીની પ્રતિમા ત્યાં જોઈને, તેના ઉપર જ ચડી ગઈ. એક પગ તો ત્યાં સ્થિર કર્યો, પણ બીજો પગ મૂકવા માટેનું કોઈ સ્થાન નજરે ચડ્યું નહિ, એટલામાં તદ્દન શાંત, સ્થિર, પથ્થર પ્રતિમાસમ ઊભેલા ભગવાન ચૈતન્યનો બળો એના પગને સ્પર્શી ગયો, ને તેણે બીજો પગ ત્યાં મૂકી દીધો. પોતે જગન્નાથજીની મૂર્તિમાં નજર પરોવી દીધી. રસસમાધિમાં પડી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે કયાં ઊભી છે, શું છે, કયાં પોતાના પગ છે, એ બધું જ એ ભૂલી ગઈ. એને તો જગન્નાથની પ્રતિમાની ઝાંખી થઈ ગઈ એનો જ અનહદ આનંદ રોમરોમમાં વ્યાપી ગયો. તે પોતાની જાતને પણ ભૂલી ગઈ.

પણ એ વખતે જ ભક્તજનોનું ધ્યાન એના ઉપર પડ્યું. અને એના એક પગને ભગવાન ચૈતન્યના બભા ઉપર ઠેરવાયલો જોતાં, એમના ક્રોધનો પાર ન રહ્યો.

એના ઉપર ચારે તરફથી ધીટકારનો વરસાદ વરસી રહ્યો. એને પગ ઉઠાવી લેવાની ધમકી મળી.

પણ એ સાંભળતાં જ ભગવાન ચૈતન્યે એના પગને વધારે સુસ્થિર રહી શકે માટે, હાથ જરાક ઊંચો કરી, બભાની જગ્યા વધારી દીધી. અને તરત જ કહ્યું: 'એને આંખ ભરીને દર્શન કરવા દો. આંખ ભરીને એને નિહાળવા દો!'

પણ એટલામાં તો પેલી બાઈને, પોતે શું કરી નાખ્યું છે એની બબર પડતાં, તે તરત નીચે ઊતરી ગઈ. પણ જેવી એ નીચે ઊતરી કે ભગવાન ચૈતન્યે પોતે એના પગનો સ્પર્શ કરતાં ગદ્‌ગદ કંઠે કહ્યું: 'બાઈ! તારી પ્રેમસમાધિ, તારી પ્રેમસમાધિ, એ તો તારી જ છે!

'તારો ભક્તિરંગ, એનો એક શતાંશ પણ મને કયાં મળ્યો છે? આહા! કેવી આ પ્રેમભરી લગની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે કે જે લગનીમાં કોઈ ચેતન અચેતન સૃષ્ટિ જ રહેતી નથી. રહે છે કેવળ પોતાનો પ્રેમકુંભ — અને ભગવાનની પ્રેમલીલા ! આનું નામ પ્રેમ સમાધિ. આનું નામ પ્રેમભક્તિ રંગ !'

ભક્તજનો આ અદ્‌ભુત પ્રેમવાર્તા સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા !

પ્રેમનું કોઈ રૂપ, કોઈ તત્ત્વ, કોઈ ક્ષણ, કે કોઈ પળ ભગવાન ચતન્યથી અજાણી જતી નથી એ જોઈને, એ બધા પોતપોતાના વર્તન માટે શરમીંદા બની ગયા.

પ્રેમની સૃષ્ટિનું બિંદુએ બિંદુ ચૈતન્ય ભગવાને પોતાના હૃદયમાં રાખ્યું છે, એટલે એ જરાક જેટલી પણ પ્રેમભક્તિને તરત સમજી લે છે, તરત શોધી લે છે, તરત એને પોતાનો પ્રેમ અર્પી દે છે.

પ્રેમની આ મહાન લીલાનો વિચાર કરતાં બધા મુગ્ધ થઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધ્વીનો જવાબ !

નર્મદા નદીએ જે રૂપ માહેશ્વર પાસે બતાવ્યું છે તે અલૌકિક છે. એ રૂપ જોઈ ને અને ત્યાંની અનુપમ વનસમૃદ્ધિ જોઈ ને, સાધ્વી મહારાણી અહલ્યાબાઈ એ પોતાનો વનવાસ ત્યાં કરવાનો નિશ્ચય કર્યો.

પોતે પતિને ગુમાવી બેઠાં હતાં. મલ્હારરાવ હોલકર જેવા શ્વસુરને પણ ખોઈ બેઠાં હતાં. પુત્ર ગુમાવ્યો હતો. પુત્રી પણ ગુમાવી હતી. પુત્રીનો પુત્ર પણ ગુમાવ્યો હતો.

કોઈ એવું નિકટવર્તી સ્વજન ન હતું કે જેને રાજનો ભાર સોંપીને પોતે નિરાંતે વનવાસ કરી શકે.

છેવટે એમણે સેનાપતિ તુકોજીની, દત્તક લેખે રાજશાસનમાં મદદ લેવાનો, નિર્ણય કર્યો. તે થોડે દૂરનો સ્વજન હતો. સૌથી નિકટ પણ હતો. એણે મલ્હારરાવ હોલકર સાથે અનેક રણક્ષેત્રો જોયાં હતાં. એ ધીર સેનાપતિ હતો, ને શૂરવીર લડવૈયો પણ હતો.

પણ એથી વધુ તો એ કે એના જેવો વિશ્વાસ-પાત્ર કોઈ જ માણસ એ જમાનામાં મળે તેમ ન હતો.

અહલ્યાબાઈ એ એને દત્તક લેવાનો નિર્ણય કર્યો. અને પુનાના પેશ્વાના દરબારમાં એ વાત રજૂ કરી.

અહલ્યાબાઈ નો સમર્થ કારભારી ગંગાધર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રી. એ આંકડે આંકડાનો જાણકાર. એને આ વાત રૂચી નહિ. બ્રાહ્મણ જેમ મહાદ્વેષી હતો, તેમ મહા કારસ્તાની પણ હતો. એ ઉઘાડો ન ઊઠ્યો. એણે તો પુનામાં રઘુનાથરાવ પેશ્વાને સાધ્યા. એ વખતે એ ત્યાં સેનાપતિ. પેશ્વાના દરબારમાં એની બોલબોલાં. એની યોદ્ધા તરીકેની કીર્તિ ત્યારે ટોચે. ગંગાધર શાસ્ત્રીએ એને સાધ્યો. હોલ્કર કુટુંબનો જો કોઈ નાનો બાળક દત્તક તરીકે લેવાય, તો ગંગાધર શાસ્ત્રીનું વર્ચસ્વ ચાલુ રહે. અહલ્યાબાઈ તો આ વાત કાંઈ જાણે નહિ. એમણે તો કેવળ રાજની સ્થિરતાનો જ વિચાર અગ્રપદે મૂકેલો. પણ ગંગાધરની ખટપટથી પેશ્વા રઘુનાથરાવે અહલ્યાબાઈની અરજ નામંજૂર કરી ! કોઈ નાના બાળકને દત્તક લેવાનું કહ્યું. દત્તક-વિધાનની શાસ્ત્રાજ્ઞા — વગેરે જે કાંઈ બહાનું અપાય તે પણ આપ્યું.

અહલ્યાબાઈને બોટું તો બહુ લાગ્યું. પણ એ વખતે પેશ્વા રઘુનાથરાવનો બોલ કોઈ ઉથાપી શકે તેમ ન હતું.

ચાલીસ હજારની એની સેના, એની આજ્ઞાની પાછળ ખડી હતી.

અહલ્યાબાઈ એ ફરીને વિજ્ઞપ્તિ કરી. તુકોજીની લાયકાત જણાવી. દુશ્મનોથી વીંટાયેલું રાજ છિન્નભિન્ન થઈ જશે — અને હજારો પ્રજાજનોનો વિનાશ થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જશે — એ વાત મૂકી.

પણ શાસ્ત્રીજીએ રઘુનાથરાવના કાન ઠીક ઠીક ભંભેર્યા હતા. અને નજરાણું પણ સારી રીતે આપવાની વાત કરી હતી. એટલે ફરીને નકાર આવ્યો.

ત્રીજીવારની વિજ્ઞપ્તિ ગઈ. જવાબમાં એક ઉતાવળો સવાર રઘુનાથરાવનો સંદેશો લઈ ને આવ્યો.

સંદેશો વાંચીને અહલ્યાબાઈ ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયાં.

રઘુનાથરાવ પેશ્વા પોતે સૈન્ય લઈ ને આવી રહ્યા હતા, દત્તક વિધાનમાં હાજરી આપવા !

એક પળભર તો સાધ્વી રાણીની મતિ મૂંઝાઈ ગઈ.તેને નર્મદામાં જલસમાધિ લેવાનું મન થઈ આવ્યું. સંસાર જ છોડી દેવાની ઈચ્છા થઈ ગઈ. રઘુનાથરાવ આવે તે પહેલાં રાજ તજી દેવાનું મન થઈ આવ્યું.

પણ બીજી જ પળે, એના મનમાં એક દૃઢ નિશ્ચય — ખડક સમો — ઊભો થયો.

'હું સૌથી પહેલાં તો રાજરાણી છું. મલ્હારરાવ હોલકર જેવા વીર યોદ્ધાની પુત્રવધૂ છું. સામે મોંએ રણમાં પડનારા પતિની વિધવા છું. હું પ્રજાને અત્યારે નિરાધાર મૂકી શકું નહિ, અને પેશ્વાના નિર્ણયને પણ સ્વીકારી શકું નહિ.'

તેણે તરત જ તુકોજીને બોલાવ્યો. ગંગાધર શાસ્ત્રીને બોલાવ્યા. બીજા રાજ દરબારીઓને બોલાવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌને કહ્યું: ' હું પેશ્વાની સામે યુદ્ધ લેવા માટે ઊપડવા માગું છું. આપણું સૈન્ય તૈયાર કરો. શસ્ત્રસરંજામ સંભાળો. યોદ્ધાઓને ભેગા કરો. હું પોતે સેનાને દોરી જવા માગું છું. છેવટે તો હું મલ્હારરાવ હોલકર જેવાની પુત્રવધૂ છું!'

અહલ્યાબાઈને શાંત સાધ્વી રાણી તરીકે સૌ જાણતા હતા. પણ આજે આ એનું ફરેલું સિંહણરૂપ જોઈને સૌ છક્ક થઈ ગયા.

પછી રઘુનાથરાવ પેશ્વાને રાણીએ સંદેશો મોકલ્યો: 'તમે જુદ્ધ કરવા આવવા માગતા હો તો ભલે, હું પણ મલ્હારરાવ હોલ્કર જેવાની પુત્રવધૂ છું, એટલે તમને આનંદ આવે એવું યુદ્ધ આપીશ.

'પણ એક વાત યાદ રાખજો, જો તમારો જય થશે, તો એક સ્ત્રી સામે જય કરવા માટે તમને કોઈ કીર્તિ આપશે નહિ.અને જો પરાજય થશે તો તમારી સેનાપતિ તરીકેની કીર્તિનો ક્યાંય પડછાયો પણ રહેશે નહિ!

'માટે જોઈ વિચારીને આવજો.

'આહીં યુદ્ધ માટે વિશાળ મેદાન છે. અને તમારા સત્કારની બધી તૈયારી છે! બાકી, અમારી વિજ્ઞપ્તિ અમે ઘણા ઘણા વિચારને અંતે કેવળ પ્રજાકલ્યાણ માટે જ મૂકી છે. અને એ હજી તમારી સમક્ષ પડી છે!'

જવાબમાં અહલ્યાબાઈની વિજ્ઞપ્તિને મંજૂરી આપતો રૂક્કો થોડા જ દિવસમાં આવી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



જીવનની પવિત્રતા!

ભગવાન ચૈતન્યના સાન્નિધ્યમાં સુબુદ્ધિરાય આવીને ઊભા રહ્યા. એની આંખમાંથી શ્રાવણ ભાદરવો વહી રહ્યા હતા. શરીર આખું જાણે અગ્નિથી બળતું હોય તેમ એ અત્યંત પીડાજનક અવાજે તરફડિયાં મારી રહ્યા હતા. એના અંતરની મોટામાં મોટી ઇચ્છા એ હતી કે એમનું આ જીવન હવે નાશ પામે!

એને મૃત્યુ પામવું હતું માત્ર શી રીતે મૃત્યુ પામવું, એની એને ખબર પડતી ન હતી. ભગવાન ચૈતન્ય પાસેથી એમને જાણવું હતું કે મૃત્યુને શી રીતે ભેટવું? કઈ રીત ઓછામાં ઓછી દોષપાત્ર છે?

એવું શું બન્યું હતું કે એક વખતનો મહાન રાજઅધિકારી મૃત્યુ ઇચ્છી રહ્યો હતો? એવી શી વાત બની હતી કે એને જીવન અકારું લાગતું હતું?

પ્રાંતના આ મહાન સૂત્રેદાર સુબુદ્ધિરાય પાસે એક વખત એક નોકર હતો. તેનું નામ સૈયદ હુસેનખાન. શાંત, ઓછાબોલો, નરમ પ્રકૃતિનો, પણ આગ્રહી ને ઉદ્યોગી. એક વખત હુસેનખાને કાંઈક ભૂલ કરી નાખી. સુબુદ્ધિરાયને ક્રોધ વ્યાપી ગયો. ક્રોધમાં ને ક્રોધમાં એણે એને કોરડાનો માર મરાવ્યો. એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંસા ઉપર ચિરસ્થાયી ડાઘા પડી ગયા—એવી સખત સજા એને કરવામાં આવી. પછીથી એ વાત તો ભુલાઈ પણ ગઈ.

પણ સમય કેવો ક્રૂર છે? કેવો તરંગી અને વળી રમતિયાળ પણ છે?

કોઈક વખત તો એ એવું રમે છે કે, એની એ રમ્મત જોઈને મોટા મોટા તત્ત્વજ્ઞો પણ, વિચારમાં પડી જાય છે!

સુબુદ્ધિરાયને પણ એણે એવી જ રમ્મત બતાવી. એક પલટો આવ્યો. થોડો સમય વીતી ગયો, અને આશ્ચર્યનું આશ્ચર્ય થયું!

આ હુસેન સૂબેદાર હતો. સુબુદ્ધિરાય અરજદાર હતો. એની પાસે એ નોકરી માટે આવ્યો હતો.

ઉદાર દિલ અને સુગંધી ફૂલ એ બન્ને સરખાં છે. એ પોતાને ત્યાં કેવળ મધુરતા જ સંઘરે છે!

હુસેન આ વખતે જ પેલી વાતને ભૂલી ગયો. તેણે સુબુદ્ધિરાયને પોતાને ત્યાં રાખ્યો. એટલું જ નહિ—એને જાળવી લીધો. જાણે કોઈ દિવસ કાંઈ બન્યું જ ન હોય!

પણ દુનિયામાં એકલી ઉદારતા કોઈક ને મૂર્ખાઈ લાગે. એકલી અનુદારતા કોઈકને કર્કશ જણાય. જો હુસેન ઉદાર હતો, તો બેગમનું દિલ વેરની આગથી જલી રહ્યું હતું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ એ જ બામણો હતો, જેણે એક વખત કેવા ભયંકર કોરડા મરાવ્યા હતા!

વાંસામાં હજી એના ડાઘ રહી ગયા હતા. બેગમ હમેશાં હુસેનને ઢંઢોળે — 'આ કાફરને જહાન્નમમાં મોકલી દો. એ ત્યાં હોય — આંહીં નહિ.'

અને હમેશાં હુસેન એ જ શાંત, નરમ, સ્વચ્છ જવાબ વાળે: 'ન્યાય ખુદા તોળે; અહેશાન, માણસ બતાવે!'

પણ બેગમનું દિલ માને નહિ. એને થાય કે આ માણસ તદ્દન બદલા વિના જાય, તો તો પછી બહાદુરી રહી કયાં? તો આ સૂબાગીરીની ઈજ્જત કયાં? તો તો આ સૂબાગીરી મળી ન મળી. આ તક તો હિસાબ પતાવી દેવા માટેની છે.

એટલે એણે એક વખત તો કાંઈક પણ બદલો લેવાનો દુરાગ્રહ જ કર્યો.

હુસેનને કહ્યું કે એ ભલે જીવતો રહે, પણ તો એ ધર્માંતર કરે!

હુસેન જાણતો હતો કે, ધર્માંતર ને મૃત્યુ, એ બન્ને રાયની દૃષ્ટિમાં એક જ વસ્તુ હતી.

છેવટે બેગમના અત્યાગ્રહ ને હઠને લીધે આ દાના માણસે પણ, રાયના મોમાં પોતાના મોમાંથી પાણીનો કોગળો નાખ્યો. ધર્માંતરની આટલી વાત કરી! રાય તો, એ વાત બની અને તરત જ, બધું છોડીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાશીક્ષેત્રે ચાલી નીકળ્યો. એનાં ઘરબાર, ઢોરઢાંખર, માલ સામાન, તમામ એણે તજી દીધાં!

એના દિલમાં જાણે ભડભડ અગ્નિ બળી રહ્યો છે. એને ગંગામૈયામાં જલસમાધિ લેવી છે. એટલા માટે એ કાશી — ક્ષેત્રમાં આવ્યો છે.

એણે અનેક વિદ્વાનોનાં દ્વાર ઉપર આર્તવાણીનો પોકાર કર્યો: 'આનું પ્રાયશ્ચિત્ત — આનું પ્રાયશ્ચિત્ત— કોઈ આનું પ્રાયશ્ચિત્ત કહો!'

પણ વિદ્વાનોને ત્યાં, જલસમાધિ છે, અગ્નિસમાધિ છે. તપ્તકાંચનનો રસ પીવાની વિધિ છે. ઊનું ઘી પીને મરવાની રીતિ છે. પણ બીજી કોઈ જ શાસ્ત્રાજ્ઞા નથી. કયાંય નથી. કોઈની પાસે નથી.

રાય ઠેર ઠેર ફરે છે. મઠે મઠ ફરે છે. એક વિદ્વાન, બીજો વિદ્વાન, એક શાસ્ત્ર, બીજું શાસ્ત્ર કરે છે, પણ કોઈ જ આશ્વાસન આપી શકતું નથી. એટલે એણે હવે જીવનત્યાગ કર્યે જ છૂટકો છે! કોઈ શાસ્ત્રમાં આનું પ્રાયશ્ચિત્ત નથી. કોઈ વિદ્વાનના દિલમાં આનો ઉપાય નથી. કોઈ મઠના દ્વાર પર આનો ઉદ્ધાર નથી.

રાયના કાને, ભગવાન ચૈતન્યનું નામ આવ્યું. અને એ ભગવાન ચૈતન્યને મળવા દોડ્યો.

એની આંખમાંથી શ્રાવણ ભાદરવો વહી રહ્યા છે. એના રોમ રોમમાં અગ્નિ સળગે છે.

તે ભગવાન ચૈતન્ય પાસે ગયો. અને બે હાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝોડીને ઊભો રહ્યો.

ભગવાન ચૈતન્યના મોંમાંથી મધુર અવિરત વાણી આવી રહી છે : 'હરિ બોલો, હરિ' અને એ મધુર નાદના પડઘા ગગનમાંથી પાછા ફરે છે : 'હરિ બોલો, હરિ.'

રાયની વાત સાંભળી ને ભગવાન ચૈતન્ય પોતે જ એને ભેટી પડયા: 'અરે !ભાઈ ! વૃંદાવન જા, વૃંદાવન જા, અને આઠે પહોર હરિનું નામ દે. એક દોષ નહિ રહે, એક કલંક નહિ રહે.' અને 'હરિ બોલો હરિ' ની ધૂન આગળ ચાલી.

રાય તો વૃંદાવન દોડયો ગયો. એને આશાનું એક કિરણ મળ્યું હતું, એને જીવનનો તંતુ મળ્યો હતો.

અને એણે ત્યાં જઈને કઠોર તપ આદર્યું.

મથુરામાં એણે લાકડાંની ભારીઓ વેચવાનું કામ ઉપાડયું. એમાંથી જે કમાણી થાય, તેમાંથી માત્ર એક જ પૈસાના દાળિયા પોતે ખાય, જમનાજીનું પાણી પીએ, અને 'હરિ બોલ'ની ધૂન મચાવે ! કમાણીમાંથી પોતાને માટે વાપરવાનો હમેશનો એક પૈસો !

બીજું બધું વેપારીને ત્યાં જમે !

પોતાના દેશનો કોઈ પણ યાત્રાળુ દેખાય, એટલે રાય દોડે, પોતાના પેલા જમા પૈસા એની સેવા માટે વાપરે !

રાયના એ અજબ જીવનની વાત જે સાંભળે છે, તે છક્ક થઈ જાય છે !

કેવી નિરાશામાંથી જીવનની કેવી સુંદરતા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરસનો જન્મ

વર્ષો પહેલાંની વાત છે. નર્મદાની ખીણોમાં એ વખતે હૈહયવંશની સત્તા ચાલતી હતી. હૈહયરાજને નામે આખો પ્રદેશ ધ્રૂજતો. એની સત્તાને કોઈ બંધન ન હતું. એની શક્તિને કોઈ સીમા ન હતી. એની મહત્ત્વાકાંક્ષાને કોઈ મર્યાદા ન હતી. સમસ્ત માનવ સમાજ એના નામ માત્રથી થરથરતો રહેતો. એણે શસ્ત્રોનું સામ્રાજ્ય સ્થાપી દીધું હતું.

એ વખતે નર્મદાના પ્રદેશમાં એક મહા શિલ્પી રહેતો હતો. એનું નામ આર્ષરાજ.

અને ત્યાં પાસેના જંગલમાં, એક દૃષ્ટા–કવિ રહેતો હતો. એનું નામ અક્ષરરાજ.

બન્નેની વચ્ચે નૈસર્ગિક પ્રીતિ હતી.

અક્ષરરાજ અને આર્ષરાજ ઘણી વખત ત્યાં વાતો કરતા બેસતા.

એક વખત એમની વચ્ચે હૈહયરાજની વાત નીકળી. હૈહયરાજે પોતાની ગજસેનાથી, અશ્વસેનાથી, સંખ્યાતીત પદાતિના બળથી, આસપાસના તમામ રાજાઓને ખંડણી આપતા કર્યા હતા. એમાંનો કોઈ એની સામે માથું ઊંચકી શકે તેમ ન હતો.

રાજાઓને વશ કર્યા પછી, તેણે પોતાના રાજના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષજ્ઞોને પણ વશ કર્યા. કવિઓ, શિલ્પીઓ, જ્ઞાનીઓ, વિદ્વાનો, બધા હૈહયરાજનાં ગાન ગાતા થયા હતા. હૈહયરાજ વિનાનો જાણે કે બીજો કોઈ માણસ જ ત્યાં ન હોય ! જ્યાં જુઓ ત્યાં હૈહયરાજની જ વાતો થતી હોય ! એક માણસે દુનિયાને વશ કરી હતી. અને કરુણતા આ હતી. એ પરવશતા, સત્તાને લીધે આવી હતી, પ્રેમને લીધે નહિ.

કોઈ નાટક ભજવાતું હોય, તો એમાં હૈહયરાજ હોય હોય ને હોય. કોઈ કાવ્ય રચાતું હોય, એમાં હૈહયરાજની પ્રશસ્તિ આવવાની જ. કોઈ ભવ્ય પ્રાસાદ થાય, કોઈ મેરુસમાન કીર્તિસ્તંભ ઊભો થાય, કોઈ મંદિર ઊભું થાય, કોઈ અદ્‌ભુત પ્રતિમા પ્રગટાવે, કોઈ જ્ઞાનકથાઓ કહે—નાટક રચે, બધે જ હૈહયરાજની હાજરી હોય ! હૈહયરાજનું નામ એ બધે જ સ્થળે એક કે બીજી રીતે આવ્યું જ હોય.

એની છાયા વિનાની કોઈ વાત જ ન હોય. યજ્ઞયાગ થાય, સમાજ થાય, માનવનો ઉત્સવ રંગ હોય, હૈહયરાજના નામની બધે જ યશગાથા ગવાતી હોય.

એક માણસના શસ્ત્રસજ્જ્યા વ્યક્તિત્વે અનેકને નાના અને નિર્માલ્ય બનાવી દીધા હતા. પ્રતિભાવંતમાં પ્રતિભાવંત સર્જક પણ, હૈહયરાજના ગુણગાન વિના, પોતાની શક્તિને માટે પ્રજામાં આદર મેળવી શકે એ વાત જ જાણે અશક્ય બની ગઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધે જ હૈહયરાજ હતા ! અને હૈહયરાજ મહાન હતા !

માત્ર આ બીણુના આ એક નાનકડા ખૂણામાં બે માનવ બેઠા હતા, જેમને મન હૈહયરાજની સત્તાનો કાંઈ જ હિસાબ ન હતો.

એક હતો શિલ્પી આર્યરાજ. બીજો હતો ક્રાન્ત-દર્શી કવિ અક્ષરરાજ.

પણ એ બે હૈહયરાજને ગણે કે ન ગણે તેથી શું ફેર પડવાનો હતો ?

હા, એક વસ્તુ હતી. એ બન્ને જો કોઈ એવી અદ્‌ભુત રચના ઊભી કરે, કે જે રચનામાં હૈહયરાજનું નામનિશાન ન હોય, અને છતાં એની કલા ભલભલાનાં દિલ ડોલાવી દે– એવી જો કોઈ અદ્‌ભુત કૃતિ ઊભી થાય, તો હૈહયરાજના શસ્ત્રનો મદ ઉતરે !

દુનિયામાં શસ્ત્રનો મદ ઉતારવા માટે, જ્યારે જ્યારે શસ્ત્રો દોડ્યાં છે, ત્યારે ત્યારે એ મદ કોઈ દિવસ ઉતર્યો નથી. થોડું શસ્ત્રઘર્ષણ થયું છે. પણ છેવટે તો એમાંથી વૈરની પરંપરા જન્મી છે ! શસ્ત્રોનો મદ શસ્ત્રોથી ઊતર્યો નથી. અને ઊતરવાનો નથી. એ મદ ઉતારનાર માત્રા જુદી જ માટીમાં વસે છે

સર્જકશ્રેષ્ઠોની બેપરવા ભરી અકિંચનતાની પાસે જ આ મદ ઊતરી ગયો છે ! એક વખત નહિ — અનેક વખત !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે આ બન્ને સર્જકશ્રેષ્ઠોને એક એવી કૃતિ ઊભી કરવી હતી, જે અમર હોય, જે કલાના શ્રેષ્ઠ નમૂના જેવી હોય, જે જમાનાની સર્જકશ્રેષ્ઠકૃતિ હોય, અને છતાં જેમાં હૈહયરાજનું નામ નિશાન પણ ન હોય !

આ એક જ રસ્તો, હૈહયરાજના મદને ઉતારી નાખવાનો હતો. અભિમાનીમાં અભિમાનીનું મોટામાં મોટું બલહીનપણું એ છે કે — એને સૌથી વધારે પ્રિય વસ્તુ કીર્તિની માલા છે !

પણ આ કલાસ્વામીઓને એક ચિંતા હતી. કવિરાજ અક્ષયરાજના દિલમાં એક મહાસ્વપ્ન તો જન્મ્યું હતું. દિલમાં શબ્દો આવ્યા હતા. સ્વરો જન્મતા હતા. વસ્તુ આકાર લેતી હતી. ઘણી સુંદર કૃતિ હતી. અકિંચનમાં અકિંચન એક કવિએ મોટામાં મોટા સમ્રાટને એક વાત સંભળાવી. અને સમ્રાટ્ દિંગ થઈ ગયો. એને મન થઈ આવ્યું કે કવિ મને આમાં ગૂંથે. પણ કવિએ કહ્યું: "મને મળેલી શબ્દની ઈશ્વરી સિદ્ધિ, એ કોઈને જાણતી નથી. કોઈ ને ઓળખતી નથી. એ તો બે જ વાત જાણે છે. એ બે વાતને જ સમજે છે.

'એક ત્યાગને. બીજા દિલદરિયાવને. કાં જે તજી દે તેને. કાં જે આપી દે તેને. બીજા કોઈ ને એ જાણતી નથી. તમે જ્યારે એ બેમાંથી કોઈ એકમાં હશો, ત્યારે અને માત્ર ત્યારે જ, મારી કવિતાની વીણાનો ઝંકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની મેળે, મારા દિલના દિલમાં ઊભો થશે !

'અત્યારે તો તમે એ ઊભો કરાવવા ધારો તો પણ ઊભો થાય નહિ. હું ઊભો કરવા ધારું તો પણ એ આવે નહિ.

'જે દાસી થવા જન્મી નથી, તે મારી દાસી શી રીતે બને ? એ તો જ્યારે આવે છે, ત્યારે સ્વામિનીના વૈભવથી આવે છે રાજન ! માટે સિધાવો. સિદ્ધિને ઉપાસો. એને મેળવો. અને પછી તમારે કહેવા આવવું નહિ પડે. મારે દોડવાનું હશે. જે જે તેજસ્વી છે, જે જે પ્રકાશમય છે, તે તે દુનિયાને આપવા માટે તો હું આવ્યો છું. પણ માત્ર તે જ આપવાની મને આજ્ઞા છે — અને બીજું કાંઈ જ ન આપવાનો આદેશ છે. સિધાવો, રાજન્ ! સિધાવો."

અક્ષરરાજનું આ કાવ્ય તો જન્મ્યું, પણ એ કાવ્યને અમર કોણ કરે ?

આ કાવ્યમાં તો યુગયુગનો સંદેશો હતો. એ સંદેશો હમેશને માટે રહી જાય, તો આજ જેમ એ હૈહયરાજનો મદ ઉતારે છે, તેમ ભવિષ્યમાં ભવિષ્યના હૈહયરાજોના મદને ઉતારે.

એ કાવ્યની શબ્દશક્તિને શામાં ઢાળવી કે જેથી એ યુગોના યુગો રહે: અને જ્યારે જુઓ ત્યારે એનો સંદેશો કહેતી જ રહે !

શિલ્પી આર્ષરાજ પાસે પથ્થર હતો. કવિ પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દો હતા. શબ્દોને પથ્થરના કંડારણુમાં આકૃતિઓ દ્વારા અમર કરવાના હતા. કવિને એ વાત ગમી ગઈ.

પણ શિલ્પી આર્ષરાજનું મન માને નહિ. એને પથ્થરનો સંદેશો નબળો લાગે. એને કોઈક એવું સાધન જોઈતું હતું, જે કુદરતને પણ જીતવાનું બળ ધરાવતું હોય. એની નજર કંચન ઉપર ગઈ. ધાતુની પ્રતિમામાં આ કાવ્યને ઢાળવાની કલા સિદ્ધહસ્ત કરવા કરવા તરફ એનું મન ગયું.

પણ એક વખત એ નર્મદા કિનારે ફરતો હતો, અને એને આરસ જડ્યો. એ આરસ ઉપર ઘેર આવીને એણે થોડું કંકારણ કર્યું. અને એનો આત્મા ડોલી ગયો!

આ આરસ જ કવિતાને સંગ્રહવાની શક્તિ ધરાવતો હતો.

એ તાપ, ટાઢ, વરસાદ, પવન, વાવાઝોડામાં અચળ ઊભા રહેવાની શક્તિ ધરાવતો હતો.

આરસની એ શોધ થઈ, અને ત્યારથી દુનિયામાં કવિતાનાં ફૂલ અમર થયાં!

ત્યારથી આધ્યાત્મિક સૃષ્ટિના વૈભવને દુનિયા માટે મૂકવાનું શક્ય બન્યું. એ આરસ પછી આરસ ન રહ્યો. એ આધ્યાત્મિક વારસો ધરાવનારો બન્યો.

આરસને આત્મા મળ્યો. અને આત્માને આરસ મળ્યો. દુનિયાને આધ્યાત્મિક વૈભવ મળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ભિખ્ખુસંઘ !

ભગવાન તથાગતને એકવાર કપિલવસ્તુમાં લાવવા માટે રાજા શુદ્ધોદનનું દિલ અતિશય આતુર બની ગયું.

'એક વખત જો મારો પુત્ર કપિલવસ્તુમાં આવે, એક વખત જો એ કપિલવસ્તુ જુએ, એક વખત જો એની નગરીમાં એ વિહરે !' એવા એવા મનોછંદમાં એનું હૃદય આખો દિવસ તલ્લીન બની ગયું છે. 'એક વખત જો કપિલવસ્તુમાં આવે' એના દિલમાં એ વાતની લગની લાગી ગઈ છે એને બીજું કોઈ કામ ગમતું નથી. બીજી કોઈ વાતમાં એનું મન નથી. બીજી કોઈ એને ધૂન નથી.

રાજકર્મચારીઓ હાથ જોડીને આજ્ઞા લેવા બડે પગે ઊભા હોય છે, પણ રાજાનું તો 'એક વખત જો મારો પુત્ર કપિલવસ્તુમાં આવે' એ વાત સિવાય બીજી કોઈ વાતમાં લક્ષ જ નથી !'

આખી કપિલવસ્તુ નગરી પણ ચિંતામાં પડી ગઈ. ઘેર ઘેર એ જ વાત ચાલે છે. રાજાને કયાંય આરામ નથી, સૂતાં, બેસતાં ઊઠતાં, આનંદ કરતાં, ભોજન કરતાં, સંથાગારમાં જતાં, એના મોંમાં આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક અખંડ માળા ચાલી રહી છે.

'એક વખત જો મારો પુત્ર કપિલવસ્તુમાં આવે!'

છેવટે એક અમાત્ય આગળ આવ્યો. તેણે રાજાની આજ્ઞા લીધી. રાજાનો પત્ર લીધો. એ ભગવાન તથાગતને કપિલવસ્તુમાં લાવવા માટે ઊપડયો.

એ રાજગૃહમાં આવ્યો. રાજગૃહ અને કપિલવસ્તુ વચ્ચે સાઠ યોજનનું અંતર હતું. એ ધીમે ધીમે આવ્યો હતો, પણ રસ્તાનો થાક એવો લાગ્યો હતો કે એનાથી શરીર આમ કે તેમ થતું ન હતું.

રાજગૃહમાં વેણુવનમાં એ વખતે ભગવાન તથાગતનો નિવાસ હતો.

તે આવીને ત્યાં પરિષદ્‌માં ઊભો રહ્યો. કોઈ સુંદર વનોપવનમાં તેજછાયાની રૂપ ગૂંથણીથી અત્યંત આકર્ષક એવું શાંત, સુંદર, રૂમઝુમ રૂમઝુમ, ધીમું ધીમું મનોહર ઝરણું ચાલ્યું આવે તેવી, ભગવાન તથાગતની બોધવાણી ચાલી આવતી હતી!

એ એક ખૂણામાં શાંત ઊભો રહી ગયો હતો. પરંતુ ત્યાં પણ ભગવાન તથાગતનો શબ્દે શબ્દ, અને અક્ષરે અક્ષર, એટલું મધુરું રૂપ લઈ ને આવતો હતો કે, અમાત્યને જીવનમાં આ પહેલી જ વખત ખબર પડી કે, વાણીમાં આટલી બધી રૂપભરી રસમધુરતા રહે છે! નથી વાણીમાં થડકો, નથી ભાર, નથી આગ્રહ, નથી તેજસ્વિતા — નથી લેશ કર્કશતા, નથી ઊંચા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચાપણું, નથી પડકાર, નથી ભય, નથી અસ્પષ્ટતા, નથી ધીમાપણું, — એક, શાંત, મધુર, કર્ણપ્રિય નિનાદ કરતું જેમ ઝરણ વહ્યું આવે, તેમ વાણી ચાલી આવે છે!

પરિષદ આખી શાંત બની ગઈ છે. એક એક શબ્દમાં એક એક ચિત્ર બેઠું છે. પરિષદ જાણે શબ્દો સાંભળતી નથી — ચિત્રાવલિ જુએ છે. અને એક એક દિલમાં, એક એક મનોગત રંગત ઊઠે છે. બધા રંગોનો રંગ, કાષાય રંગ, દરેક મનને એવો આકર્ષક અને અદ્‌ભુત જણાય છે કે આખી પરિષદ ભિક્ષુસંઘમાં ફેરવાઈ જાય તો નવાઈ નહિ એવું લાગે છે. એવી સુંદર ભગવાન તથાગતની વાણી છે.

અને જ્યારે એ વાણીના પડઘા ઉપરતિ પામતા, આસપાસની ડુંગરમાળાઓમાં રમવા જતા હતા, ત્યાં જ પેલો અમાત્ય, ભિક્ષુ બનવા માટે આગળ આવ્યો. એ કપિલવસ્તુને ભૂલી ગયો. રાજાનો સંદેશો પણ ભૂલી ગયો. અને પોતે કયાં છે, કોણ છે, એ વાત પણ ભૂલી ગયો!

એને તો એક જ વાત હૃદયમાં બેસી ગઈ. આ દુનિયામાં જે ભિક્ષુ છે, તે જ માત્ર શોકથી પર છે!

એ ભિક્ષુ થઈ ને ત્યાં રહી ગયો. રાજા શુદ્ધોદન હમેશાં અમાત્યના પાછા આવવાની રાહ જુએ છે. મુસાફરોને પૂછે છે, કોઈ ભિક્ષુસંઘ રસ્તામાં આવી રહ્યો હોય તો — પણ, નથી કોઈ સમાચાર મળતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી સંદેશો મળતો, નથી પોતાનો અમાત્ય પણ પાછો આવતો !

રાજા તો નિરાશ થઈ ગયો. એની એ દિલગીરી જોઈને વળી એક બીજો અમાત્ય આગળ આવ્યો : 'મહારાજ ! પત્ર સંદેશો આપો. હું જાઉં. હું ભગવાન તથાગતને આંહીં નિમંત્રી લાવું !'

રાજાની પાસેથી સંદેશો લઈને એ રાજગૃહ નગરી ગયો.

પણ જેમ પેલા અમાત્યને ભગવાન તથાગતની વાણી સ્પર્શી ગઈ હતી, તેમ જ આને પણ સ્પર્શી ગઈ. એ પણ ત્યાં રહી ગયો. ભિક્ષુસંઘમાં ભળી ગયો.

રાજા શુદ્ધોદન તો રાહ જોઈને થાકયો એટલે એણે ત્રીજા અમાત્યને મોકલ્યો. પણ એની એ જ વાત બની !

બીજા પણ અનેક તે પછી સંદેશો લઈને ગયા. પણ જે જઈને ભગવાન તથાગત પાસે ઊભો, તે ભિક્ષુસંઘમાં ભળી ગયો !

કપિલવસ્તુમાં તો ઘેરઘેર વાત ચાલી. રાજા શુદ્ધોદનની, પુત્રને કપિલવસ્તુમાં એક વખત ફરીને જોવાની, ઇચ્છા પ્રબળ થતી ગઈ. પણ કોઈ ભગવાન તથાગતને આંહીં લાવે તેવો માણસ એની નજરે ચડતો નથી.

છેવટે એની નજર, ભગવાન તથાગત — જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકુમાર સિદ્ધાર્થ હતા — ત્યારે, જે એનો લંગોટિયો ભાઈબંધ હતો, તેના ઉપર ઠરી, એનું નામ ઉદાયી.

ઉદાયીને એણે કહ્યું: 'ભાઈ! તું જા, તો મારો પુત્ર કપિલવસ્તુમાં એક વખત આવે!'

ઉદાયીએ વિચાર કર્યો કે મારા કરતાં ઘણા વધારે શક્તિવાળા ને બુદ્ધિવાળા અમાત્યો ત્યાં ગયા હતા, પણ એ બધા જ ત્યાં રહી ગયા છે. એનું કાંઈક કારણ હોવું જોઈએ. તથાગતની વાણીમાં એવી અનોખી મધુરતા વસે છે કે, માણસને દુનિયામાં હવાની પેઠે ફેલાઈ જવાનું મન થાય. એક જગ્યાનો એનો મોહ છૂટી જાય. ભિક્ખુ પંથનો એ ઉપાસક બની જાય. સંગ્રહની ભયંકરતા, સેંકડો ને હજારો ભિક્ખુઓ થયા વિના, જાણે જશે જ નહિ, એવું એક પરમસત્ય પોતે પ્રત્યક્ષ જોતો હોય તેમ, એ પણ પોતાના દિલમાં, કાષાય વસ્ત્રધારીઓનો, શાંત નિર્મોહી એક મહાસંઘ જોઈ રહ્યો!

પોતે એમાંનો એક હોય, એમ એ પોતાના દિલમાં અનુભવી રહ્યો. એણે બે હાથ જોડીને રાજા શુદ્ધોદનને કહ્યું: 'મહારાજ! હું જાઉં. અને ભગવાન તથાગતને આંહીં લાવું — પણ એક શરતે.'

'શી? શી શરત છે બોલ!'

'મને પ્રવ્રજ્યાની અનુજ્ઞા તમારે આપવી જોઈએ. હું ભગવાનના ભિક્ખુ સંઘમાં પાછો આંહીં આવીશ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભલે, તેમ તો તેમ — પણ એક વખત તું મારા પુત્રને, કપિલવસ્તુમાં પાછો લાવી દે!'

ઉદાયીએ બે હાથ જોડ્યા: 'મહારાજ! હવે આવનાર તમારો પુત્ર નહિ હોય. એ તો દુનિયાનો એક એવો મહાન ભિક્ખુ હશે કે, એની નજર જ્યાં જ્યાં પડશે, ત્યાં ત્યાંથી પૃથ્વીનાં જાણે રાગ અને અશાંતિ ઊડી જશે. એ આખી પૃથ્વીને જાણે કાષાય રંગથી રંગી દેશે. સંગ્રહવૃત્તિને નામૂલ કરવાનો, આ એક જ શસ્ત્રહીન મહાન માર્ગ છે. ભિક્ખુ સંઘનો. એટલે હું જાઉં છું મહારાજ! પણ નગરી કપિલવસ્તુને હું કાષાયવસ્ત્રધારી જોઈ રહ્યો છું!'

પ્રણામ કરીને ઉદાયી, ભગવાન તથાગતને કપિલવસ્તુમાં લાવવા માટે ચાલી નીકળ્યો.

[૨]

'જય હો ભગવાન તથાગતનો! રાજગૃહ નગરીના નાગરિકો હો! ભગવાન તથાગતના નામે...'

રાજગૃહ નગરીની શેરીએ શેરીમાં, ભિક્ખુ ઉદાયીનો બુલંદ, મધુર રણકાર જગવતો અવાજ કાને પડે છે, ને લોકનાં ટોળેટોળાં એને જોવા મળે છે. એના અવાજમાં કોઈ ઉત્તમમાં ઉત્તમ ગાયકની પાસે હોય તેવી, અજબ કંઠમોહિની બેઠી છે. બીજાના કંઠથી એના કંઠનો રણકો જ જુદો પડી જાય છે. શું એ રણકામાંથી પડઘા ઊપડે છે? જાણે ડુંગરમાળા બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભગવાન તથાગતના નામે, ભગવાન બુદ્ધના નામે, નગરજનો હો!' એવો એનો સુંદર રણકાર જગવતો અવાજ હમેશનો હમેશ સાંભળવા માટે, લોકો લાંબી ડોકે રાહ જોતા, ભવન ભવનના ગવાક્ષમાં ને છજ્જામાં ઊભા રહી જાય છે! ભિક્ખુ ઉદાયીએ, ભિક્ષા સંપાદનમાં એક જુદી જ હવા ઊભી કરી દીધી છે. લોકો માટે એ અવાજની મીઠાશ જાણે જરૂરી બની રહી છે.

ઉદાયી કપિલવસ્તુથી રાજગૃહ નગરીમાં આવ્યો. બુદ્ધવાણી સાંભળી. ડોલી ઊઠ્યો. એણે પણ ભિક્ખુ સંઘનું શરણું લીધું.

પણ એના દિલમાં રાજા શુદ્ધોદનને આપેલું વચન હજી બેઠું હતું. ભગવાન તથાગતને કપિલવસ્તુ લઈ જવા માટે એ આંહીં આવ્યો હતો. રાજા શુદ્ધોદનને એ વચન આપીને આવ્યો હતો. ભિક્ખુ થયા છતાં, એના દિલમાંથી આ વચન ઋણ હજી ગયું ન હતું.

પણ ભગવાનને શી રીતે કપિલવસ્તુને પંથે લઈ જવા? આંહીં તો ભગવાન તથાગતને, પોતાને ત્યાં લઈ જવા માટે, વૈશાલીથી, કૌશામ્બીથી, કોશલદેશથી, વત્સદેશથી, ચંપાનગરીથી, અરે છેક ઉજ્જેન અવંતીથી, રાજપુરુષો, રાજઅધિકારીઓ, શ્રેષ્ઠીઓ મહાઅમાત્યો, એમની કતારની કતાર હમેશની હમેશ લાગી રહી હતી. પણ ભગવાને કોઈ ને હા ભણી નથી. હજી તો એ રાજગૃહ નગરીમાં પોતાની વાણી રેલાવી રહ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ બીજે પંથે ભગવાનનું ચંક્રમણ શરૂ થઈ જાય તે પહેલાં, ભિક્ખુ ઉદાયી પોતાની વિજ્ઞપ્તિ મૂકી દેવા માગતો હતો.

એના ભિક્ખુદિલને પણ આ ઋણનો ભાર હવે લાગતો હતો. એને નિઃસંગને, અ-સંગ્રહીને, અ-રાગીને આટલી પણ મન માયા વાણીનો ભાર શા માટે જોઈએ? જો એ ભાર મનમાંથી કાઢી જ નાખે છે, તો વચન-ભંગનો મહાદોષ એને આંગણે આવે છે. જો નથી કાઢતો, તો એના નિત્ય વિકાસી જીવનમાં એ એક મોટો અવરોધ ઊભો કરે છે!

પણ ભગવાનને વિજ્ઞપ્તિ શી રીતે કરવી? વિજ્ઞપ્તિ કરી ને અફળ ગઈ, તો એના દિલનો રંજ વધી જવાનો. એના નિઃસંગ ભિક્ખુવસ્ત્રને ડાઘ બેસી જવાનો. એટલે ભિક્ખુ ઉદાયી એવો માર્ગ શોધે છે, જે માર્ગ એને ભગવાન તથાગતની પાસે કેમ વિજ્ઞપ્તિ મૂકવી, એનો પ્રકાશ આપે!

અને એક દિવસ ભિક્ખુ ઉદાયીને એ પ્રકાશ અચાનક મળી ગયો.

એનો બુલંદ મધુર ટંકારરંકાર જગવતો ભિક્ષા-શબ્દ 'નગરજનો હો! ભગવાન તથાગતના નામે...' એ રાજગૃહ નગરીમાં પડયો ન પડયો, અને એણે ગવાક્ષે ગવાક્ષે અનેક ચહેરા ઊભરાતા જોયા!

એના દિલમાં એક પળભર — એક ક્ષણમાત્ર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાબળવાન 'અહમ્' નો એક ધનુષ ટંકારવ સમો ટંકારવ જાગી ગયો. 'આ મોહિની મારા કંઠની! . . . .' અને નિઃસંગને ભજનાર ભિખ્ખુના દિલમાં તરત જ બીજો વિચાર આવી ગયો. 'આ હા! સેંકડો માયાથી પણ બળવાન, એવો એક સંગ હજી દિલમાંથી જાગે છે, આજે તો એ રંગને જ, ભગવાન તથાગતને ચરણે રેલીને, પછી હમેશને માટે નિઃસંગની સાચી ઉપાસના શરૂ કરી દેવી ઘટે છે. ભિખ્ખુવાણીનો રણકો સાંભળીને કોઈ ગવાક્ષે આવે, કોઈ ઓલે, કોઈ રાહ જુએ. . . . એ પણ એક સંગ. નિઃસંગને એ પણ ન જોઈએ. પોતાને જેમ પોતાના ઉપર મોહ નહિ, તેમ પોતાના ઉપર કોઈને મોહ નહિ. નિઃસંગને આટલું પણ ન જોઈએ.

એટલે ભિખ્ખુ ઉદાયી ભિક્ષાટનથી પાછા ફરતાં પણ આ વિચાર ઉપર જ કેન્દ્રિત બની ગયો છે.

પોતાની છેલ્લામાં છેલ્લી નબળાઈ — કંઠનો રણકાર — એ પણ આજે ભગવાન તથાગતના ચરણે મૂકી દેવાનો બળવાન સંકલ્પ ઘડતો ઘડતો, એ રસ્તે ચાલી રહ્યો છે.

એટલામાં એની દૃષ્ટિ આસપાસની ધરતી ઉપર પડી વસંતની પહેલી પગલીની ખુશનુમા હવા બધે રેલાઈ રહી હતી. હવામાં ઠંડી ન હતી. ગરમી પણ ન હતી. જાણે માનવ શરીર અને હવા બન્ને એક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાંને ભેટીને આનંદ માણી રહ્યાં હતાં, એવી સમશી-તોષ્ણ રસસંજીવિની આવી ગઈ હતી !

હવા ખુશનુમા હતી. ધરતી શિયાળુ પાક કપાઈ જવાથી, રૂપાળી બની ગઈ હતી. રસ્તા ચોખ્ખા હતા. પંખીઓએ ગાન રેલાવવાં શરૂ કર્યાં હતાં. વૃક્ષોએ, વેલીઓને અને વેલીઓએ વૃક્ષોને, નવજીવનનો સંદેશો આપવા માટે નાનાં કુમળાં અજબરંગી પર્ણો ઉપર જાણે કે ગાથાઓ મોકલવા માંડી હતી.

ભિક્ષુ ઉદાયી આ બધું જોતો વેણુવનને માર્ગે ચાલી રહ્યો હતો. અને પંખીઓના મધુર કલરવની કવિતારેલી રસસૃષ્ટિ અંતરમાં અનુભવી રહ્યો હતો. ત્યાં જ અચાનક એના દિલમાંથી એક ગાથા જન્મી.

અને એ એક ગાથાનો જન્મ થતાં, તો જાણે બીજી આવી. પછી ત્રીજી આવી. ચોથી, પાચમી, છઠ્ઠી, ગાથાઓ ઉપર ગાથાઓ, કવિતા પંક્તિ ઉપર કવિતા, આવતી જ ગઈ !

ઉદાયી ભિક્ષુના દિલસાગરમાં એક નહિ, બે નહિ, પાંચ પચીસ નહિ, સાઠ સાઠ ગાથાઓની તરંગાવલિ ઊભી થવા માંડી !

શું એ ગાથાઓમાં અચાનક જ ધરતીના શણગારનું, હરિયાળાં ખેતરો વચ્ચે ચાલ્યા જતા માર્ગોનું, પંખીઓના ગાનનું, વૃક્ષપર્ણોનું, વેલીઓની કવિતા-પંક્તિ સમી, ઝીણી, રંગીન, સુંદર પાંદડીઓમાં ડોલતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાની ફૂલકળીઓનું વર્ણન હતું, કે સાંભળનારો એ સાંભળે અને આ ઋતુમાં મુસાફરી કરવાના મહા આનંદથી જાણે પુલકિત બની રહે !

એને તરત જ મુસાફરીને પંથે પડવાનું મન થઈ જાય !

ભિક્ખુ ઉદ્દાયીનું દિલ આનંદથી ભર્યું ભર્યું બની ગયું હતું. તેના દિલમાંથી ગાથાઓ આવતી હતી.

આ સાઠ ગાથાઓ દ્વારા એણે પોતાના કંઠ-રણકાને, ભગવાન તથાગતના ચરણે ધરી દઈ ને, નિઃસંગ બની જવાનો નિશ્ચય કર્યો હતો. એ આનંદ તો ત્યાં હતો જ, પણ એથી વધુ મોટો આનંદ તો, એ હતો કે, રાજા શુદ્ધોદનને આપેલું વચન પણ એ પાળી રહ્યો હતો !

આ ગાથાઓ દ્વારા જ, હવે એ ભગવાન તથાગતને કપિલવસ્તુ તરફના પ્રવાસની વિજ્ઞપ્તિ કરવાનો હતો !

ભગવાન તથાગત ચંક્રમણ કરી રહ્યા હતા, એટલામાં એક ગાથા કાને આવી.

ભગવાન જરાક જ અટકીને આગળ વધ્યા. પણ ત્યાં બીજી ગાથા સંભળાણી, અને તરત ત્રીજી, અને ચોથી.

ભિક્ખુના દિલમાં ગાથાઓની આનંદસરિતા રેલાઈ રહી હતી, એ જોઈને ભગવાન ત્યાં જરાક વધારે થોભી ગયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાઠે સાઠ ગાથાને ઉદાયી આનંદભેર એક પછી એક બોલતો રહ્યો; ભગવાન એ સાંભળતા રહ્યા.

અચાનક મળેલા આ નવા પ્રકાશે ઉદાયીના દિલને આનંદથી ભરી દીધું હતું!

બીજા દિવસના પ્રભાત સમયે, ભગવાન તથાગત ચંક્રમણ કરતા હતા, ત્યાં ફરીને એમને કાને ભિક્ખુ ઉદાયીની એક ગાથા સંભળાણી!

ભિક્ખુ ઉદાયી કુદરતને જોઈને નિર્દોષ તાનમાં આવી ગયો લાગે છે, એવા સહજ વિચારે, ભગવાનના ચહેરા ઉપર જરાક સ્મિત ફરકયું ન ફરકયું, ત્યાં બીજી ગાથા કાને આવી.

ભગવાન સહેજ અટકીને જરા આગળ વધ્યા ત્યાં ત્રીજી સંભળાણી.

ભિક્ખુના દિલમાં ગાથાઓની સરિતા રેલાઈ રહી હતી. ભગવાન ત્યાં જરા થોભી ગયા. આજ પણ સાઠેસાઠ ગાથાઓને ઉદાયી આનંદભેર એક પછી એક બોલતો રહ્યો. ભગવાન સાંભળતા રહ્યા.

પછી ભગવાન તથાગતે ભિક્ખુ ઉદાયીને પોતાની પાસે બોલાવ્યો.

'ભણે ભિક્ખુ! કાંઈ બન્યું છે? તારા દિલમાં આ યાત્રા મહિમાની ગાથાઓ કેમ સ્ફુરી આવી છે? રાજગૃહ નગરીમાં કાંઈ બન્યું છે?'

ઉદાયીના દિલમાં આનંદ આનંદ વ્યાપી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા શુદ્ધોદનની વિજ્ઞપ્તિ મૂકવાની આ તક હતી. તેણે બે હાથ જોડીને કહ્યું: 'ભન્તે ભગવાન! નગરી કપિલવસ્તુ ભગવાનના ચરણ નિહાળવા ઉત્સુક બની રહી છે. રાજા શુદ્ધોદન ભગવાનને નિહાળવા અધીર બની રહ્યા છે. આ સમય યાત્રાનો સર્વોત્તમ સમય છે. એટલે આ ગાથાઓ મારા દિલમાં સ્ફુરી રહી છે. ભગવાન કપિલવસ્તુ નગરીની વિજ્ઞપ્તિને સ્વીકારે!'

ભગવાન તથાગત એક પળભર શાંત રહ્યા. પછી એમણે ધીરી મધુર નિઃસંગ વાણીમાં કહ્યું: 'ઉદાયી! તારી ઇચ્છા પ્રમાણે હો! તથાગત કપિલવસ્તુ જવા માટે નીકળશે, ભિક્ખુસંઘને તૈયાર થવાનો ઘોષ આપો!'

ઉદાયી ભિક્ખુએ નતમસ્તકે શાંત રહીને ભગવાન તથાગતની આજ્ઞા ગ્રહણ કરી. અને એ નમનમાં જ એણે પોતાના કંઠરવનો અહમસંગ પણ ત્યાં ભગવાનને ચરણે ધરી દીધો!

ø

બીજે દિવસે રાજગૃહ નગરીમાં ભિક્ખુ ઉદાયીનો ભિક્ષાટન સાદ સંભળાયો — 'નગરજનો હો!' પણ એ શાંત — એકદમ શાંત, સામાન્ય અવાજના રણકાથી લોકો ચોંકી ગયા. એમાં હવે કંઠનું જરા જેટલું પણ પહેલાંનું માધુર્ય રેલાતું નથી. જાણે કે ભિક્ખુનો કંઠ જ ફરી ગયો છે! બીજા થોડા દિવસો, અને એનો રણકો અદૃશ્ય થઈ ગયો. એનો અહમસંગ પણ અદૃશ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ગયેા.

પછી ભગવાન તથાગતે એક દિવસ ભિક્ખુ ઉદ્દાયીને પેાતાની પાસે બેાલાવ્યેા :

ભિક્ખુ ઉદ્દાયી મનના દરેકે દરેક ખૂણામાં નિ:સંગી થઈ ગયેા હતેા

અને પછી એક દિવસ એ ભગવાનની સાથે કપિલવસ્તુ નગરીને પંથે પાછેા ફરી રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રત્ન અને કાંકરા !

મોગલ શહેનશાહીનાં તમામ રત્નો તે દિવસે ઝાંખાં પડી ગયાં. એમની આંખમાં આંસુ ઊભરાયાં. એમણે વૈભવની ટોચ જોઈ હતી. આજે ભિખારીમાં ભિખારીના કંગાલ દિલની ખીણ દીઠી !

વૈભવ ભરેલા મયૂરની કળાનાં રત્નોને તે દિવસે રડવું આવ્યું. કોહિનૂરના દિલમાં તે દિવસે શોક જાગ્યો. એકે એક રત્નને તે દિવસે લાગી આવ્યું હશે, કે કાં તો હવે આપણે પાછા કાંકરામાં ફેરવાઈ જઈએ તો સારું, નહિતર કોઈ અંધાર ખીણમાં ખોવાઈ જઈએ તો સારું !

કારણ કે રત્નોને પોતાનું અનોખું વ્યક્તિત્વ છે. એની વાત બીજી સમૃદ્ધિ જેવી નથી. સોનારૂપા જેવી નથી. એને માણસ ઉપર મોહ છે. એ કાંઈ સોનાનો ટુકડો નથી કે એને આમ ફંગોળો કે તેમ ફંગોળો, તો કાંઈ લાગે નહિ. એ તો રત્ન છે. એનામાં દિલ છે. માણસ સાથે એને પ્રીત જાગે છે, એને પોતાનું ગૌરવ છે. ગૌરવહીન બનવું એને મૃત્યુથી પણ અકારું લાગે છે. રત્નની, બીજા વૈભવથી જુદી પડનારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ખૂબી છે. એટલે જ શાપિત હીરાઓની જેમ ભાગ્યશાળી રત્નોની વાત વારંવાર સાંભળવા મળે છે. મોગલાઈ જમાનાના મૂલ્યવાન રત્નોને લાગ્યું હશે કે હવે આ નગરીમાં શહેનશાહી ગૌરવ નથી. હવે એ શૂરવીરો અને સુંદરીઓ નથી. હવે એ દિવસો નથી. હવે એ કાંકરામાં ફેરવાઈ જાય તો સારું !

એ સમયની વાત છે, જે સમયે, મોગલ શહેનશાહીના છેલ્લા દિવસો ચાલી રહ્યા હતા. દિલ્હી નગરી રંકની રંક તો, નાદિરશાહ એને લૂંટી ગયો ત્યારે જ, બની ગઈ હતી. પણ તે છતાં બાદશાહી જમાનાનો મરતો મરતો ચળકાટ હજી પણ એમાં દેખાઈ આવતો હતો. કોઈ રત્ન જેવો માણસ, પ્રસંગે કોઈ એવું વર્તન કરી દેતો, કે એવો સખૂન બોલી દેતો કે, ઘડીભરને માટે લાગે કે ના, હજી તો આ નગરી જીવન્ત છે ! પણ આજે હવે એ નગરીની છેલ્લામાં છેલ્લી — અને છેક છેલ્લી — અંધાર ખીણ દેખાઈ ગઈ !

નગરીમાં ખટપટો હતી. લઘુતા હતી. ક્ષુદ્રતા હતી. ક્ષુલ્લકતા હતી. ભયંકર આપઘાતી પ્રયોગો હતા. નર્તિકાનાં નિર્લજ્જ શાસન હતાં. એકાદ સોનાથાળીનો ટુકડો વેચીને, રોટલો મેળવવાની ભિખારી વૃત્તિ આવી ગઈ હતી. એ બધું હતું, છતાં આશા હતી. જેણે દુનિયાની શૂરવીરતા ને સુંદરતા પોતાનામાં એક વખત સમાવી દીધી હતી, તેમાંથી કોઈ ને કોઈ-કોને ખબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કોણ ?-પણ કોઈ ને કોઈ એવો વિરલો નીકળી આવે તો ના ન કહેવાય! અને પાછી માનવીની રોશની પ્રગટે પણ ખરી ! છેવટે તો બધો આધાર માનવી ઉપર જ છે નાં ?

કોઈ કોઈના દિલમાં, ખૂણેખાંચરે બેઠેલા કોઈક શાહજહાં ઔરંગઝેબના જમાનાના દિલમાં, આવી આશાની સંધ્યાસુરખી રમી રહી હશે, પણ આજે શહેનશાહ અહમદશાહની વાણીની વાત સાંભળી, અને એના વર્તનની કહાણી સાંભળી, અને એ આશાનું છેલ્લું કિરણ પણ લુપ્ત થઈ ગયું !

અંધકારની મધરાત પડી ગઈ છે, એ હવે એમને પણ કાળ નિર્ણયનો બોલ લાગ્યો.

આજે હદ થઈ ગઈ હતી.

ગઈ કાલ સુધી સિંહાસન ઉપર બેસવાનું ગૌરવ ધરાવતા શહેનશાહ અહમદશાહે, પીવા માટે પાણી માગ્યું, અને એ વાત જ્યારે દિલ્હી નગરીમાં ફેલાણી ત્યારે આશાવાદીમાં આશાવાદી દિલ પણ, નિરાશામાં નીચાં ઝૂકી પડ્યાં !

મોગલ શહેનશાહી એવી રીતે આથમતી હતી કે હવે એનો કોઈ નરવીર તેજની એક કણિકાનો પણ વારસો ધરાવતો કયાંય રહ્યો ન હતો !

શહેનશાહ અહમદશાહ દિલ્હીમાંથી ભાગ્યો હતો. એની પાછળ સૈનિકો પડ્યા હતા. નગરીમાં બે પક્ષોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લડાઈ જામી હતી. એક પક્ષે મરાઠા ને થોડા અધિકારીઓ હતા. બીજે પક્ષે જાટ અને બીજા જ અમલદારો. એમ દિલ્હીમાં સત્તા જમાવવાનાં ચક્રો ચાલતાં હતાં. તે વખતે શહેનશાહ અહમદશાહ ભાગી છૂટ્યો.

દિલ્હી નગરીમાં રહેવું મુશ્કેલ હતું. એંશી એંશી હજાર સૈનિકોને બબ્બે વરસના પગાર ચૂકવવાના હતા. એટલે કરોડો! ને હતા નહિ હાથમાં બે ચાર લાખ પણ! અને હવે તો જગતશેઠ કહેવાતા, બંગાળાના નગરશેઠના, દિલ્હીમાં રહેતા પ્રતિનિધિએ પણ, ખાતે માંડીને પૈસા આપવાની ના પાડી દીધી! પૈસા કયાંય હતા નહિ, પગાર ન આવે તો સૈનિકો શહેનશાહને જ કેદ કરે એવી વાત હતી. મહેલને સૈનિકોએ ઘેર્યો અને અહમદશાહ ભાગ્યો!

પણ પછી એ પકડાયો. અને એને દિલ્હીમાં પાછો આણ્યો. બે સત્તાના ચક્ર વચ્ચે એનું નશીબ ઘડાયું.

હમેશને માટે એને અંધારઘેરા કેદખાનામાં ધકેલી દેવા માટે તૈયારી થઈ. એ કેદખાનામાં અનેક શાહજાદાઓ સડતા હતા. એમાંથી જેની જરૂર પડે તે બહાર નીકળતો, શહેનશાહ થતો, અને બધ પૂરો થયે, પાછો કેદખાનામાં ધકેલાઈ જતો! મોગલ શહેનશાતનો છેલ્લો રંગ આવો હતો.

દિલ્હીના સિંહાસનના પણ આ છેલ્લા દિવસો હતા.

છેલ્લા દિવસો તો બધાના આવે છે, અને બધાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે, પણ આજે અહમદશાહે જે વાણી ઉચ્ચારી, એ વાણી સાંભળીને તો મહાલયની પ્રાણહીન ભીંતોનાં મોં પણ શરમથી નીચાં ઢળી પડ્યાં હશે!

એ વાણી હવે માનવખંડેરની પણ રહી ન હતી. માનવખંડેરને પણ કાંઈક ગૌરવ હોય છે!

એ વાણી, છેક અંધાર ખીણમાં પડેલા ક્ષુલ્લકમાં ક્ષુલ્લકની હતી.

કેદખાનામાં જતાં પહેલાં કાકલુદી ભરી વાણીમાં બાદશાહ અહમદશાહ બોલ્યો: 'મને પાણી આપો! પાણી આપો! થોડુંક પીવાનું પાણી તો આપો!'

— અને જ્યારે પાસે પડેલું એક ફૂટેલું ઠીબકું ઉપાડીને, એક સૈનિકે એમાં એને પાણી આપ્યું, અને બાદશાહના બાદશાહે, એ જાણે છેલ્લું વેલું જ પીવાનું મળતું હોય તેમ પેટ ભરીને પીધું – ભિખારીમાં ભિખારીને પણ માનભંગ લાગે તેવી રીતે ઊભા ઊભા, સેંકડો ધિક્કારભરી આંખોની સામે, પાછું આ પણ કદાચ હવે નહિ મળે, એમ પી પી ને ફરી પીધું, ત્યારે એ ગૌરવહીન માનવખંડેરને દેખીને, દિલ્હી નગરીના તમામ મહાલયો રડી પડ્યા. તમામ રહ્યાંસહ્યાં રત્નોની આંખોમાં આંસુ આવી ગયાં!

એ રત્નોના દિલમાં ત્યારે થઈ આવ્યું કે હવે અમને કોઈ કાંકરામાં ફેરવી નાખે તો સારું, જેથી દુનિયા એટલું તો સમજે કે, માણસ મરે છે ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ રત્નો કાંકરા બની જાય છે, તેમ માણસમાં રહેલો માણસ મરે છે, ત્યારે તો કોહિનૂરો પણ કાંકરા થઈ જાય છે!

માનવનાં ખંડેર તો થતાં રહે છે. મહાલયોનાં પણ ખંડેર થતાં રહે છે. પણ ખંડેર ને પોતાની હવા હોય છે. જ્યારે એ હવા પણ ચાલી જાય છે, ત્યાર પછી ત્યાં કેવળ ઢેફાં રહે છે! અને ઢેફાં કાંઈ કહી શકતાં નથી. માનવ પણ ઢેકું બને છે. રત્નો ત્યારે કાંકરા બનવાનું ઇચ્છે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનંત!

રાજા અજાતશત્રુ કુમાર ઉદાયીભદ્રની મુખમુદ્રા જોતાં જ ચમકી ગયો.

એણે કુમારની મુખમુદ્રામાં એક એવો તો ફેરફાર આવતો જોયો કે, એના દિલમાં એક પ્રકારની ખિન્નતા છવાઈ ગઈ.

કુમારના ચહેરામાં એણે કોઈ ભયંકરમાં ભયંકર ખૂનીની રેખાઓ પ્રગટતી જોઈ.

એનો એ એકનો એક પુત્ર હતો. રાજવારસ હતો. બળવાન હતો. એને અત્યંત પ્રિય હતો. ભારતવર્ષની રાજલક્ષ્મી એને ચરણે ઢળવાની હતી. પણ આજે એણે કુમારની મુખમુદ્રાની રેખાએ રેખામાં ભયંકર સમશેરોનો કૃતઘ્ની ખખડાટ થતો દીઠો. આ એણે જોયું, અને એ ચમકી ગયો. એના રોમ રોમમાંથી એક 'આહ' નીકળી પડી. 'અરે રે!' પણ થઈ ગયું. અને આ...હા! પણ બોલાઈ ગયું. એને થઈ ગયું કે અરે! આંહીં તો બધું અનંત જણાય છે. આંહીં જાણે કોઈ વસ્તુ દટાતી નથી. કોઈ વસ્તુ મરી જતી નથી. કોઈ વસ્તુ લુપ્ત થતી નથી. અને એ વસ્તુ એટલે માણસનું કામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનું મન. એના મનની એક પણ લહરી આંહીં નોંધ્યા વિનાની જતી નથી. એક એક તરંગ એ એક એક કૃતિ જ જણાય છે. વિચાર અને વસ્તુ એ બેની વચ્ચે અંતર જ નથી, એ જાણીને એનું દિલ આજે દર્દથી ભરાઈ ગયું.

પોતે પોતાના પિતા રાજા બિંબિસારને હણવા માટે મનમાં અનેક યુક્તિઓ એક વખત ગોઠવી હતી. પિતા મહા ઉદાર હતા. એ આ વાત સમજી ગયા. પુત્રના ઉપર કલંક આવે, અને એ કલંક મગધદેશને હમેશને માટે કલંકિત કરી જાય. રાજ-વંશને પણ યાવત્‌ચંદ્ર દિવાકરો દોષનો પડછાયો બેસી જાય, એટલે એમણે પોતે જ હલાહલ વિષમુદ્રિકા ચૂસી લીધી. જીવન સંકેલી લીધું. એમના જેવો સૌન્દર્ય-ભિક્ષુ કોઈ ન હતો. તો એમના જેવો જીવનસ્વામી પણ કોઈ જ ન હતો. એ વાત હવે સમજાઈ. એમની જીવનલીલા આમ સંકેલાઈ ગઈ. એ વાત પતી ગઈ. પછી પિતાના શોકમાં માતા પણ ગઈ. અજાતશત્રુ રાજા થયો. એણે કૈંક સિદ્ધિ મેળવી. કૈંક લડાઈઓ જીતી. કૈંક પરાક્રમો કર્યાં. કૈંક પ્રદેશો મેળવ્યા. મગધ મહાન બન્યું. એ મહાન દેશનો વારસો ઉદાયીભદ્રને આપવાનો હતો. પોતે જીવન જીવી ગયાનો અને દેશને મહાન બનાવ્યાનો આત્મસંતોષ માણી રહ્યો હતો.

પણ એવામાં આજે એણે અચાનક પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂતકાલની ભયંકર વિચારધારાને મૂર્તિમંત થતી દીઠી, અને એ ચમકી ગયેા. ઘડીભર દિઙ્મૂઢ બની ગયેા.

એના દિલમાં બંજર ભોંકાઈ ગયું. જે અપકૃત્ય પોતે કર્યું હતું, બરાબર એવા જ અપકૃત્યની આગાહી, આ સુંદર, જુવાન, પ્રિય રાજપુત્રના ચહેરામાં એણે ઊભી થતી જોઈ.

એ ત્યાં ઊભી થતી હતી એટલું જ નહિ, જાણે કે એ જ નિર્માણ હોય, એવી ભયંકરતાથી, એ ત્યાં આવી રહી હતી.

પોતાના મૃત્યુનેા એને એટલેા શેાક ન હતેા. પણ પ્રિયપુત્રના હાથે જ મરણ પામવાનું, અને તે પણ કૃતઘ્નીપણે મૃત્યુ પામવાનું—ભાવિ વાંચીને, એ મહાન શેાકમાં ડૂબી ગયેા. આંહીં મનની એક પણ લહરી, એક પણ તરંગ, એક પણ કામ નોંધ્યા વિનાનું જતું નથી એનેા એના મનમાં નિશ્ચય થઈ ગયેા.

ø

આ બાજુ સૂરજ ડૂબ્યેા અને આ બાજુ ચંદ્ર ઊગ્યેા. તે દિવસે પૂર્ણિમા હતી. અમીધારા વરસાવતી ચાંદનીમાં ડુંગરાઓ શેાભી ઊઠ્યા હતા. રાજગૃહ નગરીની રેાનક ફરી ગઈ હતી. સેંકડેા ધવલગૃહેા ચાંદનીમાં નાહી રહ્યાં હતાં. જંગલની શેાભા અનેાખી બની ગઈ હતી. અને નદીના તીરપ્રાંતેામાં તેા જાણે સૌન્દર્યનેા સાગર રેલાઈ રહ્યેા હતેા. ચાંદનીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક હતી. પણ આજની આ ચાંદની બીજી અનેક પૂર્ણિમાઓથી જાણે જુદી હતી. એ આજની ચાંદની હતી, જાણે કે, એ ઇતિહાસ કહેવા માટેની કોઈ કૌમુદી કવિતા હતી.

અજાતશત્રુના મનમાં આવ્યું: 'અરે! બીજું કાંઈ નહિ, આ સમૃદ્ધિ ન હોય, આ રાજ ન હોય, આ રાજવારસો ન હોય, ભલે કાંઈ કહેતાં કાંઈ ન હોય, પણ કેવળ હૃદયમાંથી આવી ચાંદની જેવી ધોળી, સ્વચ્છ, પવિત્ર, કોઈ વાત વહેતી હોય — આહા! એ આનંદની તોલે, મોટામાં મોટા સામ્રાજ્યભોક્તાનો આનંદ પણ શું હિસાબમાં?

પણ એવું હૃદય કયાં હશે? જ્યાંથી નિરંતર આવી ચાંદની જેવી સ્વચ્છતા વરસતી હશે?

એવું મન કયાં હશે, જ્યાં એક પણ આપઘાતી વિચાર જન્મતો નહિ હોય? કુવિચાર એ નાના પ્રકારના આપઘાત સિવાય બીજું કાંઈ નથી, એ હવે એને સમજાતું હતું, પણ ઘણું મોડું.

અને એને એ વખતે જીવકકુમારની વાણી યાદ આવી ગઈ. એનો આ ઓરમાન ભાઈ તક્ષશિલામાં ભણ્યો હતો. મહા ભિષગ્વર હતો. એની ભિષગ્ તરીકેની કીર્તિ બધે ફેલાયેલી હતી, તો ભગવાન તથાગતના શ્રદ્ધેય અનુયાયી તરીકેની એની સુવાસ આખી નગરીમાં રેલાઈ રહી હતી. ભગવાનનું ઔષધ એ જ કરતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ શ્રીમંતો પાસેથી શ્રીમંતાઈ પ્રમાણે કાર્ષાપણ લેતો. અને બદલામાં ગરીબ પાસેથી કાંઈ જ ન લેતો. એના હાથમાં અમૃત વસ્યું હતું. એ જે દર્દીને સંભાળતો એ દર્દી જાણે જીવી જતો. એવી અદ્‌ભુત યશરેખાનો એ સ્વામી હતો કે રાજાને એની પાસે પોતાની રાજલક્ષ્મી પણ પાણી ભરતી લાગતી.

છતાં રાજા અજાતશત્રુને એના પ્રત્યે પ્રીતિ ન હતી. એની સામે વૈર હતું. પણ હમણાં હમણાંમાં જ્યારે ઉદાયીભદ્રને એણે નવું રૂપ પ્રગટાવતો દીઠો, ત્યારે એની એ વૃત્તિને રૂપાંતર પમાડવા માટે, એને આ ભિષગ્વર સાંભર્યો હતો. એનો આધાર લેવાનું એને મન થયું હતું. એટલે એ વારંવાર એની પાસે જતો આવતો થયો હતો.

આજે આ ચાંદનીભરી સુંદર રાતે જીવકકુમારે અજાતશત્રુને પોતાને ત્યાં આવવાનું કહ્યું હતું. એ વખતે એ એક પરમ ઔષધ બતાવવાનો હતો. જે ઔષધ, રાજાનું, રાજકુમારનું, અને તમામ અંતેવાસીઓનું, મન ફેરવી નાખનારું બને તેવું હતું. એનો એક જ પ્રયોગ, રાજા માટે પરમ અમૃત રૂપ બનવાનો હતો. પછી રાજકુમારને પણ રાજા પ્રત્યે અનોખી જ ભાવના જાગે, એવી એ ઔષધમાં શક્તિ હતી. એ ઔષધની એક ખૂબી હતી. જે લે એને તો એ અસર કરે; પણ લેનારના સંબંધમાં આવે એને પણ એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસર થાય ને થાય.

પણ એણે રાજાને કહ્યું હતું કે તમે પાંચસો હાથી ઉપર આવજો. આપણે જંગલમાં ઔષધ લેવા જવાનું છે. એ ગ્રહણ કરવાની પળ આજે જ છે.

રાજાએ પાંચસો હાથીઓ તૈયાર કરાવ્યા. તેના ઉપર એના અંતઃપુરની એક એક સ્ત્રી સૈનિક બેઠી. સેંકડો મશાલો સાથે લીધી. અદ્‌ભુત ઠાઠમાઠથી એ જીવકકુમારને ત્યાં જવા માટે નીકળ્યો.

જીવકકુમારના આમ્રવન તરફ રાજા આવ્યો. પણ ત્યાં ડુંગરમાળાની પાછળ ચંદ્ર છુપાઈ ગયો હતો. ચાંદની રેલાઈ રહે એટલો ઊંચો એ આવ્યો ન હતો. વનની કાંઈક અગમ્ય જણાય એવી અંધારછાયા ત્યાં આવી રહી હતી. રાજા આ અંધારછાયા તરફ જોઈ રહ્યો. પાછળની ડુંગરમાળા, અંધકારઘેરી ખીણ, વનના ગાઢ છાયા–પડછાયા, અને શૂન્ય જેવું એકાંત- આ બધું જોઈને, રાજાના દિલમાં એક આશંકા ઊભી થઈ ગઈ. તેને વિચાર આવી ગયો : 'જીવકકુમાર મને દગો તો નહિ દેતો હોય? અત્યારે કોઈ સેના મારી સાથે નથી. હું એકલો છું. એના મનમાં દગો હોય તો ના નહિ. આવડા મોટા રાજનું માલિક થવું કોને ન ગમે? મેં મહામંત્રી બ્રાહ્મણ વર્ષકારને પણ આ વાત જણાવી નથી. મારો આંહીં ઘાત થઈ જાય, તો રાજગૃહ નગરીમાં કોઈને ખબર પણ પડે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના મનમાં આ વિચાર ઘોળાવા મંડ્યો. અને પછી તો એ આશંકાએ અને ભયે એવાં એવાં ભૂત ઊભાં કર્યાં કે એ તંગ થઈ ગયો. ગમે તે ક્ષણે જીવકકુમારના ખૂની સૈનિકો એના ઉપર આ બાજુથી કે તે બાજુથી હુમલો લાવશે, એ આશંકાએ એ પોતાના ધનુષબાણને સજ્જ કરીને લડવા માટે જાણે તૈયાર થઈ ગયો. એક પળભર તો એને એમ થઈ ગયું કે જીવકકુમાર આવે કે તરત એના ઉપર જ પહેલો ઘા કરી નાખું !

એટલામાં જીવકકુમાર બહાર આવ્યો. તે પોતાના હસ્તિપટ્ટ શ્વેત ગજરાજ ઉપર બેઠો હતો. એની પાસે કોઈ અસ્ત્રશસ્ત્ર ન હતાં કે એની સાથે કોઈ અનુચર પણ ન હતો.

પણ રાજાને તો એ જોઈને વધારે શંકા ઊભી થઈ ગઈ.

રાજાને થયું કે જીવકકુમાર જાળ બિછાવવામાં કેવો ભયંકર છે ?

પોતે શસ્ત્રઅસ્ત્રહીન આવ્યો છે. સાથે કોઈ અનુચર લાવ્યો નથી. એનો અર્થ રાજાને હવે સ્પષ્ટ સમજાવા માંડ્યો.

એનો અર્થ એ કે ગાઢ જંગલમાં એના ભયંકર સૈનિકો છુપાયા હશે. અને જેવો એ જંગલમાં પ્રવેશ કરશે કે એ બધા એના ઉપર તૂટી પડશે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના પાંચસો એ પાંચસો સ્ત્રી સૈનિકો અને એ પોતે આજે જંગલમાં રહી જવાના !

જીવકકુમારે ભારે જાળ બિછાવી હતી. આંહીં આમ્રવન પાસે હુમલો થાય તો કાંઈક ધોંધાટ થાય, કોઈને ખબર પડે, કોઈ મદદે દોડે, પણ ભયંકર જંગલમાં તો કાંઈ પત્તો જ લાગે નહિ !

જીવકકુમાર ભયંકર હતો. કૃતઘ્ની હતો. મહા ક્રૂર હતો. રાજલોભી હતો. ગમે તે પળે હવે એ પોતાને હણી નાખે તેમ હતો.

એ ખ્યાલ એના શંકા ભરેલા દિલમાં ઊભો થયો.

શંકા, આશંકા, અવિશ્વાસ.—રાજાના દિલમાં એક મહાન તુમુલ યુદ્ધ મચી રહ્યું.

ડહાપણ, પહેલો ઘા કરવામાં હતું. પણ તે પહેલાં શબ્દો બોલીને કાંઈક વાત જાણી લેવાની મતિ એને સ્ફુરી.

'ભણે જીવક ! હું તને એમ પૂછું છું કે આપણે ગાઢ જંગલમાં પ્રવેશ કરવો છે, ને તારી પાસે તો કોઈ અનુચર પણ તેં રાખ્યો નથી, એ શું ? આ તો નવી નવાઈની વાત ! ભણે જીવકકુમાર ! તારું દિલ તો શુદ્ધ છે નાં ?'

જીવકકુમાર તો રાજાની વાણી સાંભળતાં છક્ક થઈ ગયો. એ એની સામે જ જોઈ રહ્યો.

પણ એ રાજા તો એના આશ્ચર્યનો નવો જ અર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘટાવી રહ્યો : જવાબ નથી આપી શકતો એ વાત બતાવે છે કે એના દિલમાં મહા વિશ્વાસઘાત રમી રહ્યો છે. વાતની લેશ પણ ગંધ ન મળે એ માટે એ ભારે સાવધાની રાખી રહ્યો હતો, તે છતાં મેં આટલું કળી કાઢયું, એટલે એ દિડૂમૂઢ બની ગયો છે!'

રાજાના દિલની વિચારસરણી આ રીતે વહેવા માંડી ગઈ!

એટલે તેણે ફરીને પણ જીવકકુમારને કહ્યું: 'ભણે સૌમ્ય જીવક! મારી સાથે કોઈ કપટ તો તું રમતો નથી નાં? મને ફસાવવાની વાત તો કરતો નથી?

કોઈ ગુપ્તશત્રુના હાથમાં મને આપી દેવાની વાત તો તારા દિલમાં બેઠી નથી? તારું દિલ તું જાણે, સૌમ્ય જીવક!'

જીવકકુમાર તો આવી વાત સાંભળીને સ્તબ્ધ જ થઈ ગયો. પણ તે મહાજ્ઞાની હતો. તે સમજી ગયો. આ રાજા બોલતો નથી. રાજાનું દિલ બોલે છે. એના એ દિલમાં પેલા મહાભયંકર પિતૃઘાતક કલંકનો પડછાયો હજી પણ બેઠો છે. એટલે એની પાસે આ ભૂતાવળો ઊભી થાય છે!

માણસના દિલમાં જે કુકર્મ બેઠું છે, તેને... આમૂલાગ્ર ખસેડ્યા વિના, કોઈ જ વાત એના દિલને શાંતિ આપી શકે નહિ!

રાજાએ તો બધે વાત ફેલાવી હતી કે રાજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિંબિસાર વિષમુદ્રિકા ચૂસીને મરણ પામ્યો. પોતે પિતૃઘાતનો દોષ કર્યો જ નથી, એવી હવા એણે ફેલાવી હતી.

પણ એનું દિલનું દિલ જાણતું હતું કે પિતૃઘાતનો દોષ એને આંગણે આવે છે. એ દોષની એ ખુલ્લા દિલે કબૂલાત ન કરે, અને એનું પ્રાયશ્ચિત્ત ન માગે, ત્યાં સુધી એ કલંકના પડછાયામાંથી મુક્ત ન થાય.

પિતૃહત્યાની આ શંકાથી પ્રેરાઈ ને જ, એ પોતાના રાજકુમાર તરફ પણ, પ્રીતિવર્ત્તન દાખવે છે!

એની એ પ્રીત ખોટી છે. વાત ખોટી છે. એનું દિલ ખોટું છે. એના પિતા તરીકેના દિલમાં પિતાનું દિલ નથી, પેલા ભયંકર પાપનું પુનરાવર્ત્તન ન થાય, એ માટેની ભયમિશ્રિત સાવચેતી છે! એની પાસે પિતાની પ્રીતિ નથી—કેવળ ભય છે. માત્ર સાવચેતી છે.

પહેલાં એ ભગવાન તથાગતને ચરણે પોતાનો મહાદોષ ખુલ્લા દિલે, કોઈ પણ જાતના ઢાંકપિછોડા વિના મૂકે, ત્યાર પછી જ એ પોતે પોતાની સાચી પ્રીતિ દ્વારા કુમારના દિલને સ્પર્શી શકે.

તે પહેલાં કાંઈ જ બને નહિ!

પ્રીતિની આ ખૂબી છે. એ પાપના કોઈ જ પડછાયામાં રહી શકતી નથી.

એણે બે હાથ જોડીને કહ્યું: 'મહારાજ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું તો તમારો રાજભિષગ છું. મારાથી ભય ન હોય. હું તો તમને નિર્ભયતાનો રસ્તો બતાવું. આજે તમારા હૃદયમાંથી હૃદયની સાચી વાણી આવી. મહારાજ! હવે એ વાણી જ તમને પ્રકાશ આપનારી બનો. આપણે જે પરમઔષધની વાત કરી હતી, તે કોઈ જંગલની જડીબુટ્ટી નથી. પણ ભગવાન તથાગતની સુંદર નિર્મળ વાણી છે. આપણે ચાલો, હવે ત્યાં જઈએ! અને તમે ત્યાં તમારા હૃદયની સાચી વાત કહી નાખો. મહારાજ! તમને શંકા જાગી, એ બતાવે છે કે તમારા દિલમાં શંકા રહે છે. કારણ કે, તમે જે પિતૃહત્યા કરી છે, તેને ઉપરથી છાવરીને જ, તમે વ્યવહાર ચલાવી રહ્યા છો.

આજે આપણે ચાલો, એ પિતૃહત્યાનો દોષ પ્રગટ કરીને છેક નવેસરથી જીવન શરૂ કરીએ.

મહારાજ! કોઈ દગો નથી. કોઈ વિશ્વાસઘાત નથી. કયાંય કોઇ દુશ્મન છુપાયો નથી. દુશ્મનનો પડછાયો તમારા દિલમાં રહે છે! એ પડછાયો ત્યારે જશે, જ્યારે દોષનો ડાઘ ભૂંસાઈ જશે.

તમારા વ્યક્તિત્વના અભિમાને મહારાજ! તમે આવા મહાન દોષને દિલમાં રાખી રહ્યા છો. ને માની રહ્યા છો, ને સૌને મનાવી રહ્યા છો કે, દોષ કયાંય નથી. દોષ કયાંય હતો જ નહિ!

એ હવાને ઉડાડી મૂકવા માટે આપણે ભગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાન તથાગતના ચરણમાં બધી જ વાત ખુલ્લે દિલે મૂકી દઈએ. ચાલો મહારાજ! આ નિરભ્ર ચાંદની જેવું સ્વચ્છ દિલ મેળવ્યા વિના કોઈ, કોઈને ફેરવી શકતું નથી.

આપણે કુમાર ઉદાયીભદ્રને ત્યારે જ ફેરવી શકીએ, જ્યારે પહેલાં આપણે ફરી જઈએ.

ચાલો મહારાજ! ભગવાન તથાગત પાસે ચાલો!'

જીવકકુમારની વાણીથી શાંતિ પામીને રાજા ભગવાન તથાગત પાસે જવા નીકળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કલાવંતની સૂબાગીરી !

બાદશાહ જહાંદારશાહનો જમાનો ચાલતો હતો. ઔરંગઝેબ બાદશાહને મરણ પામ્યે માંડ પાંચ સાત વર્ષ થયાં હશે, ત્યાં તો દિલ્હીમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. કલાવંતો રાજ કરે એવો જમાનો આવી ગયો હતો.

બાદશાહે એક હુકમ કાઢ્યો. કલાવંત નિયામતખાનને મુલતાન જેવા સરહદી સૂબાનો સૂબેદાર નીમો!

મુલતાનની સુબેદારી તો નિત્યની આકરી કસોટી માગે તેવી હતી. ત્યાં એક કલાવંતને સૂબેદાર નીમવો એ તો મૂર્ખાઈની પરિસીમા હતી.

પણ નામદાર બાદશાહનો હુકમ થયો એટલે પછી એ હુકમ પાછો પણ કોણ ઠેલી શકે ? અને એમાં આ તો બાદશાહ જહાંદારશાહ. જેની કોઈ પણ વિચિત્રતાને કાંઇ હદ જ નહિ !

કલાવંત નિયામતખાન, વઝીર ઝુલ્ફિકરખાન પાસે આંટા ફેરા કરવા માંડ્યો. હુકમ મળી જાય તો પોતે મુલતાન પહોંચી જવા માગતો હતો.એને સૂબા થઈ જવાનો કોડ જાગ્યો હતો. પતન કાળે દરેકને લાગે કે એ દરેક કામ માટે લાયક છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ રહી સહી બાદશાહીને ટકાવી રાખવા માટે ઝુલ્ફિકરખાન પ્રયત્ન કરી રહ્યો હતો. એટલે એણે એને કાંઈ કેાહું આપ્યું નહિ. નિયામત આંટા મારતો રહ્યો.

છેવટે થાકીને નિયામતે એક દિવસ પૂછી પણ નાખ્યું : ' ખુદ બાદશાહ ખુદાવંદનો ખાસ હુકમ છે. આ હુકમ માત્ર તમારે મને તો આપવાનો છે. એમાં આટલી બધી ઢીલ થવાનું શું કારણ બને છે, નામદાર ? કેાઈને કાંઈ વાંધો હેાય, તો એનો પણ નિકાલ થાય. પણ આ તો કેાઈ વાંધો બતાવતું નથી. માત્ર ઢીલ કરે છે ! '

ઝુલ્ફિકરખાન કલાવંતના કહેવાનો અર્થ સમજ્યો. તેણે સ્પષ્ટ કહ્યું ન હતું, પણ કેાઈને કાંઈ પેટમાં દુઃખતું હેાય તો એનો ઉપાય કરવા માટે પણ એ તૈયાર હતો, એવો ધ્વનિ એમાંથી નીકળતો હતો !

દિલ્હીમાં તો દામ વિના કેાઈ કામ કરતું જ નહિ. એટલે એ હવાને ઉદ્દેશીને જ કલાવંતે આ વાત કરી હતી.

ઝુલ્ફિકરખાન થેાડીવાર વિચારમાં પડી ગયો. પછી એણે ધીમેથી કહ્યું : ' દિલ્હીમાં એક શિરસ્તો થઈ પડ્યો છે, એ કાંઈ તમારાથી અજાણ્યું ન હેાય. આંહીં તો બધાને અત્યારે અશરફીની પડી છે. બાદશાહ સલામત નહિ, અશરફી રાજ કરે છે, એમ કહીએ તો ચાલે. પણ તમે કલાવંત છો. તમારી પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશરફી માગવી એ ઠીક નથી. પણ તમે અસો'ક તંતુવાદ્ય મોકલાવો, એટલે તમારું કામ થઈ જશે !'

કલાવંતે રાજદરબારની ખટપટો તો કોઈ દિવસ જાણી જ ન હતી. એટલે એ તો સાચે સાચ સમજ્યો કે અસો તંતુવાદ્ય મોકલવાથી કામ થઇ જશે એટલે એણે તો એકાદ અઠવાડિયા સુધી ખૂબ મહેનત કરી અને અસો તો નહિ, પણ પોણા અસો જેટલાં તંતુવાદ્યો— સીતાર—ભેગાં કર્યાં. અને એ મોકલી દીધાં !

પણ ઝુલ્ફિકરખાને કહ્યું: 'અસોમાં એક ઓછું હશે તો નહિ ચાલે ! બરાબર અસો જોઈએ.'

કલાવંતનો હવે પિત્તો ગયો. કલાવંતે બાદશાહને કાને જ વાત નાખવાનો નિશ્ચય લીધો. તેણે બાદશાહ સલામત પાસે વઝીરની આ વાત કહી !

બાદશાહને પણ અચંબો થયો કે માણસ અશરફી માગે એ તો સમજી શકાય પણ આટલાં બધાં સંગીતવાદ્યોને શું કરવાનાં હતાં ? બે ચાર હોય તો પણ ઠીક, વખતે પોતાના ઘરઉપયોગ માટે હોય. પણ આ તો અસો વાજિંત્રો હતાં !

બાદશાહે ઝુલ્ફિકરખાનને બોલાવ્યો. અને નિયામતખાનની ફરિયાદની વાત કરી.

'અસો વાદ્યો તમારે ભેગાં કરીને શું કરવાનાં હતાં કે બિચારા કલાવંતને હેરાન કર્યો ?'

ઝુલ્ફિકરખાને નીચા નમીને સલામ કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબ વાળ્યો : 'નામદાર ! કલાવંતો સૂબાગીરી કરવા જશે, પણ તેમની જગ્યાએ આપણે કોઈને મૂકવા તો પડશે નાં ? એટલે અધિકારીઓ બધા કલાવંતો બની જાય, એમની તાલીમ માટે, આ મંગાવ્યાં છે. જેથી એકદમ ખોટ જણાય નહિ.'

રહી રહીને પણ બાદશાહની સાન તરત ઠેકાણે આવી ગઈ. તેને ઝુલ્ફિકરખાનની વાત સાચી લાગી.

તેણે તરત નિયામતખાનને નીમવાનો હુકમ રદ કર્યો.

કલાવંતની સૂબાગીરીનો અંત આવી ગયો.

વઝીરે નીચા નમીને કુર્નિશ બજાવી અને રજા લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આનંદઘનની મસ્તી !

અવધૂ નામ હમારા રાખે, સોઈ પરમ મહારસ ચાખે. – અવધૂ.
ના હમ પુરુષા, ના હમ નારી, વરન ન ભાંતિ હમારી,
જાતિ ન પાંતિ, ન સાધન સાધક, ના હમ લઘુ, નહિ ભારી.–અ.

મહાજોગી જતિ આનંદઘનજી હવાના તરંગે તરંગને પોતાના મસ્ત ભક્તિગાનોથી ભરી દેતા એક વખત અમદાવાદમાં પણ આવી ચડ્યા હતા.

આનંદઘનજી પાસે નિઃસ્પન્દ મન જોગી જતિનું હતું. તો એની ભક્તિમસ્તી બાઈ મીરાં અને સૂરદાસની હવાની હતી. આત્માનો બંધુ આત્મા — એ જ્ઞાનોદધિમાં એ નિરંતર વિહરતા હતા.

એની આસપાસની હવામાં કોઈ કોઈ પળે, કોઈ એવી તો શબ્દસૂરની મસ્તી જાગી ઊઠતી કે સાંભળનારા ડોલી ઊઠે ને સમજનારા તો તરી જાય !

ના હમ મનસા ના હમ શબ્દા, ના હમ તનકી ધરણી,
ના હમ લેખ, લેખધર નાહિ, ના હમ કરતા કરણી—

એમાં એક વખત જ્ઞાનની ટોચ દેખાય, તો બીજી જ ક્ષણે, જોગંદર જોગીની આંખમાં બેઠેલી કોઈક અનુપમ રસછબી પણ પ્રગટ થાય. એ વખતે વળી એના તાનમાં શબ્દની નવી જ લહરી ઊપડે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પીયા તુમ નિઠુર ભયે કયું ઐસે. —નિઠુર.
ફૂલ ફૂલ ભવર કીસી ભાઉંરી ભરત હું,
નિવડે પ્રીત કયું ઐસે,
મેં તો પાયતેં ઐસી ભીલિ આલી,
કુસુમવાસ સંગ જૈસે,
પીયા તુમ નિઠુર ભયે કયું ઐસે,

જોગી જોગંદર ફરતા ફરતા એક વખત અમદાવાદ આવી ચડયા હતા. અને એની મસ્તીના રંગમાં અમદાવાદ જેવા વિવેકી નગરને પણ એમણે ગાંડું બનાવી દીધું હતું.

ટોળેટોળાં એને સાંભળવા મળતાં. અને એમાં પણ જ્યારે એ પોતાના બરા મસ્તીરંગમાં આવી જતા, ત્યારે તો ઘડીભર જાણે હવા આ રંગથી રંગાઈ જશે એવું બની જતું. મહાજતિ જોગંદર આનંદઘનજી જે શબ્દને સ્પર્શતા, એ શબ્દ જાણે તેજોમૂર્તિ, જ્ઞાનમૂર્તિ, રસમૂર્તિ બની જતો. એ કેવળ બોલવાનો શબ્દ ન રહેતો.

આનંદઘનજી મૂળ તો મેડતાના. મેડતા, જ્યાં રાજરાણી મીરાંબાઇએ ચિત્તોડ જેવા ચિત્તોડના ગૌરવ ભરેલા સિંહાસનેથી, ગાયું — હતું — કે—

'મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઈ,
અબ તો વાત ફેલ ગઈ—જાનત સબ કોઈ.'

એવી નિઃસ્પૃહી હવામાં ઉછેર હતો, એટલે આનંદઘનજીના દિલની રજેરજ નિઃસ્પૃહી બની ગઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન ધનની ઈચ્છા, ન માનની ઈચ્છા, ન કીર્તિની ઈચ્છા, ન નામની ઈચ્છા. નિરીચ્છા એ જ એક મહાઇચ્છા.

આવા આનંદઘનજીએ એક વખત મેડતા ને પણ ઘેલું કરી દીધું હતું. અજબ શબ્દો, અજબ હવા, અજબ સ્વરો, અને અજબ ગાવાવાળો. માનવ મેદની જામી જતી.

એક વખત આનંદઘનજી ત્યાં વ્યાખ્યાન કરે. ચાતુર્માસ રહેલા. અને આખું નગર એની કથા સાંભળવા આવે. શબ્દે શબ્દે જાણે જ્ઞાનદીપ પ્રગટે.

એક વખત એવું બન્યું કે પોતે જ્યાં વ્યાખ્યાન શરૂ કરે છે, ત્યાં શ્રોતાઓમાંથી કોઈ બોલ્યું : 'બે પળ થોભીએ. નગરશેઠને આવવાની તૈયારી છે.'

ત્યાં રિવાજ જ પડી ગયેલો કે નગરશેઠ આવે પછી વ્યાખ્યાન શરૂ થાય. અને એ એક અણલખ્યો નિયમ બનતા સુધી કોઈ જૈન સાધુએ પર્યુષણ-વ્યાખ્યાન વખતે તો ઉલ્લંઘેલો પણ નહિ.

પણ આનંદઘનની મસ્તી તો ઓર હતી. એનાં વ્યાખ્યાન એ બીજાનાં જેવાં કરવાનાં વ્યાખ્યાન ન હતાં. એ તો જે વખતે, મન, મનની સાથે જ્ઞાનગોષ્ટિ માંડી બેસે, તે જ વખતે એમનું વ્યાખ્યાન શરૂ થઇ જાય. પછી જે આવે તે ભલે, ન આવે તે પણ ભલે.

આનંદઘનજીના દિલમાં આજ એવી જ્ઞાનપળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રગટી હતી. અને એમણે તો વ્યાખ્યાન શરૂ કરી દીધું.

એમાં અજબ જેવી વાતો આવી. બધા જ્ઞાનમાં વિહરવા લાગ્યા. જરા મોડેથી નગરશેઠ આવ્યા, તે પણ વંદના કરીને ત્યાં બેસી ગયા. પણ પોતાની હાજરી વિના વ્યાખ્યાન શરૂ થઈ ગયું, એનો અભિમાનકંટક એમના દિલને લાગી ગયો.

છેવટે શ્રાવકો વૈયાવચ્ચ કરવા ઊઠ્યા—ત્યારે આ શેઠ પણ ત્યાં નમવા ગયા. પણ નમતાં નમતાં બોલ્યા વિના રહી શકયા નહિ: 'મહારાજજી! સેવક ઉપર દયા કરી, જરાક વ્યાખ્યાન થોભાવ્યું હોત!'

શેઠે શબ્દ તો સેવક વાપર્યો હતો, પણ એમાં રણકો સ્વામીનો વાગતો હતો.

આનંદઘનજી કાંઈ બોલ્યા નહિ. એક દયા નજર જ કરી.

પણ અભિમાનનો કાંટો ભયંકર છે. તે શૂળની પેઠે ભોંકાયા કરે છે. એટલે વંદના કરતાં કરતાં ફરીને પણ એ બોલ્યા: 'જરાક સેવક ઉપર દયા કરી થોભ્યા હોત!'

પણ આનંદઘનજી તે વખતે પણ કાંઈ બોલ્યા નહિ. દયાની નજરમાં કરુણાનું સ્મિત આવ્યું.

પણ એટલામાં તો શેઠ ત્રીજી વખત બોલ્યા. અને આ વખતે તો શબ્દોમાં જાણે સિક્કાનો રણકો સંભળાયો: 'કપડાં હું વહોરાવું, આહાર વહોરાવું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચર્યા પણ કરું, એ પ્રમાણે પણ, એ બધું ધ્યાનમાં લેતાં, મહારાજજી! જરાક જ ન થોભાયું? અમારા જેવા ઉપર તો કૃપા કરવી ઘટે!'

શેઠના શબ્દોનો હવે સિક્કાનો રણકો સ્પષ્ટ જ હતો. આનંદઘનજીને લાગ્યું કે હવે મૌન એ મૌન ન હતું. એ તો જાણે કે મળેલાં સાધન ન તજી શકવાની અશક્તિનો એકરાર હતો. હવે એ ભીરુતા હતી. રાગ પણ હતો. પોતે મહામસ્ત હતા. અને સાધુ માટે મહામસ્તીનો વૈભવ કેવો અમૂલ્ય છે એ અનુભવથી જાણતા હતા, એટલે એક પળમાં જ દિલમાં મહામસ્તીની છોળ આવી ગઈ. નિઃસંગીને આટલો સંગ પણ શા માટે? એવી હવા આવી ગઈ.

આનંદઘનજીના શબ્દોમાં હવે અસલ નિઃસ્પૃહી રણકો આવી ગયો. એમાં ખૂબી એ હતી. ન હતી ત્યાં અશાંતિ. ન હતો ગુસ્સો. નિસ્પૃહ તપસ્વીની દૃઢતા ઝળકી ઊઠી. 'શેઠ! આહાર તો ખંવાઈ ગયો છે. પણ તમને લાગે છે તમે કપડાં વહોરાવ્યાં છે તો આ તમારાં કપડાં...'

અને અવધૂત જોગંદર સમા આનંદઘન ત્યાંથી તરત જ કપડાં તજી દઈ, એક મહાન મસ્તીભરી મસ્તીમાં ગાતા ગાતા જંગલમાર્ગે ચાલી નીકળ્યા:

એ મસ્ત દશામાં એમના દિલમાં કાવ્ય સ્ફુર્યું અને એ કાવ્યની મસ્તીમાં લીન થઈ ગયા:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશા ઓરનકી કયા કીજે,
જ્યાન સુધારસ પીજે
આશા શારવ કી કયા કીજે
ભટકે દ્વાર દ્વાર લોકનકે
કૂકર આશાધારી
આતમ અનુભવ રસકે રસિયા
ઊતરે ન કબહુ ખુમારી
આશા ઓરનકી કયા કીજે
આશા દાસીકે જે જગે
તે જન જગકે દાસા,
આશા દાસી કરે જે નાયક
લાયક અનુભવ પ્યાસા. આશા.
મનસા પ્યાલા પ્રેમ મસાલા
બ્રહ્મ અગ્નિ પરજાલી,
તન ભાઠી અવટાઈ પીએ કસ
જાગે અનુપમ લાલી. આશા.
અગમ પીઆલા પીએ મતવાલા,
ચીન્હે અધ્યાત્મ વાસા,
આનંદઘન ચેતન વહૈ ખેલે
દેખે લોક તમાસા. આશા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજનો મહેલ !

એવી સુંદર જગ્યા જોઈને કાશ્મીરના નૃપતિ ચંદ્રાપીડને ત્યાં એક મનોરમ ઉદ્યાન કરવાનું મન થઈ આવ્યું. તેણે આજ્ઞા કરીઃ ' જાઓ ! પરિચારકો ! નગર બહાર પેલા રમણીય તળાવની પાસે મનોરમ વાટિકા બનાવવાની છે. શિલ્પીઓને અને માળીઓને બોલાવી લાવો. આગામી વસંતઋતુનો કુસુમોત્સવ ત્યાં જ ઊજવવાની તૈયારી કરો. લોકોને માટે એ સ્થળ આનંદજનક થઈ પડશે ! '

સઘળી તૈયારી થઈ ચૂકી. શિલ્પશાસ્ત્રના નિયમ પ્રમાણે રેખાએ રેખા શિલ્પીઓએ દોરી મૂકી. મનતરંગ જેવાં પારિજાતનાં વૃક્ષોથી ઉદ્યાનને શણગારવાનું નક્કી થયું. કાશ્મીરી કેસરવૃક્ષોની પદ્માવલિ ઠેરઠેર શોભી ઊઠે એવી સુંદર રચના થઈ ગઈ.

પણ જ્યાં ઉદ્યાનનો શૃંગારમંડપ કરવાનું નક્કી કર્યું હતું, ત્યાં જ એક ચાંડાલની ઝૂંપડી હતી. એક દીન વૃદ્ધ કંગાલ ચાંડાલ ત્યાં પડ્યો રહેતો હતો.

તેને અધિકારીઓએ કહ્યું: ' રે ભિખારી ! ચાંડાલ ! આ જમીનમાં, રાજનો હુકમ છે કે ઉદ્યાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવવું, માટે તું આંહીંથી દૂર જા. તારાં લઘરવઘર ચીંથરાં લેગાં કરીને આંહીંથી ન દેખાય તેવી જગ્યાએ ચાલ્યેા જા.'

ચાંડાલ કાંઈ બેાલ્યેા નહિ. પણ બીજે દિવસે તે ત્યાં જ બેઠા હતેા. અને બેઠા બેઠા પેાતાનું જીર્ણ વસ્ત્ર સમારી રહ્યો હતેા.

બીજે દિવસે સૈનિકેા આવ્યા: 'જાય છે કે નહિ? —કે ધક્કા ખાવા છે?' તેમણે ચાંડાલને ધમકી આપી.

ચાંડાલે દૃઢ રીતે ઉત્તર વાળ્યેા: 'તમે મારી ઝૂંપડી મારે હાથે વીંખાવી નહિ શકેા.'

'ત્યારે? શું અમે તારી ચાંડાલની ઝૂંપડીને ફેંદશું?'

'ના, એમ પણ નહિ બને.' ચાંડાલે વધુ મક્કમતાથી કહ્યું: 'તમારે ઝૂંપડી ઉઠાવતાં પહેલાં તેા મારું મુડદું ઉઠાવવું પડશે. હું આંહીંથી નહિ ખસું!'

એટલે છેવટે ચંદ્રાપીડ પાસે ફરિયાદ આવી. રાજાએ પૂછ્યું: 'પણ એને વાંધેા શેા છે? એની જમીન કરતાં ત્રણગણી જમીન આપણે આપીએ—પૈસા આપીએ—પછી કેમ ન માને?'

પરિચારકેા રાજાની આ વાત સમજી લઈ ને ચાંડાલ પાસે દેાડ્યા: 'લે, રાજાએ કહ્યું છે, ત્રણગણી જમીન લે, જોઈએ એટલા પૈસા લે. પછી તેા તને બસવામાં વાંધેા નથી નાં? બેાલ, હવે શેા વાંધેા છે?'

ચાંડાલે વધારે દૃઢતાથી માત્ર માથું ધુણાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પોતાના કામમાં લાગી ગયો.

'—જાત! માર પડશે એટલે જ માનશે—' પોતાની જાત બતાવતા સૈનિકો ચાલ્યા ગયા.

⊙

⊙ ⊙

બીજે દિવસે મહારાજા ચંદ્રાપીડ પોતે ત્યાં આવ્યો. ચાંડાલ પોતાના એકના એક જીર્ણ વસ્ત્રને શણગારી રહ્યો હતો એટલે કે—થોડાં જુદાંજુદાં ચીથરાં એને લગાવી રહ્યો હતો.

મહારાજાએ કહ્યું: 'રે ચાંડાલ! આંહીં લોક માટે ઉદ્યાન થાય છે, એમાં તારી ઝૂંપડી આપવામાં તને શો વાંધો છે?—જોઈએ તો તું ત્રણગણી જમીન લઈ લે—પૈસા લે.'

વૃદ્ધ ચાંડાલે ઊભા થઈને હાથ જોડીને રાજાને નમન કર્યું, અને શાંતિથી કહ્યું: 'મહારાજા!—તમારો મહેલ છે એ જગ્યા મને ઝૂંપડી બનાવવા માટે આપશો?—આપ આ જમીન વાપરજો!'

'એવી ઘેલી વાત—નાખી દેવા જેવી વાત તું શું કરે છે? મહેલમાં કેટલી પેઢી થઈ ગઈ છે, અને તારી ઝૂંપડી માટે મારો મહેલ પાડું?'

ચાંડાલ બોલ્યો: 'મહારાજ! આપને મન આ ઝૂંપડી છે. પણ મારે મન તો એ મહેલ જ છે. મારા બાપદાદા પણ આંહીં જ રહી ગયા હતા. એટલે એનું મૂલ્ય જ ન હોય. વળી મેં એમ સાંભળ્યું છે કે ધરતી એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતા જેવી પવિત્ર છે. કેવળ રાજદંડના ભયથી કે મરણના ભયથી કે લોભ લાલચથી, જે માતાની અમૃતસેર, વિસારીને એને તજી દે છે, એ માણસ રૌરવ નરકનો અધિકારી બને છે. મારી આ કંગાલ જેવી દેહ સમર્પણ કરવાથી જો મારી યશસ્વી જીવનભાવના અખંડિત રહેતી હોય, તો મને દેહનો લેશ પણ મોહ નથી કે એના નાશનો શોક નથી. મેં તો એમ માન્યું હતું કે આપ જેવા મહાન-જેમ અધિકારે, તેમ સમજણે અને સંસ્કારે, ઘણી ઉચ્ચ મનોભાવના રાખતા હશો. એ ઉપર આધાર રાખીને આપની કાંઈક મંદ પડેલી સ્મૃતિને જગાડવાનો મેં પ્રયત્ન કર્યો હતો. પણ રાજદંડનો ભય કે મોટી લાલચ કોઈ મને ભ્રષ્ટ ન કરે: એટલે મારે સ્પષ્ટપણે કહેવું જોઈએ કે, ભલે તમારે મન આ મારી ઝૂંપડી એ ઝૂંપડી હોય, પણ મારે મન એ મને બાળપણથી રમાડનાર વહાલસોઈ માતા છે. ભયથી વ્યગ્ર બનીને એને હું છોડીશ નહિ. દેહ આજ પડે કે કાલે પડે એની મને ચિંતા નથી. મારી માતાને ખોળે પડશે એ ધર્મલાભ મારે મન ઘણો છે.'

રાજા અને અધિકારીઓ ચાંડાલની વીરવાણી સાંભળી રહ્યા. પોતે આ વસ્તુસ્થિતિ પહેલેથી જોઈ શક્યો નહિ તેથી-રાજા ચંદ્રાપીડ ગ્લાનિ પામ્યો. ચાંડાલ એ કળી ગયો.

'પણ એક રસ્તો છે, મહારાજ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શો ?'

'આપના જેવા સંયમી રાજાઓ તો પહેલેથી એ જ ગ્રહણ કરતા આવ્યા છે.'

'શો ?'

'મેં સાંભળ્યું છે કે જૂના વખતમાં આવી સાર્વજનિક વસ્તુ તૈયાર કરવી હોય ત્યારે મહાજન સાથે રાજાઓ, એના માલિક પાસે, એને માટે માગણી કરવા જતા.'

રાજાની આંખ ઊઘડી ગઈ. ચાંડાલની વાત સાચી લાગી. એ વખતે તો તે ચુપચુપ ચાલી નીકળ્યો.

⊙

⊙ ⊙

બીજે દિવસે રાજા ચંદ્રાપીડ ને મુખ્ય મુખ્ય નાગરિકો, ચાંડાલ પાસે એ જમીન લોકઉપયોગ માટે માગી રહ્યા હતા !

—અને ધોળા નિમાળામાં શોભતો, પેલો વૃદ્ધ કંગાલ ચાંડાલ, પોતાનું એકનું એક જીર્ણ વસ્ત્ર લઈ ને, સૌને નમન કરતો ત્યાંથી તરત ચાલી નીકળ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ગુરુ બંદાનો સૈનિક

તે દિવસની દિલ્હી નગરીનો દેખાવ જુદો જ હતો. રાજમહેલના રસ્તાની બન્ને બાજુએ માણસોની ઠઠ જામી ગઈ હતી. આઠ આઠ મહિના સુધી, થોડાક સાધન ઉપર ને મુઠ્ઠીભર અનાજ ઉપર રહીને, બાદશાહી ફોજના ત્રીસ ત્રીસ હજાર માણસોને જેમણે હંફાવ્યા હતાં, એવા લોહરસ પીધેલા ગુરુ બંદાના શીખ સૈનિકો આજે બંદીવાન બનીને આવતા હતા.

લોહીનીગળતાં સેંકડો માથાં ભાલા ઉપર લટકાવીને ચાલતા મુગલ સૈનિકો પહેલાં દેખાયા. તેમની પાછળ એક હાથી ઉપર, લોહપિંજરમાં બેઠેલ ગુરુ બંદાનો, કોઈ પણ ભયથી પર એવો વીરદેહ દેખાયો. તેણે પહેરેલા લાંબા જામા ઉપર ઠેરઠેર દાડમનાં સુંદર ફૂલની ભાત ખીલી રહી હતી; માથા ઉપર હૃદયના રંગથી રંગ્યો હોય એવો લાલ પાઘ શોભી રહ્યો હતો; તેની પાછળ ખુલ્લી તલવારે એક અમલદાર ઊભો હતો.

—અને પછવાડે ગુરુ બંદાના સાતસો ચાલીસ બંદીવાન શીખ સૈનિકો આવી રહ્યા હતા, લોહની જંજીર ખખડાવતા, અલખની લખગર્જના જગાવતા. એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ચહેરા પર ઉદાસીનતા નથી. પરિણામનો પશ્ચાત્તાપ નથી. મરણનો ભય નથી.

કુમળી વયનાં બાળકો અને માતાઓ — અનેકોની આંખમાંથી આંસુ ખરી રહ્યાં હતાં. કેટલાક ટીખળીઓએ ટીખળ પણ કર્યું. ઘણાએ તો 'આ તારા કામનું ફળ' એમ કહીને મોટેથી મશ્કરી કરી. પણ બંદીવાનોમાંથી એક પણ ચહેરા ઉપર કોઈ પણ જાતની લાગણીનું નામોનિશાન દેખાતું નથી. બધા કંઠમાંથી એક જ અવાજ આવી રહ્યો છે: 'અલખ નિરંજન!'

⊙

⊙ ⊙

ચબૂતરા ઉપર દરરોજ એક એક સોનાં માથાં ધડથી જુદાં પડે છે. અભય બનેલો એકેએક સૈનિક હસતે મોંએ પોતાના જલ્લાદને 'ઓ મુક્ત!' એમ બોલીને, 'પહેલો હું, પહેલો હું' એમ કહેતો આગળ આવે છે. વીરત્વની આ વાણીના પડઘા દિલ્હી નગરીના કોટ-કાંગરા ઉપર થઈને-દૂર દૂર પંજાબનાં મેદાનો ઉપર પથરાઈ જાય છે.

એવે સમયે થાકથી, ભૂખથી, તાપથી, દુઃખથી, અંતરમાં ભરેલી મહાવેદનાથી, કેવળ આશાતંતુ ઉપર લટકતા હાડપિંજર જેવી, એક સ્ત્રીએ દિલ્હીમાં પ્રવેશ કર્યો. બાદશાહ ફરૂખશિયરને મળવા — અને પોતાના એકના એક જુવાન પુત્રને બચાવવા તેણે મહાપ્રયાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો. સૈયદ અબદુલ્લાખાન — વજીરને, તેના દીવાન રતનચંદની મારફત, રાતદિવસ ખડે પગે ઊભા રહીને એણે અરજ કરી; આંસુથી પૃથ્વીને પલાળી દીધી, શબ્દોથી દિલને પલાળી દીધાં. પોતાનો જુવાન પુત્ર પાછો મેળવવા તેણે આકાશપાતાળ એક કર્યાં.

'મારો દીકરો — એકનો એક છે, ભોળો છે — એ તો લડાઈમાં હતો જ નહિ. પકડાઈ ગયો શીખોને હાથે — એટલે જ આંહીં આવ્યો છે. એ ગુરુનો સૈનિક હતો જ નહિ. મારો દીકરો એકનો એક છે, એને છોડો — એને છોડો! પાછો મને સોંપો. હું એને મારા ખેતરમાં લઈ જઈશ. ત્યાં ઝાડની છાયા નીચે અમે માદીકરો ખાટલા ઉપર બેસીને કટકબટક રોટલો ખાશું–મારો દીકરો મને સોંપો. હું એને સાચવીને લઈ જઈશ!'

સૈયદ અબદુલ્લાખાન વજીરનું અંતર પીગળ્યું. એણે બાદશાહને વિનંતી કરી. માફીપત્ર મેળવી વૃદ્ધ સ્ત્રીને આપ્યું.

⊙

⊙ ⊙

વૃદ્ધ માતા બાદશાહી માફીપત્ર લઈને એક અમલદાર સાથે ચમૂતરામાં પહોંચી. સો માણસોની કતાર ત્યાં લાગી ગઈ હતી — અને આટલે દૂરથી એનું માતૃહૃદય જેની રાતદિવસ ઝંખના કરી રહ્યું હતું એ એનો જુવાન પુત્ર, દૂધભરેલ હોઠવાળો, કુંવર કનૈયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવો, સહેજ શ્યામળો, નખશિખ રૂપરૂપથી ભરેલો, ઊભો હતો — બરાબર તલવારની સામે. જલ્લાદની પાસે. એનો જ વારો હતો . . . . વૃદ્ધ સ્ત્રીના ધ્રજતા હાથમાંથી કોટવાળે બાદશાહી ફરમાન લીધું અને વાંચ્યું. વૃદ્ધ સ્ત્રી સામે જોયું. વૃદ્ધાની આંખમાંથી શ્રાવણ-ભાદરવાનાં નીર વહી રહ્યાં હતાં.

પછી એણે ધીમેથી પેલા જુવાનને બોલાવ્યો : 'આ તારી વૃદ્ધ માતા આવેલ છે. જા, તને બાદશાહી માફી મળી છે. તારી માએ અરજ કરી છે કે એ તો શીખ સૈન્યમાં અમસ્તો ભૂલથી પકડાઈ ગયો હતો, ગુરુની સાથે લડાઈમાં હતો જ નહિ.'

—અને કોઈ એકાકી વજખડક ઉપર જેમ વીજળી પડે, ભયંકર મેઘગર્જના સામે જેમ કેસરી હુંકાર કરે, એવા રુદ્રસ્વરૂપે, પેલા જુવાન સૈનિકે જવાબ વાળ્યો : 'મા કોને છે ? — મારી માતા તો એક જ છે — અને તે આ ધરતી ! જે લડાઈમાં ઘાસ ખાઈને, પાંદડાં ખાઈને, છેવટે મરી ગયેલ પશુનાં હાડકાં ખાઈને, મારા ભાઈઓ લડી રહ્યા હતા, ત્યાં જ હું પણ લડતો હતો. અમારું વીરત્વ નહિ, અનાજ ખૂટ્યું હતું —' અને એણે ફરીને દૃઢ સ્વરે મોટેથી જવાબ આપ્યો : 'હા, હું પણ ત્યાં લડતો હતો.'

'દીકરા!' વૃદ્ધ માતાનો શોકભારથી દબાતો ઠરડાતો, અનેકના અંતઃકરણને ધ્રૂજાવતો અવાજ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાવિલાપના શબ્દ જેવો, સંભળાયો ન સંભળાયો, ને કંઠમાં જ પાછો બેસી ગયો.

સૈનિક દીકરાનો વજ્રવાણીમાં જવાબ આવ્યો:

'મા! ઓ મા! ગુરુ ગોવિંદે ચાર ચાર પુત્રોનાં સમર્પણ કર્યાં અને તમને એક પુત્રનો મોહ છૂટતો નથી? — મારા સાતસો ચાળીસ ભાઈઓને છોડીને હવે હું એકલો ચાલી નીકળું? મા! — જાઓ, પાછાં ફરો. મને હવે મુક્તિમાંથી પાછો ના ફેરવો. જાઓ, મા! જાઓ! આપણા ખેતરની વાડીમાં, પેલા જાંબૂડાના ઝાડ નીચે, કોઈ કોઈ ચાંદની રાતે તમને મળવા ચાલ્યો આવીશ. જાઓ, મા! મારો કોલ છે પાછાં જાઓ!'

હાડકાંનો લોટ કરીને ખાતાં પણ જેમની છાતીમાં ધ્રૂજારી છૂટી ન હતી એવા અનેકોની આંખ આ દૃશ્યે ભીની કરી દીધી.

પણ તરત જ સિંહના બાળકની પેઠે કૂદીને, પેલો જુવાન સૈનિક તો જલ્લાદની તલવાર નીચે ઊભો રહી ગયો હતો: હસતો હસતો બોલતો હતો: 'ઓ મુક્ત! આજ તો હું પહેલો! હું પહેલો! — ચલાવો. વાહ! ગુરુ કી ફતેહ! અલખ નિરંજન!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રાજા હનમંતસિંહ

ઈ. સ. ૧૮૫૭નો સમય હતો.

મૈયા ગંગા, ગોમતી અને ગોગરાનાં પાણી માનવશોણિતથી ભરી દેવાનો, જાણે કે, નરમેધયજ્ઞ મંડાયો હતો.

ગુનેગાર કે બિનગુનેગાર, શાણો કે શયતાન, સાધુ કે સ્વાર્થી — ગમે તે હોય — ઈ. સ. ૧૮૫૭ના બળવાખોરોને એવો વિવેક કરવાનો વખત ન હતો. દાવાનળની માફક એક પછી એક ગામ ઝડપાતાં હતાં. ગંગાગોમતીને આશ્રયે આવતી અનેક હોડીઓ જેત-જેતામાં અશરણ અંગ્રેજો, સ્ત્રીઓ અને બાળકોનાં રુદન સહિત જલસમાધિ લેતી અદૃશ્ય થતી હતી.

ચારે તરફ નાસભાગ હતી. સૌ જીવવા માટે ભાગી છૂટતા હતા.

ગંગા, ગોમતી અને ગોગરા — એમના બન્ને કિનારા — જીવનને હાથમાં લઈ ને રમનારા શૂરવીરોથી, અને ભયંકર લોહીતરસ્યા ગાંડાઓથી, છવાઈ ગયા હતા. સઘળાં સ્થળ બળવાખોર સૈનિકોનાં હાથમાં હતાં.

'એ હોડી નીકળી' — એમ બૂમ ઊપડે અને એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૂમ પૂરી થાય ન થાય તે પહેલાં તો 'એ . . . ગ . . . ઈ' — એમ બૂમ ઊપડતી હતી.

વડ ઉપરથી ટેટા પાડવાની રમત જાણે ચાલતી હોય તેમ 'હોડી નીકળી! અને હોડી ગઈ!' એ પડઘાથી વાતાવરણ ગાજતું હતું.

એ વખતે કોઈ સહીસલામત ન હતું.

લખનૌ સર કરવા ઠેરઠેરથી બળવાખોરોના સૈનિકો એ તરફ પ્રયાણ કરી રહ્યા હતા. હરેક ગામડું અશાંત હતું. હરેક માણસ બળવાખોરનો સૈનિક હતો. વાતાવરણ વિશ્વાસઘાતનાં ખંજરોથી છલોછલ ભર્યું હતું. આજે બે દોકડાનો લાગતો નરમઘેંશ ચપરાશી, કાલે 'રાઇફલ' લઈને 'સાહેબ! સંભાળજો!' કહેતો સામે ખડો થઈ જતો હતો. માણસ જાણે મડદામાંથી સરજાતાં હોય તેમ, ચારે તરફના પ્રદેશમાં જ્યાં ભાડૂતી સિપાઈઓ હતા, ત્યાં આજે સૈનિકો — ઊભરાયા હતા. સઘળા જાણે કોઈ અદૃશ્ય વીજળીના આંચકા અનુભવતા ન હોય તેમ લાગતું હતું.

એવે વખતે એક નાનો સરખો જણાતો પ્રસંગ બની ગયો. પણ રણભૂમિના અનેક મહાન બનાવોમાં એની એકની અમર નોંધણી થઈ ગઈ!

ફૈઝાબાદ જિલ્લામાં સાલોની નામે ગામ છે. ત્યાંના અંગ્રેજ ઑફિસરો પ્રાણ બચાવવા માટે કાલાકંકરનરેશ રાજા હનમંતસિંહના અતિથિ બનીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં રહ્યા હતા.

નવા જમીનદારી ધારાધોરણથી અનભિજ્ઞ—આ રાજાની ઘણીખરી જમીન, અદૃશ્ય રીતે, ને ન સમજાય તેવી રીતે, ખાલસા થઈ ગઈ હતી. કાલાકંકરનરેશને શિરને સાટે ખરીદેલી જમીનો આમ ચાલી જાય, એ વસમું તો બહુ લાગ્યું હતું, અને એનો મધ્યયુગના છેલ્લા અવશેષ જેવો, જવલંત, તેજસ્વી, સ્વમાન ભરેલો ક્ષાત્ર સ્વભાવ ઘવાયો હતો — છતાં એ સઘળું જાણે બન્યું જ ન હોય તેમ, તેણે ભયત્રસ્ત અંગ્રેજ અતિથિ-ઓને પોતાને ત્યાં રક્ષણ આપ્યું હતું. શરણાગતને રક્ષણ આપવાની એની આર્ય સંસ્કારિતાએ, એમને નકાર ભણવામાં કેવળ અનાર્યતા દીઠી હતી.

કોઈએ કહ્યું પણ હતું: 'નરેશ! દાવાનળ લાગ્યો છે, ગામડેગામડું સળગી ઊઠ્યું છે, આપણું સર્વસ્વ હણી લેનારને, તમે ઊઠીને આવો આશ્રય આપો, એ અત્યારે છાજતું નથી!'

બીજાએ કહ્યું: 'હોય, ભાઈ, જમાનો છે. આપણા બાપદાદાએ માથાં રણમાં મૂકીને જમીન લીધી; આપણે માથાં અંગ્રેજોનાં ચરણમાં મૂકીને તો લઈ એ. કામનું કામ ને ક્ષત્રિયધર્મનો અંચળો!'

રાજા હનમંતસિંહને સ્વજનોનાં આવાં અનેક તીક્ષ્ણ શર જેવાં વચનો વીંધી રહ્યાં હતાં. પણ હજી એણે વિવેક ગુમાવ્યો ન હતો. એનો એક જ જવાબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો: 'ભયત્રસ્તોને ને શરણાગતોને હણવાથી આપણી રજપૂતી લાજે. એમ હણનારો રજપૂત નહિ, કસાઈ છે. ચંડાલ છે.'

અનુયાયીઓ અંદર અંદર કાન કરડે છે: 'રજપૂતી તો કોણ જાણે, પણ રાજાને મોહ થયો છે—એ ચોક્કસ! અંગ્રેજોની અત્યારે સેવા કરીને સમૃદ્ધિ જમાવવાનો શૂદ્રધર્મ રાજાને દોરી રહ્યો છે.'

પણ કાલાકંકરનરેશ રાજા હનમંતસિંહ પોતે, સાથે ચાલીને જતે, તમામ અંગ્રેજોને અલ્લાહાબાદ સામેના ઉતારઘાટ સુધી પહોંચાડી આવ્યો. સઘળા સહીસલામત હતા. છેલ્લી સલામ થઈ ગઈ. વિદાયઘડી આવી પહોંચી. ગંગા મૈયાના કિનારા ઉપર રાજા ઊભો હતો. અંગ્રેજો અલ્લાહાબાદ જવા વિદાય લઈ રહ્યા હતા.

તેમાંના એકે કહ્યું: 'રાજાસાહેબ! આવી જ રીતે અમે તમારી વધુ મદદની પણ આશા રાખીએ છીએ — બળવો સમાવી દેવામાં.'

રાજા હનમંતસિંહનું ઊંચું પડછંદ શરીર જરાક વધારે ઊંચું થયું. એ ટટ્ટાર થઈ ગયો. એનો સીનો પણ પલટાઈ ગયો. એણે જવાબ વાળ્યો: 'તમારા ઉપર અચાનક હુમલો થયો ને તમે નિરાધાર ભયત્રસ્ત બની મારે ત્યાં આવ્યા, એ વખતે મારો ધર્મ સ્પષ્ટ હતો: મેં તમને જાનને જોખમે બચાવ્યા. પણ તમે કલમને એકઝપાટે હજારો માણસોને જમીવિનહોણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી મૂકયા છે. જે જમીન મારા કુટુંબમાં સૂર્યવંશી રામચંદ્રના વખતથી ચાલી આવે છે એમ કહું તો ચાલે, તે તમે એકસપાટે ઝૂંટવી લીધી છે. તમને નિરાશ્રિતને — ભયત્રસ્તને રક્ષણ આપવું એ મારો ધર્મ હતો — પણ હવે–હવે . . .' રાજા હનમંતસિંહના શરીરમાં એક અદૃશ્ય વીજળીનો પ્રવાહ વહી રહ્યો. . . . 'હવે આવતી કાલે, મારા સઘળા મિત્રો અને સગાંસંબંધીઓના સૈન્યને મોખરે હું લખનૌ ઊપડવાનો છું. તમને અતિથિને રક્ષણ આપવાનો જેમ મારો ધર્મ હતો, તેમ મારી જમીનના અન્યાય માટે રણમાં લડવાનો કે પડવાનો પણ મારો ક્ષાત્રધર્મ છે. એ મારા બીજા ધર્મને હું ભૂલી ન શકું. હું તો મોખરે રહીને રણે જવાનો. મારો ધર્મ અવિચળ રહો !

⊙

⊙ ⊙

અમર વાણીથી પ્રોત્સાહન પામ્યાં હોય તેમ ભૈયાગંગાનાં પાણી વધારે વેગથી વહી રહ્યાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે બ્રહ્મજ્ઞાન મળે છે

ભૃગવાન ભૃગુ પોતાના અંતરમાં બ્રહ્મદર્શનની ઝાંખી કરી રહ્યા છે.

નીચે નર્મદાનાં જળ ચાલ્યાં જાય છે; સામે એના આરસના સ્વચ્છ કિનારા શોભી રહ્યા છે; નિર્મળ આકાશમાં બાલરવિની કિરણાવલિ આવી રહી છે; અને આખા વનમાં પરમ શાંતિ છે. વાતાવરણમાં જાણે મૌનની મહાભાષા પ્રગટી છે.

એવે સમયે ભગવાન ભૃગુને મળવા માટે ઋષિ-મુનિઓનું એક મંડળ વિંધ્યાટવીનાં વન વીંધીને ચાલ્યું આવતું હતું.

એ મંડળની સાથે જેણે બંસી બજાવીને સ્વરના ઉપાસકોને મુગ્ધ કર્યા હતા, સુદર્શન ગ્રહીને, શત-સમરવિજેતાઓને પરાભવ પમાડ્યા હતા, તો ગીતા ગાઈને બ્રહ્મજ્ઞાનીઓને પણ જ્ઞાનચક્ષુ આપ્યાં હતાં, એવા શ્રીકૃષ્ણ પણ હતા. અત્યારે વાત બ્રહ્મજ્ઞાનની જ થઈ રહી હતી.

ભગવાન ભૃગુની ગીતામાં આવેલી પ્રશસ્તિ —કેટલાકને અસ્થાને લાગી હતી: કેટલાકને અયોગ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી હતી.

અને હરેક મતમતાંતરનું દર્શન કરીને પ્રત્યક્ષ પ્રમાણથી જ બને તો ઉત્તર આપવાની નૈસર્ગિક શક્તિવાળા કૃષ્ણ એ સર્વ મતમતાંતરનો માત્ર સ્મિતથી જ જવાબ વાળી રહ્યા હતા.

ભગવાન ભૃગુના આશ્રમની સમીપ આવતાં જ સૌને વાયુમંડળમાં પ્રસરી રહેલો પરમશાંતિનો જાણે કે સંદેશો મળ્યો. વાતાવરણ એકદમ પ્રશાંત બની ગયેલું જણાયું. કુસુમગંધ લઈને વહેતો વાયુ પણ આમોદપ્રમોદને બદલે જાણે કે કાંઈ નવું જ સત્ત્વ લાવતો હતો.

ભગવાન ભૃગુનો અચળ અને શાંત દેહ, શાંત સમુદ્ર જેવો દેખાયો. એના ઉપર બાલસૂર્યનાં કિરણ પડી રહ્યાં હતાં. તપ્ત કાંચન જેવી એમની દેહ શોભી ઊઠી હતી.

સૌએ દૂર ઊભા રહીને શાંત રીતે નમસ્કાર કર્યા.

ભગવાન ભગુ ધ્યાનસ્થ હતા. એમનું ચિત્ત આનંદની કોઈ એવી ભૂમિકા ઉપર વિહરી રહ્યું હતું કે જ્યાં, ભય, ઇચ્છા ને સંશય સઘળાં નાસ્તિ બની જતાં હોય!

ઋષિમુનિમંડળ ઊભું રહ્યું. શ્રીકૃષ્ણે સૌને શાંત રહેવા સૂચવ્યું. પછી શ્રીકૃષ્ણે ભગવાન ભૃગુની સમક્ષ જઈને નત મસ્તકે ધીમી વાણીમાં વિનતિ કરી: 'ભગવન! બ્રહ્મા આપને મળવા આવ્યા છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંતિનો ભંગ કર્યા વિના ધ્યાનસ્થ ભૃગુ એમ ને એમ રહ્યા.

બીજી વાર કૃષ્ણે એ જ કહ્યું : 'ભગવન્! શંકર આપને મળવા આવ્યા છે!'

ઋષિમુનિઓ કૃષ્ણની આ યુક્તિ સમજી અંતરમાં હસી રહ્યા હતા. સૌને મનમાં હતું કે શંકરનું નામ પડતાં જ, ભૃગુ ધ્યાનભંગ થઈ ને, દર્શન કરવા માટે ઉત્સુક બની જશે.

પણ આશ્ચર્યની વાત હતી. એવું કાંઈ થયું નહિ. ભૃગુની ધ્યાનસ્થ મુદ્રા જેવી હતી એવી જ અચલ અને પ્રશાંત રહી.

ત્રીજીવાર કૃષ્ણે કહ્યું : 'ભગવન્! સર્વ લોકાધાર વિષ્ણુ પોતે આપને મળવા આવ્યા છે; આ ઊભા!'

અને ઋષિમુનિઓના આશ્ચર્યનો પાર ન રહ્યો. એ ની એ નિશ્ચલ પ્રશાંત મુદ્રા. લેશ પણ અશાંતિ નથી, રજ પણ ઉતાવળ નથી; તલભાર જાણે કે દર્શનની ઇચ્છા નથી. થોડીવાર થઈ અને ધીમા, ગંભીર શાંત — મૌનસાગરના અતળ ઊંડાણમાંથી આવતા હોય તેવા, શબ્દો આવ્યા : 'આ કોણ આવી અપંડિતની ભાષા આંહીં બોલી રહ્યું છે? — આ કોણ અજ્ઞાનીની પેઠે દર્શન – દ્રષ્ટાનો ભેદ આંહીં દર્શાવી રહ્યું છે? — બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ શું અંતરમાં નથી કે એમને નિહાળવાના હોય? પ્રાકૃતજનોની આ અજ્ઞાન ભાષાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોણ અનુકરણ કરી રહ્યું છે ?'

શાંત ધ્યાનસ્થ મુખમુદ્રામાંથી આવતા આ શબ્દો સાંભળતાં જ સઘળા ઋષિમુનિઓનાં મસ્તકો એકીસાથે સહજ જ શ્રદ્ધાથી, અને ભક્તિથી જ્ઞાનસમુદ્રની પાર ગયેલા આ મહાન યોગીને નમવા માટે નીચાં થઈ ગયાં !

⊙
⊙ ⊙

તે રાતે ચંદ્રામૃતધારા ઝીલતી, ધોળા નિમાળાથી શોભી રહેલી, ઋષિમુનિઓની પાછી ફરતી મંડળી, હવે બ્રહ્મજ્ઞાનની ચર્ચા કરી શકતી નથી; બ્રહ્મજ્ઞાનની સાક્ષાત્ પ્રતિમાના દર્શનથી એમની વાણી મૌનભાવ પામી છે. વાણી મૌનભાવ પામતાં ચિત્તની અનેક નાનીમોટી તેજછાયા જેવી ગૂંથણીનું સંશોધન તથા શુદ્ધીકરણ અંતરમાં ચાલી રહ્યું છે !

⊙
⊙ ⊙

અને વિંધ્યાટવીનાં વન પણ મૂંગાંમૂંગાં એમની સૌની અજબ જેવી અંતરની મૂકવાણી સાંભળી રહ્યાં છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકિંચનનો અકિંચન !

વારાણસી નગરીમાં એક અદ્‌ભુત બનાવ બની ગયો.

અન્નદાન આપવાના મહિમાની તોલે કોઈ મહિમા ન આવે, આ જ્ઞાન થતાં વારાણસીના એક શ્રીમંત શ્રેષ્ઠીએ એક દિવસ સેંકડો ભિક્ષુઓને વારાણસી નગરી તરફથી ભોજન માટે આમંત્રણ દઈ દીધું. નગરીની બહાર ભગવાન તથાગત સેંકડો ભિક્ષુઓ સાથે જ્ઞાનગંગા વહાવતા વસી રહ્યા હતા. ત્યાં આ આમંત્રણ અપાઈ ગયું. અને શ્રેષ્ઠીનું આમંત્રણ એમણે સ્વીકાર્યું.

પણ શ્રેષ્ઠી પોતે એકલો સેંકડો ભિક્ષુઓ માટેનો બંદોબસ્ત તાત્કાલિક કરી નાખે એટલો વખત ન હતો. વળી એમ કરે તો બીજાને, એમ થાય કે આપણને એણે આ લાભથી વંચિત રાખ્યા. એટલે એણે નગરજનોને એક સમિતિમાં બોલાવ્યા. જેને જેટલા યોગ્ય લાગે તેટલા ભિક્ષુઓને પોતપોતાને ત્યાં ભોજનપ્રબંધ માટે આવતી કાલે આમંત્રવાની વાત કરી. નગરજનો એક પછી એક ઊભા થવા મંડ્યા. કોઈ એ દસ ભિક્ષુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓને આમંત્રણ આપ્યું. કોઈ એ પચાસને. કોઈ એ પચીશને, કોઈ એ પાંચસોને. પોતપોતાની શક્તિ અને શ્રદ્ધા પ્રમાણે એકપછી એક આમંત્રણ અપાતાં ગયાં. ભિખ્ખુઓનો આખો સંઘ નગરીમાં વહેંચાઈ ગયો ! શ્રેષ્ઠીએ એક તમાલપત્ર ઉપર આમંત્રણ આપનારાઓનાં નામ, અને તેમને ત્યાં મોકલવાના ભિખ્ખુઓની સંખ્યા લખી લીધી.

હવે એવું બન્યું કે આ સમિતિમાં એક તદ્દન અકિંચન માણસ આવ્યો હતો. અકિંચનમાં અકિંચન !

એને પોતાને જ્યાં ખાવાના વાંધા હતા, ત્યાં એ કોઈ ને આમંત્રણ આપવા માટે તો આવ્યો ન હતો.

પણ વાતાવરણ જોઈને એને ઉત્સાહ આવ્યો. એને એમ થયું કે હું ગમે તેમ કરીને એકાદ ભિખ્ખુને તો મારે ત્યાં આમંત્રી શકું !

પોતે માંડ માગી ભીખીને પોતાનું પૂરું કરતો હતો, એ વાત જ એના મનમાંથી જાણે ઊડી ગઈ.

નગરશ્રેષ્ઠીએ તો સમિતિમાં આવેલા દરેકને તક મળે માટે દરેકને જેમ પૃચ્છા કરી હતી તેમ એનો વારો આવતાં એને પણ પૃચ્છા કરી: 'ભો મહાદુર્ગત ! તમારે ત્યાં કેટલા ભિખ્ખુ આવે ?'

મહાદુર્ગતે તરત ઊભા થઈને જવાબ દીધો: 'ભન્તે નગરશ્રેષ્ઠી ! મારે ત્યાં એક ભિખ્ખુ આવે. હું એકને માટે ભોજનનું નિમંત્રણ આપું છું !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નગરશ્રેષ્ઠીને તરત પોતાની ભૂલ તો સમજાઈ ગઈ કે આ પોતે ભિખારી હતો ને બીજા પાસેથી ભિક્ષા મેળવીને જીવતો હતો. તેને પૂછવામાં ભૂલ થઈ ગઈ, પણ તેણે એક ભિક્ષુ માટે તરત આમંત્રણ આપી દીધું, એટલે એણે વિવેકની ખાતર તે વાત સ્વીકારી લીધી. પણ એક ભિક્ષુના આમંત્રણમાં શી નોંધ કરવાની? એમ વિચારીને એની કાંઈ નોંધ ન કરી.

હવે બીજે દિવસે ભિક્ષુસંઘે નગરીમાં પ્રવેશ કર્યો. નગરશ્રેષ્ઠીએ જે પ્રમાણે નોંધ કરી હતી તે પ્રમાણે, એક પછી એક આવતા સમૂહને, જુદે જુદે સ્થળે, ભોજનપ્રબંધ માટે મોકલવાની વ્યવસ્થા કરવા માંડી.

લગભગ તમામ ભિક્ષુઓ નગરીમાં વહેંચાઈ ગયા. કોઈ બાકી રહ્યું નહિ. હવે આ તરફ જે અકિંચન માણસે એક ભિક્ષુ માટે આમંત્રણ આપ્યું હતું તેણે એ એક ભિક્ષુ માટે થઈ ને આગલે દિવસે પોતાની જાતને ઘસી નાખી હતી. અને એની વહુએ એમાં સાથ આપ્યો હતો.

બન્ને જણાં આકરામાં આકરી મજૂરીની શોધમાં નીકળ્યાં હતાં. લાકડાં ફાડવાની આકરામાં આકરી મજૂરી કરીને એણે વધારેમાં વધારે કાર્ષાપણ મેળવવા માટે ભગીરથ પ્રયત્ન કર્યો હતો. તો એની વહુ પણ ડાંગર ખાંડી ખાંડીને વધારેમાં વધારે કાર્ષાપણ મેળવવા માટે એની હરીફાઈમાં ઊતરી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ બન્ને જણાંએ આ આમંત્રણ માટે જાતને ઘસી ઘસીને એવી ઉજ્જવલ બનાવી દીધી હતી કે એમણે મેળવેલા કાર્ષાપણ જાણે અનોખી ઉજ્જવલતા પ્રગટ કરી રહ્યા હતા !

એ કાર્ષાપણમાંથી એમણે પોતાને ત્યાં આવનારા એક ભિક્ખુ માટે ઊંચામાં ઊંચા પ્રકારના ભાત લીધા. ઘી લીધું. દહીં લીધું. બીજી પણ જે સામગ્રી જોઈએ તે લીધી. કઢીમાં નાખવાના સુગંધી પાન લેવા માટે તો એ પોતે જ નદીકાંઠે ગયો. અને એ પાન મૂંગો મૂંગો નહિ, ગાતાં ગાતાં લઈ આવ્યો. આજે પોતાને ત્યાં આવનારા એક ભિક્ખુ માટે એના અંતરમાંથી જાણે નૈસર્ગિક ગાન જન્મ્યું હતું ! એ બધી તૈયારી કરતો હતો, અને સાથે સાથે મધુર ગાનની રેલંછેલ એની ઝૂંપડીમાંથી ઊઠતી હતી. રસ્તે જનારા ઘડીભર સાંભળવા થંભી જાય એવી મધુરતા, કોણ જાણે શી રીતે એના કંઠમાંથી નીકળી પડતી હતી !

આ બધી તૈયારી કરીને પોતાના એક અતિથિ ભિક્ખુને લેવા માટે એ નગરશ્રેષ્ઠીને ત્યાં દોડ્યો.

પણ નગરશ્રેષ્ઠીએ તો એની કાંઈ નોંધ લીધી ન હતી. એ જ્યારે આવ્યો ત્યારે જ એને યાદ આવ્યું કે એણે એની નોંધ રાખી જ નથી ! ને હવે કોઈ ભિક્ખુ મોકલવાનો બાકી રહ્યો નથી !

આ અકિંચન મહાદુર્ગત તો એ સાંભળીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખી દુઃખી થઈ ગયો. તે રડવા માંડ્યો. પોતાની જાતને ધિક્કારવા માંડ્યો. માથું કૂટવા માંડ્યો. એ જોઈને નગરજનો ભેગા થઈ ગયા ને તેને પૂછ્યું: 'શું વાત છે? કેમ રડે છે?'

મહાદુર્ગતે પોતાની વાત કહી. નગરજનોએ નગરશ્રેષ્ઠીને પૂછ્યું. નગરશ્રેષ્ઠીએ વાત કબૂલ કરી કે એની એક સંખ્યાની નોંધ અતિ અલ્પ જાણીને એણે લીધેલી નહિ. બાકી એણે એક ભિક્ષુ માટે નિમંત્રણ નોંધાવ્યું હતું.

નગરજનોએ એકી સાથે અવાજ કર્યો: 'તો મહાદુર્ગતને ન્યાય મળવો જોઈએ. કોઈ એક ભિક્ષુને ત્યાં મોકલવો ઘટે!'

નગરશ્રેષ્ઠીએ મહાદુર્ગતને કહ્યું: 'ભો! મહાદુર્ગત! મારો દોષ થયો છે તે માટે ક્ષમા આપવી ઘટે. એક પણ ભિક્ષુ હવે બાકી નથી. અને મારા ઘરમાંથી કોઈ નવો ભિક્ષુ સરજવાની મારી શક્તિ નથી. પણ હા, ભગવાન તથાગત પોતે, હજી સુગંધઘરમાં, આરામવાટિકામાં બેઠા હોવા જોઈએ. ત્યાં રાજાઓ, મંત્રીઓ, સેનાપતિઓ અને બીજા પણ સેંકડો મહાઅધિકારીઓ, એમના બહાર આવવાની રાહ જોતા બેઠા છે! તું ત્યાં જા. ભગવાનનું ભિક્ષાપાત્ર ઉપાડીને રાજા પોતે નગર ભણી આવશે, ત્યારે એ મહાજનમાં તું પણ સાથે સાથે ચાલતો રહે, તો તારા મનને સંતોષ થશે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાનને આમંત્રણ આપનારાઓમાં તું પણ એક છે! આ એક જ વાત બને તેવી છે.' મહાદુર્ગત તો એ સાંભળીને જ્યાં ભગવાન હતા ત્યાં દોડ્યો ગયો!

એને ત્યાં આવેલો જોઈને રાજા, ઉપરાજા, અધિકારીઓ, સેનાપતિઓ, મહાશ્રીમંતો, એકબીજાની સામે જોઈ રહ્યા! એમની દૃષ્ટિમાં આ અવિવેકી માણસ માટે ઠપકો ઊભરાતો હતો. પણ શબ્દમાં એ ન બોલાય, એમ માનીને સૌ મૂંગા મૂંગા, ઉપહાસભર્યું છાનું હાસ્ય કરીને મોં બીજી દિશામાં ફેરવી લેતા હતા!

એમાંનો એક છેવટે રહી શક્યો નહિ. તેણે મહાદુર્ગતને કહ્યું: 'અરે! દુર્ગત! તું આંહીં ભોજનસમયે કાંઈ વધ્યું ઘટ્યું લેવા વારંવાર આવે છે, પણ આજે આંહીં કાંઈ નથી, અને અત્યારે તો ભોજનનો સમય પણ નથી. તે છતાં તું આંહીં આવીને કેમ ઊભો છે?'

'ભન્તે મહાન અધિકારી! હું તો ભગવાનના ચરણમાં શિશ નમાવવા આવ્યો છું!'

અને એમ કહીને, સુગંધઘરના ઊંબરા પાસે જઈને, પોતાનું માથું નમાવીને, એ બોલ્યો: 'ભગવન્! મારા કરતાં વધારે અકિંચન આ નગરમાં કોઈ નથી! ભગવાન મારે ઘેર પધારવા કૃપા કરે. પ્રભુ! મારા કરતાં વધારે ગરીબ આ નગરમાં કોઈ નથી! આ નગરમાં અકિંચનમાં અકિંચન હું છું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીવારમાં સુગંધઘરમાંથી ભગવાન પોતે ભિક્ષા લેવા માટે બહાર નીકળ્યા. રાજાઓ, ઉપરાજાઓ, અધિકારીઓ, ટોળે મળીને આગળ વધ્યા. ભગવાનનું ભિક્ષાપાત્ર હાથમાં લેવાનું મહાભાગ્ય પોતાને મળે માટે કાશીરાજ ત્યાં ઉત્સુકતાથી સૌને મોખરે ઊભો હતો.

સેંકડો આંખો ભગવાન ઉપર ઠરી ગઈ હતી. હજારો મસ્તક નમી રહ્યાં હતાં. ભગવાનના નામનો મહા જયઘોષ ઉપાડવા માટે સૌ ઉત્સુક બની ગયા હતા. એટલામાં એક આશ્ચર્યનું આશ્ચર્ય થયું અને સૌના શ્વાસ થંભી ગયા!

ભગવાન તથાગત પોતે સુગંધીઘરમાંથી બહાર નીકળીને, જ્યાં એક તરફ પેલો મહાદુર્ગત બારણા પાસે ઊભો રહી ગયો હતો, તે તરફ ચાલ્યા! બે પગલાં એ તરફ ભર્યાં. અને હજી તો શું થાય છે એ કોઈ સમજે, તે પહેલાં મહાભિક્ષુનું પેલું મહા-મૂલ્યવાન ભિક્ષાપાત્ર, જે ઊંચકી લેવા માટે, રાજા મહારાજાઓ કયારના રાહ જોઈ રહ્યા હતા, તે ભિક્ષા-પાત્ર, ભગવાને સામે ચાલીને, સ્વયં પોતાને હાથે પેલા અકિંચનમાં અકિંચન મહાદુર્ગતના હાથમાં મૂકી દીધું!

મહાદુર્ગતને ત્યાં ભિક્ષા લેવા જવા માટેની એ સ્વીકૃતિ હતી!

ભગવાને આપેલું ભિક્ષાપાત્ર બીજો કોઈ હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના હાથમાંથી લઈ શકે નહિ એવી વણલખી ધર્માજ્ઞા હતી.

સેંકડો શ્રેષ્ઠીઓ, શ્રીમંતો, અધિકારીઓ, સ્વયં કાશીરાજ પોતે, આ જોઈને ક્ષોભ પામ્યા હોય તેમ આશ્ચર્યચકિત થઈ ગયા.

પણ એ જ વખતે કાશીનગરીમાંથી મહાદુર્ગતની પાછળ પાછળ આવેલા પેલા નગરશ્રેષ્ઠી અને સેંકડો નગરજનોના કંઠમાંથી મહાઘોષ ઊપડ્યો:

'ભગવાન તથાગતનો જય હો!

'મહાભિક્ષુનો જય હો!

'સત્યનો જય હો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિસા ગૌતમીનું ગીત

હું નિર્ધન અકિંચન હતી. બધાના તિરસ્કારને પાત્ર હતી. એવામાં દેવલોકમાંથી ફૂલ આવે તેમ, મને એક પુત્ર આવ્યો, અને તરત હું બધાને પ્રિય બની ગઈ.

કેટલો સુંદર, કોમળ, રૂપાળો એ પુત્ર હતો! હું એને રાત-દિવસ રમાડતી. એ મારો આનંદ હતો. હું બધું દુઃખ ભૂલી રહી હતી.

પણ પ્રાણ સમાન મારો એ પુત્ર એક દિવસ યમલોકમાં ચાલ્યો ગયો. 'હું જાઉં છું,' એમ મને કહેવા માટે પણ રોકાયો નહિ! હું ગરીબ, દુર્બળ, દીન, આંખમાં આંસુ સારતી, મારા આ કુમળા બાળકને લઈને, વિલાપ કરીને રખડતી ફરતી હતી. કોઈક ભગવાન ભેટી જાય અને મારા આ બાળકને સજીવન કરે એવી આશા, એ જ મારા મનનું મોટામાં મોટું આશ્વાસન હતું.

અને કોઈ દયાળુએ મને પંથ બતાવ્યો. એણે એક ઉત્તમ ધન્વન્તરીની વાત કરી.

હું બાળકને લઈને એ ઉત્તમોત્તમ વૈદરાજ પાસે ગઈ. કહ્યું: 'ભિષગ્વર! મારા બાળકને સજીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનારી દવા આપો !'

જેને જેને વ્યાકુળતાને લીધે રસ્તાની જાણ નથી, તેને તેને રસ્તો બતાવનાર એ મહાન ભિષગ્વરે કહ્યું: 'જે ઘરમાં **કોઈ દિવસ કોઈ મર્યું ન હોય,** એવા ઘરમાંથી બાઈ! એક ચપટી રાઈ તું લઈ આવ, જા !'

અને હું નગરી શ્રાવસ્તીમાં ઘેર ઘેર ફરવા માંડી. ઘેર ઘેર મેં રાઈ માગી. બધા રાઈ લાવતા, આપતા, પણ તરત કહેતા કે '**કોઈ દિવસ કોઈ મર્યું ન હોય** એવું આ ઘર નથી બાઈ! **અમારે ત્યાં પણ** મરણું થયું છે !'

હું ઘેર ઘેર ભટકી, પણ એવું કોઈ ઘર ન મળ્યું, જ્યાં કોઈ દિવસ કોઈ મરણ પામ્યું ન હોય. ત્યારે મને ભાન થયું કે અરે! જેવી જોઈએ છીએ તેવી એક ચપટી રાઈ કયાંયથી કયાંથી મળે ?

અને હું લોકનાયક ભગવાન બુદ્ધ પાસે ફરીને ગઈ.

મને દૂરથી આવતી જોઈને જ એમણે અપાર કરુણાભરેલા સ્વરે કહ્યું: 'સો વર્ષ માણસ જીવે, ને કોઈ દિવસ ન આનંદ મેળવે, ન શોક મેળવે, તેના કરતાં એક જ દિવસ જીવે, અને આનંદ-શોક બધાંનો અનુભવ મેળવીને જીવે, એ વધારે ઉત્તમ છે. આ કોઈ એક ગામનો, કે કોઈ એક કુલનો કે કોઈ એક નગરીનો ધર્મ નથી. આ તો માનવકુલનો ધર્મ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને આનંદ મળે. એને શોક મળે. એ ઉદય જુએ. એ અસ્ત નીરખે. આ ધર્મ માનવકુળનો છે. દેવ-લોકનો છે. આંહીં કાંઇ જ નિત્ય નથી. સુખ, દુઃખ, શોક, ઉદ્વેગ, લાભ, હાનિ, જીવન, મૃત્યુ કાંઈ જ નિત્ય નથી: બધું અનિત્ય છે. બધું બે પળ પછી બદલાઈ જવાનું છે. આમાં કોણ કોને નિત્ય ગણીને વિલાપ કરવાનો મોહ રાખે?'

આ વચનો સાંભળતાં મારી આંખ ખૂલી ગઈ. એ વચનોમાં શી શાંતિ હતી? શી મૃદુતા, કેવી મધુરતા, કેટલી અપાર કરુણા! જાણે કે હૃદય ઉપર કોઈ દિવ્ય ઔષધનું લેપન કરી રહ્યું હોય!

માનવકુલના આ ધર્મનું રહસ્ય જાણીને, હું શોકને તરી ગઈ. ઘર છોડીને હું ઘર વિનાની થઈ ગઈ.

જે ઘર છોડે છે, નવું ઘર મેળવવા, એ મહા-ભાગ્યશાળીઓને કોઈક દિવસ નવો પ્રકાશ મળે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેરણામૂર્તિ

શિવાજી મહારાજના દ્વારે, ભરજુવાનીમાં આવેલો આસ્સો છ ફૂટ ઊંચો, કદાવર દેખાવનો, એક ચપળ રજપૂત જુવાન આવીને ઊભો રહ્યો.

એનો સીનો જોઈ ને જ મરાઠા દ્વારપાળે સાવધાન બની પોતાનાં હથિયાર સંભાળ્યાં. આગ્રેથી છૂટીને આવ્યા પછી — હમણાં હમણાં પાછી મોગલો સાથે રાજની લડાઈ શરૂ થઈ હતી. તાનાજી માલુસરે જીવના મહા જોખમે ઉદેભાણુ પાસેથી કોંડાણુ — સિંહગઢ પાછો મેળવ્યો હતો; પુરંદર પડ્યું હતું; પંદર હજાર ઘોડેસવારી લશ્કર સાથે મહારાજ સૂરતનો છાપો મારીને પાછા આવી ગયા હતા; અને ખુદ ખાનદેશની રાજધાની મરાઠી સવારોના પડઘાથી ધ્રૂજતી હતી. એટલે એવે સમયે કોઈ દગોફટકો રમી ન જાય, માટે દરેકે દરેક માણસ સાવધ થઈને જ ઊભો રહેતો.

આવનાર જુવાનનો વેશ શિકારી જેવો હતો. તે દ્વારપાલની પાસે આવ્યો. 'મારે મહારાજને મળવું છે!'

દ્વારપાલ જવાબ આપ્યા વિના એની સામે જોઈ રહ્યો. બીજા પણ આઠદસ સનિકો ત્યાં આસપાસ ગોઠવાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા: 'શું કામ છે?' દ્વારપાલે પૂછ્યું.

'આ એક ચીજ છે મારી પાસે—' એમ કહીને એણે પોતાની પાસેનું એક કબૂતર બતાવ્યું. 'મહારાજને, સાંભળ્યું છે, શોખ છે કબૂતરની રમતનો, તો હું દૂર–દૂરથી એ બતાવવા માટે આવ્યો છું!'

'એમ કે?' કોઈએ જવાબ આપ્યો. પણ સૌ એકબીજાની સામે આંખ મીંચકારી રહ્યા હતા.

એટલામાં જરાક ગડબડ થઈ રહી અને ખુદ શિવાજી મહારાજ પોતે બહાર આવતા દેખાયા. એમના નાના દેહમાં પથરાયેલી અજબ વીરશ્રીથી એ શોભી રહ્યા હતા. ગરુડના જેવી એમની ચપળ આંખો પહેલે જ સપાટે આવનાર રજપૂત જુવાન ઉપર અટકી પડી: 'આ કોણ છે?' એમણે જુવાનને આગળ વધવા ઈશારત કરી.

જુવાન આગળ વધ્યો. પણ દરેકે દરેક મરાઠા સનિક તીક્ષ્ણ ભેદકદૃષ્ટિથી એની આંગળીએ આંગળીની હિલચાલ જોઈ રહ્યો હતો. જુવાન રજપૂત આગળ આવ્યો. મહારાજને તલવાર નજર કરી. જરાક પાછો હઠ્યો. નમ્રતાથી બોલ્યો: 'મહારાજ! મારી પાસે એક કબૂતર છે. લડાઈમાં પાવરધું છે. કોઈ એ હજી એને જીત્યું નથી.'

'એમ?' મહારાજના ચહેરા ઉપર જરાક સ્મિત ફરકયું. 'કયાં છે?—અમારા કબૂતર સાથે મેળવી જુઓ—'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરત મહારાજ પાછા અંદર દરબારમાં ગયા. નાની સરખી કચેરી જેવું થઈ ગયું. જુવાન રજપૂતના કબૂતર સાથે મહારાજનું કબૂતર લડાઈમાં ઊતર્યું. સૌ જોઈ રહ્યા. પણ રજપૂતનું કબૂતર જીત્યું.

પરંતુ મહારાજનું દિલ એ લડાઈમાં ન હતું. એણે તો જુવાનને જોતાં જ નક્કી કર્યું હતું કે આ કોઈ અજબ વીર છે, ને કબૂતરનો ખેલ તો એક નિમિત્ત માત્ર છે.

મહારાજે જુવાન સામે જોયું: 'કયાં રહેવું જુવાન? —કબૂતર તો ભારે નામી રાખ્યું લાગે છે!'

'રહેવું બુંદેલખંડમાં મહારાજ'

'બુંદેલખંડમાં?—મહારાજ ચંપતરાયનાં વંશમાં હવે કોઈ જાગે છે કે?'

બુંદેલખંડમાં આવેલ મહોબાની રિસાયત વિષે અને તેના રાજા ચંપતરાયના શાહી સૈન્ય સામેના બહારવટા વિષે, મહારાજે ઘણું સાંભળ્યું હતું. વિન્ધ્યવાસિની દેવીને બુંદબુંદ લોહી આપીને અમે બુંદેલા થયા છીએ એવી એમની કુલપરંપરાની વીરગાથા પણ તેમણે સાંભળી હતી. એટલે જ મહારાજે જરા દાણો દાબવા પૂછ્યું હતું.

જુવાન કાંઈ બોલ્યો નહિ. નીચે જોઈ ગયો.

'કેમ બોલ્યા નહિ, ચંપતરાયના વંશ વિષે?'

'મહારાજ! હું જ ચંપતરાયનો પુત્ર આપની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે વખાનો માર્યો આવ્યો છું. મેં મીરજા રાજા જયસિંહ પાસે રહીને કામ કર્યું છે. મહારાજ જ્યારે મીરજા રાજાને મળવા આવ્યા ત્યારે જ મોહિની લાગી હતી કે મહારાજના સૈન્યમાં રહી જાઉં. આજે તમારી પાસે એ માટે જ આવ્યો છું. મને યોગ્ય કામ આપો. કોઈ કામમાં હું પાછો નહિ પડું. મારે હવે મુગલ સૈન્યમાં રહેવું નથી એ મારી પ્રતિજ્ઞા છે.'

મહારાજ તો જુવાન રજપૂત સામે જોઈ જ રહ્યા હતા. તેણે ધીમે રહીને—શાંત વાણીમાં જવાબ વાળ્યો: 'તમે ચંપતરાયના સૌથી નાના પુત્ર ?'

'હા, મહારાજ !'

'તમારું નામ ?'

'છત્રસાલ !'

'એમ ? ત્યારે જુવાન છત્રસાલ ! તારી જન્મભૂમિ ત્યાં પરાધીન રહેશે અને તું મારે ત્યાં નોકર રહેશે ? તું વીરનો પુત્ર છે; તું વીર છે. જુવાન ! તું બેઠો થઈ જા. આ તારું પડછંદ શરીર, આ તારી રાજવંશી મુખમુદ્રા, આ તારી જુવાની, એ સઘળાં તારી જન્મભૂમિ—બુંદેલખંડના ચરણમાં આપવાનાં હોય ! તને રાજાના પુત્રને કોઈ ને ત્યાં સરદાર થવાનું સ્વપ્નું પણ કેમ આવે છે ? તારી કુલદેવી વિંધ્યવાસિનીદેવી પાસે જા —એ તને માર્ગ બતાવશે.'

'મહારાજ ! આપને પર્વતમાળા રક્ષે છે, માતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવાની હાજરાહજૂર છે, હિન્દુત્વને આપે જગાડયું છે—હું તો આપને ચરણે જ શોભું !'

મહારાજ શિવાજીએ વીરવાણીમાં જવાબ વાળ્યો: 'તારી માતાએ, ખુલ્લી સમશેરે, તારા પિતાની પાછળ મળવા આવેલા મિત્રો, દુશ્મનો છે એમ માનીને બહારવટું ખેડતા તારા પિતાને બહારવટાના દિવસોમાં એક વખત જે વેણ કહ્યું હતું તે કોઈ કવિએ—ભાટ-ચારણે—યાદ રાખીને તને સંભળાવ્યું હોય તેમ નથી લાગતું ! લે, તો હું સંભળાવું. તારી માતાએ, ખુલ્લી સમશેરે, તારા પિતાના દેહની આડે વજ્જર કિલ્લાની જેમ ઊભા રહીને આવનારાઓને કહ્યું હતું કે, 'જ્યાં સુધી તમે મારા રાઈ રાઈ જેવડા ટુકડા નહિ કરી નાખો, ત્યાં સુધી હું ખસવાની નથી. હું જ મારા પતિનો કિલ્લો છું !'

'પછી તો ખબર પડી કે મળવા આવનારા દોસ્તો છે, દુશ્મનો નહિ, પણ એ વીરવચન જે નીકળ્યું તેને કવિલોકોએ અમર બનાવી દીધું છે. તારી પાસે એ માતાનો વારસો છે જુવાન ! તારે નોકરી ન હોય. સરદારી તારે ન હોય !'

⊙

⊙ ⊙

જુવાન છત્રસાલની આંખમાં આંસુ આવી ગયાં એને પિતાનું બહારવટું બરાબર યાદ હતું. પોતે સાત વર્ષનો હતો ત્યારે—માતાએ, પ્રેમથી માથે હાથ ફેરવીને,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારંવાર ચુંબન કરી હેતથી ભેટી મામાને ત્યાં રવાના કર્યો એ અને જંગલની કેડીએ વારંવાર પાછું ફરીને જોતી, અને નિશાનીઓ કરતી—પતિની સાથે છાયાની પેઠે ફરવા, બહારવટામાં સાથે રહેવા, તે ચાલી નીકળી એ દિવસ એને બરાબર યાદ હતો.

અરે ! તે દિવસે એ સઘળાં એક વડની છાયા નીચે ઊભાં હતાં. ચાર ઘોડા હણહણાટી દેતા હતા. મામાનો વિશ્વાસુ માણસ એને તેડવા આવ્યો હતો. માતા ચુંબન કરતી હતી. એને ખોળામાં તેડ્યો હતો. એના માથા ઉપર—એના વાંસા ઉપર એ પ્રેમથી હાથ ફેરવી રહી હતી—'મારો છત્રુ તો હીરો થવાનો છે, આ હીરો એનો છે' એમ વહાલથી ગદ્‌ગદ કંઠે બોલીને, એક હીરો માતાએ વિદાય વેળાએ આપ્યો હતો. અત્યારે એની ભેટમાં એ હીરો હતો.

જુવાન છત્રસાલ. ઘડીભર સાત વર્ષનો બનીને માનો ખોળો શોધી રહ્યો હતો. મહારાજના વેણે તો પછી પિતા માતા રવડી રખડીને, દુશ્મનોના હાથમાં સપડાઈ ને મરણ એને પામ્યાં હતાં એ પણ સઘળું અત્યારે નજર સમક્ષ તરી આવ્યું. એને પિતાનો છેલ્લો અવાજ જાણે સંભળાતો લાગ્યો: 'છત્રુ, દોડજે !' અને એનો હાથ અચાનક જ તલવાર ઉપર ગયો —મરાઠાનો દરેકે દરેક સરદાર સચેત થઈ ગયો. પણ માતાના અદ્‌ભુત નામની અસર જાણનાર મહારાજ શિવાજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠા થઈ ને પોતે જ વીર છત્રસાલ પાસે ગયા. હાથ પકડીને તેને ઊભો રાખીને પ્રેમથી ભેટ્યા: છત્રસાલ, મહારાજની સામે હાથ જોડીને ઊભો રહ્યો. એનું હૃદય કામ કરતું ન હતું. એને આમ પ્રેમથી બોલાવનાર આજે પહેલવહેલા મહારાજ જ મળ્યા. શિવાજી મહારાજ તેજસ્વી વાણીમાં બોલ્યા: 'વીર! નરસિંહ! તું તારી જન્મભૂમિમાં સ્વતંત્રતાનો ઝુંડો ફરકાવ. હું તારી પડખે ઊભો છું. મારા ત્રીસ હજાર સવારો તારી પડખે ઊભા છે. જા, માતા વિંધ્યવાસિનીને શરણે જા! તારી જન્મભૂમિને જગાડ—જા, નરસિંહ! જા, તું બુંદેલને જાગ્રત કરી દે. તને એ શોભે—જીવનભર એકાકી રણ વેઠનાર ચંપતરાયનો સિંહસુત–કયાંય સરદાર ન હોય!

છત્રસાલે મહારાજને ચરણે નમસ્કાર કર્યા. મહારાજે એની પીઠ થાબડીને કહ્યું: 'જા, નરસિંહ! જા તું તારું નામ અમર કર!'

તે દિવસે મોડેથી જ્યારે છત્રસાલ દરબાર છોડીને નીકળ્યો, ત્યારે એના દેહસમસ્તમાંથી એક જાગ્રત વાણી બોલી રહી હતી. એના અંતરમાં એક નવું સ્વપ્ન જન્મ્યું હતું.

અને એ જ સાંજે છત્રસાલ અને એની પત્ની દેવકુંવરી બુંદેલખંડ તરફ ઘોડેસવાર બનીને ચાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળ્યાં. થોડાં વર્ષો પહેલાં આ જ પ્રમાણે એના પિતા ચંપતરાય અને એની માતા કાલીકુંવર બહાર-વટું ખેડવા નીકળ્યાં હતાં ! તેજ અને છાયાની પેઠે સાથે—અર્થ અને વાણીની પેઠે એક રૂપે. આજે એનો જુવાન પુત્ર એ જ રસ્તે ચાલી નીકળ્યો. એની પડખે પણ દેવકુંવરનો ઘોડો દોડી રહ્યો હતો. બન્ને રણ જગાડવા જતાં હતાં–જાણે सह वीर्यं करवावहै—એ ઉપનિષદ્‌મંત્રના મૂર્તિમાન આચરણરૂપે.

જુવાન છત્રસાલે, થોડા જ વખતમાં મહારાજની આપેલી પ્રેરણામાંથી પોતાનો દૃઢ નિશ્ચય કરી લીધો.

—અને થોડા દિવસ પછી, વડીલોની શિખામણ ઉપરવટ થઈ ને, કેવળ પોતાની સમશેર ઉપર આધાર રાખીને, ડુંગરમાળામાં ફના થઈ જવાનો સંકલ્પ કરીને, હજી તો જીવનના પહેલા પગથાર ઉપર ઊભેલો, વિંધ્યવાસિનીના સ્વપ્નથી ભરેલો, એકવીસ વર્ષની ઊગતી જુવાનીનો, તરુણ છત્રસાલ, માત્ર પાંચ સવારો સાથે, દિલ્હીની હજારોની સેનાનો સામનો કરવા માટે જ્યારે ભગવતી નર્મદાનાં પાણી ઓળંગીને સામે પાર ગયો, ત્યારે એની સંગેમરમરની ડુંગરમાળા ડોલી ઊઠી ! જાણે એમ બોલતી હોય કે કોઈ શિલ્પી આ વીર મૂર્તિ ને ઘડે, ત્યારે અમારામાંથી કોઈ ને એ ભાગ્ય ફળજો—અમારામાંથી કોઈ ને એ ભાગ્ય મળજો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રાજધર્મ

એકાંત મધુરી રાત્રિ હતી. નવયૌવના સ્ત્રી હતી. સ્વરૂપવાન હતી. વળી પોતે જ પ્રેમ યાચી રહી હતી. પુરુષને એના કરતાં વધારે નશો બીજી કોઈ વાતનો ચડતો નથી.

મહારાજ છત્રસાલના જીવનમાં ઘણા કપરા પ્રસંગો આવ્યા હતા; આજે આકરો આંક હતો.

એમણે ઘણાં યુદ્ધો જોયાં હતાં; આજનું યુદ્ધ અજબ હતું.

એક ઘડીભર તો મહારાજ છત્રસાલ પણ વિચાર-નિદ્રામાં પડી ગયા.

'પણ બાઈ! તમે તો મને તેડાવ્યો છે, તમારું દુઃખ કહેવા, અને દુઃખ તો તમે કીધું નહિ!'

'દુઃખ?—ના, ના, મેં તો કાગળમાં લખ્યું હતું—વેદના—વ્યથા—શરીરને તાવી નાખનારી મહાવ્યથા.'

'તમારું નામ?'

'પ્યારીબાઈ ભાટિની.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ત્યારે તમારી વ્યથા જણાવો બાઈ!'

'વ્યથા તો મહારાજ!—' એક ઘડીભર એના મોં ઉપર સ્ત્રીસહજ શરમની સુરખી પથરાઈ ગઈ. પણ એથી તો એનું યૌવન વધુ શોભી ઊઠ્યું. વધુ આકર્ષક બની ગયું.

હરેક સ્ત્રીને ખબર હોય છે, અને પ્રેમ યાચવા જેટલી ધૃષ્ટ બનેલી મોહમુગ્ધ સ્ત્રીને તો વધારે ખબર હોય છે, કે એના અપૂર્ણ જવાબોમાં એનો સંપૂર્ણ વિજય રહ્યો છે; એના અર્ધસંદિગ્ધ ઉત્તરોમાં રતિનાથનાં શર રહ્યાં છે; એની શરમ ભરેલી સુરખીમાં અજબ આકર્ષણ રહ્યું છે. પ્યારીબાઈ વધુ બોલી નહિ—પણ મોહક નજરે મહારાજને નિહાળી રહી.

'પણ તમે મને કાગળ લખ્યો, દુઃખ કહેવા માટે તેડાવ્યો, હું રાજા તરીકે તમારી પાસે આવ્યો છું, અને તમારા દુઃખની સ્થિતિ તો જણાતી નથી.'

મર્યાદાનાં સઘળાં દ્વાર ધૃષ્ટતાએ જીતી લીધાં હતાં. પ્યારીબાઈ ભાટિની સ્વચ્છંદમાં આનંદ લેતી હોય તેમ બોલી: 'મેં તમને એટલા માટે જ તેડાવ્યા છે, મહારાજ! હું અનાથ છું. પુરાણમાં સાંભળ્યું છે તેમ તમે મને સનાથ કરો. મારે એક તમારા જેવો જ પુત્ર જોઈએ છે — નહિતર સ્ત્રીહત્યા તમારે કપાળે આવશે જ.'

મહારાજ છત્રસાલ દિઙમૂઢ બની ગયા. વિચારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી ગયા. પ્યારીબાઈના આત્મહત્યાના પાપથી ધ્રૂજી ઊઠયા. મોહમાં ધૃષ્ટ બનેલી સ્ત્રી શું ન કરે? તેમણે ધીમે ધીમે શાંતિથી વિચાર કરતાં કરતાં જવાબ વાળ્યો.

'તમે એમ કહ્યું કે તમારે પુત્ર જોઈએ છે, કાં?'

'હા, મહારાજ! એક પુત્ર! તમારા જેવો જ!'

'મારા જેવો જ, કેમ?'

'હા, મહારાજ!'

પણ પ્યારીબાઈ ભાટિની એટલું બોલીને બેચાર ડગલાં પાછળ હઠી ગઈ.

મહારાજ છત્રસાલ પોતે ત્યાં લાંબા થઈને પુત્રની પેઠે પ્યારીબાઈના ચરણમાં આળોટતા હતા!

'અરે! મહારાજ! મહારાજ! આમ ન હોય'—એમ બોલતી તે બેચાર ડગલાં વધુ પાછી હઠી. પણ મહારાજ છત્રસાલ એના ચરણ પાસે લાંબા થઈને માથું તેના ચરણ ઉપર મૂકીને બોલી રહ્યા હતા; 'મા! બોલો, મા! હું જ તમારો પુત્ર છું! હું જ તમારો પુત્ર! બોલો મા! શી આજ્ઞા છે?'

⊙
⊙ ⊙

અનંગભસ્મ શમાવવા ઝરતાં હોય તેમ, પ્યારીબાઈ ભાટિનીનાં નેત્રોમાંથી મહારાજ છત્રસાલના માથા ઉપર આંસુ ઝરી રહ્યાં હતાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજન્મ વૈરાગી

એ સમયે મગધ અને બંગાળામાં મહીપાલની સત્તા હતી.

એને અધીન રહીને માંડલિક કલ્યાણશ્રી વિક્રમપુરીમાં રાજ કરતો હતો. કલ્યાણશ્રીને તેની રાણી પ્રભાવતીથી ત્રણ પુત્ર થયા. પદ્મગર્ભ, ચન્દ્રગર્ભ અને શ્રીગર્ભ.

વિક્રમપુરીના 'કાંચનધ્વજ' મહેલનો ત્યાગ કરવાનું અને ભગવાન તથાગતની પેઠે જ્ઞાનભિક્ષુ બની ઐચ્છિક ગરીબી સ્વીકારવાનું મહાભાગ્ય કુમાર ચન્દ્રગર્ભના કપાળમાં લખાયેલું હતું.

એવું મહાભાગ્ય કોઈકને જ મળે છે. એવો સર્વત્યાગનો મહા ધર્મ કોઈક જ સ્વીકારે છે. કુમાર ચન્દ્રગર્ભે એ માર્ગ સ્વીકાર્યો.

એક દિવસ જંગલમાં ઘૂમતાં ઘૂમતાં તેને સમાચાર મળ્યા કે મહાપંડિત જેતારિ એટલામાં ક્યાંક પાસે જ રહે છે.

શોધતો શોધતો રાજકુમાર મહાપંડિતને મળવા ચાલ્યો. તેની પાસે જઈ નમ્રતાપૂર્વક અભિવાદન કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેતારિએ પૂછ્યું: 'કોણ છો?'

કુમાર ચન્દ્રગર્ભે ઉત્તર વાળ્યો: 'આ દેશના સ્વામીનો હું બીજો પુત્ર થાઉં!'

આવી વાણી સાંભળવાની જેને ટેવ ન હતી કે જરૂર ન હતી એવા જેતારિએ શાંત વાણીમાં ઉત્તર આપ્યો: 'અમારે કોઈ દેશ નથી, કોઈ સ્વામી નથી, કોઈ દાસ નથી. તું ધરણીપતિનો પુત્ર હો તો તારે આંહીંથી જવું જોઈએ. અમારે મન કોઈ ધરણીપતિ નથી!'

કુમાર ચન્દ્રગર્ભે વૈરાગી જેતારિના આ શબ્દોમાં રહેલ સર્વત્યાગનું સામર્થ્ય જોયું. અને તે એના ચરણમાં લોટી પડ્યો: 'ભગવાન! ત્યારે તો હવે આપ જ મને માર્ગ દર્શાવો. જે ઉપાસના વડે સકળ વિશ્વમાં કોઈ સ્વામીરૂપે કે કોઈ દાસરૂપે રહેતું નથી, તે જ્ઞાન આપ જ મને આપો!'

'એ જ્ઞાનની ઉપાસના માટે તારે ભગવાન તથાગતની ચરણધૂલિથી પવિત્ર થયેલ, નાલંદા વિદ્યાપીઠની ભૂમિમાં પ્રવેશ કરવો પડશે. તે વિના એ ન મળે.'

કુમાર ચન્દ્રગર્ભ ભિક્ષુ બનવા ચાલી નીકળ્યો. નાલંદા વિદ્યાપીઠના સ્થવિર બોધિભદ્ર સામે બાર વર્ષની કુમળી વયનો બાળક, આજન્મ વૈરાગીની મહાપ્રશાંત મુદ્રાથી જ્યારે ઊભો રહ્યો, અને નતમસ્તકે 'શ્રમણદીક્ષા' માટે એણે વસ્ત્રગ્રહણ કર્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે કોઈના અંતરમાં ખ્યાલ પણ ન હતો કે આ નાનો બાળક એક વખત દીપંકર શ્રીજ્ઞાન કહેવાશે. અને નાલંદા વિદ્યાપીઠની દિગંતવ્યાપિની કીર્તિ ફેલાવનાર આચાર્ય શાન્તરક્ષિતની માફક, હિમાલયની પેલી પાર ભારતવર્ષનો વિશ્વશાંતિનો સંદેશો લઈ જશે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



જન્મભૂમિના છેલ્લા સાથી

ભગવાન તથાગતે પ્રગટાવેલો જ્ઞાનપ્રદીપ ભારતવર્ષની સીમાઓ વટાવી દૂર દૂરના પ્રદેશોમાં પ્રકાશ આપી રહ્યો હતો.

જીવન, શાંતિ માટે છે, જ્ઞાન માટે છે, પ્રકાશ માટે છે, સેવા અને સમર્પણ માટે છે. એ ભાવના ભારતવર્ષની ચાર દિશાઓ ઓળંગીને, હિમાદ્રિનાં ઉત્તુંગ શિખરોની પેલી પાર, તિબેટનાં મેદાનોમાં ફેલાઈ ગઈ હતી. એ સમયે તિબેટમાં રાજ્ય યેશે–ઓ [જ્ઞાનપ્રભ]ની સત્તા હતી.

જેમણે જ્ઞાનની જ ઉપાસનામાં સર્વસ્વ અર્પણ કર્યું હતું એવા મહાપંડિતોથી, ભારતવર્ષનો વિક્રમશીલાનો મહાવિહાર એ વખતે, શોભી રહ્યો હતો. એ મહાપંડિતોમાં પ્રધાન સ્થાને, જેમણે સંસાર અને રાજપાટનો મોહ તજીને, અગિયાર વર્ષની કુમળી વયે જ્ઞાનભિક્ષુ બનવાની તૈયારી કરી હતી અને પચાસ–પચાસ વર્ષના જ્ઞાનયજ્ઞને અંતે જ્ઞાનમૂર્તિરૂપ બની ગયા હતા તે ભગવાન અતિશા—આચાર્ય દીપંકર હતા. એ જ એક વખતના વિક્રમપુરીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુમાર ચંદ્રગર્ભ.

ભગવાન તથાગતે પ્રગટાવેલો પ્રકાશ ટિમેટમાં ઝાંખો થતો જાય છે એ જોઈને, રાજા જ્ઞાનપ્રભે ભારતવર્ષથી ધુરંધર પંડિતોને બોલાવવાનો નિશ્ચય કર્યો. પણ એ નિશ્ચય અમલમાં મુકાય તે પહેલાં રાજા જ્ઞાનપ્રભ પાડોશી રાજાને હાથે સપડાઈ ગયો ને કેદમાં પડ્યો.

રાજાને મુક્ત કરવા માટે તેના કુમાર ચન્દ્રછુપ્—ઓ [બોધિપ્રભ] ને શત્રુરાજાએ મુક્તિ દંડ માટે કહેવરાવ્યું. બોધિપ્રભ સુવર્ણ લઈને ત્યાં પહોંચ્યો. દુશ્મન રાજાની માગણી કરતાં સુવર્ણ ઓછું નીકળ્યું. પિતાને આશ્વાસન આપવા, અને પોતે વધુ સુવર્ણ લઈને જલદીથી પાછો ફરશે એ સમાચાર કહેવા, તે કેદખાનામાં ગયો.

પણ તે વખતે જ્ઞાનપ્રભે કુમારને કહ્યું: 'પુત્ર! જે સુવર્ણ, ભારતવર્ષથી પંડિતો બોલાવી આપણા દેશમાં જ્ઞાનદીપક પ્રકટાવવા માટે, એકઠું કર્યું છે, તે તું આવા કામ માટે વાપરવાનું યોગ્ય ધારે છે?'

કુમાર બોધિપ્રભે જવાબ વાળ્યો: 'પિતાજી! આપ વૃદ્ધ છો. હવે આપને પણ શાંતિ મળવી જોઈએ.'

પિતાએ જવાબ વાળ્યો: 'હે પુત્ર! હું વૃદ્ધ છું. મારું શરીર હવે રાજધર્મને માટે શક્તિમાન રહ્યું નથી. આજ નહિ તો કાલે પણ આ દેહ પડવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો છે જ. તું હવે મારી ચિંતા છોડી જ્ઞાન માટે સંગ્રહેલું ધન, જ્ઞાનદીપ પ્રકટાવવામાં જ વાપર. ભગવાન અતિશાને સન્માનપૂર્વક પધરાવીને આપણા દેશમાં જ્ઞાનની જ્યોતિ ફેલાવવાના કામમાં ઉદ્યુક્ત થા. નશ્વર દેહનો મોહ આવે સમયે ન હોય.'

'અને પિતાજી! તમે કેદમાં રહો?'

'મને જર્જરિતને હવે શાનો ભય છે? દેહ બહાર પડે કે આંહીં પડે એમાં શું તફાવત છે? મોહમાં પડીને તું તારી ધર્મભાવનાને તજતો નહિ.'

કુમાર ગદ્‌ગદ્ કંઠે વધુ બોલી શકયો નહિ. પિતાની આજ્ઞાનું પાલન કરવા તેણે બે હાથ જોડી નમન કર્યું—અને માથું તેમના ચરણમાં ધર્યું. વૃદ્ધ પિતાનો આશીર્વાદ દેતો હાથ, તેના માથા ઉપર એક ઘડી અટકયો—ન અટકયો, ત્યાં રાજાજ્ઞા થઈ, અને કુમારે ભારે હૈયે પિતાની છેલ્લી રજા લઈ લીધી.

૦ ૦
૦

શરદ્ઋતુનાં નિર્મળ વાદળ જેવા અનેક ભિક્ષુઓથી શોભી રહેલા વિક્રમશીલા વિદ્યાપીઠમાં ટિબેટના યાત્રાળુઓ આવ્યા ત્યારે ત્યાંનું પરમ શાંત વાતાવરણ જોઈ ને ઘડીભર તો દિઙ્‌મૂઢ બની ગયા. જ્યાં જુએ ત્યાં અંતેવાસીઓ મંદ સુમધુર સ્વરે, આસવની પરિશુદ્ધિ અર્થે, ચર્ચા કરી રહ્યા છે; કેટલાક અર્થ કરે છે, કેટલાક અર્થ સમજે છે; કેટલાક સેવા કરી રહ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે; કેટલાક પરમ શાંતિમાં ધ્યાનસ્થ બેઠા છે. કયાંય કલહ નથી, અશાંતિ નથી, ઉતાવળ નથી.

ભગવાન અતિશા પાસે, ટિબેટનિવાસી યાત્રીઓએ જ્યારે રાજા યેશે—ઓ [જ્ઞાનપ્રભ]ની બંધનાગારમાં રહ્યાં રહ્યાં પણ ભારતીય પંડિતો માટેની અંતિમ ઈચ્છા વ્યક્ત કરી, ત્યારે ભગવાન એટલું જ બોલી શકયા: 'ઓહો ! તમે ટિબેટના લોકો જ્ઞાનપૂજા માટે કેટલી કામના ધરાવો છો ? હું વૃદ્ધ થયો છું, પણ વૃદ્ધ રાજાની અંતિમ ઈચ્છાને માન આપીશ.'

અને ત્યાર પછી એક દિવસ સંઘસ્થવિર પાસેથી આર્દ્રહૃદયે ભગવાન અતિશાએ ટિબેટ જવાની અનુમતિ મેળવી.

જાણે ભારતવર્ષમાંથી હમેશને માટે વિદાય લેતો હોય તેવો બૌદ્ધભિક્ષુઓનો એક નાનો સંઘ બુદ્ધ ગયા તરફ જવા નીકળ્યો. ટિબેટ–પ્રસ્થાન સમયે આચાર્ય દીપંકરને વળાવવા માટે આવેલા રત્નકીર્તિ, વૈરોચનરક્ષિત, કનકશ્રી વગેરે પંડિતો શોકપૂર્ણ હૃદયે, રામ વિનાની સૂની અયોધ્યા જેવી દીપંકર વિનાની સૂની વિક્રમશીલા તરફ પાછા ફર્યા.

ત્રણસો વર્ષ પહેલાં આ જ પ્રમાણે નાલંદા વિદ્યાપીઠના આચાર્ય શાંતરક્ષિતે ધર્મચક્રપ્રવર્તન માટે ભારતવર્ષમાંથી ટિબેટ તરફ પ્રયાણ કર્યું હતું, અને પોતાનો દેહ હિમાદ્રિને ચરણે ધર્યો હતો; આજે એ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે સાઠ વર્ષની વૃદ્ધ વયે આચાર્ય દીપંકરે ભારત-વર્ષની સીમા ઓળંગી.

જ્યાં ટિબેટ અને ભારતની ભૂમિ મળે છે, ત્યાં આચાર્ય એક ઘડીભર થોભ્યા; પોતે હવે જે જન્મ-ભૂમિને ફરીને જોવાના નથી, એ બુદ્ધચરણ ધૂલિથી પવિત્ર થયેલી ભૂમિને એક વખત નજર ભરીને નિહાળી લીધી.

અને એમણે શું જોયું ?

જ્યાં નજર કરો ત્યાં નજર ઠરી જાય એવું કોઈ અદ્‌ભુત સૌન્દર્ય પૃથ્વીમાં વિલસી રહ્યું હતું. વિક્રમશીલા વિદ્યાપીઠની દિશા તરફ એક લાંબી છેલ્લી નજર કરી ભગવાન અતિશાએ પ્રસ્થાન કરવા માટે પગ ઉપાડ્યો. એટલામાં ત્યાં થોડે દૂર, નિરાધાર, નમાયાં, તદ્દન નાનાં, એવાં કૂતરાનાં ત્રણ બચ્ચાં એમણે દીઠાં. કરુણામય હૃદયે, માતૃભૂમિની છેલ્લી છેલ્લી નિશાની જેવાં એ ત્રણે અનાથ બચ્ચાંને, સાઠ વરસના આ વૃદ્ધ આચાર્યે અત્યંત પ્રેમથી, પોતાના ચીવરમાં જ ધારી લીધાં. એક ડગલું આગળ ભરી ટિબેટની ભૂમિમાં પ્રવેશ કર્યો અને બીજે ડગલે ભારતભૂમિનો સ્પર્શ છૂટી જઈ આચાર્યના હૃદયમાં એની મધુરસ્મૃતિ માત્ર રહી ગઈ; પણ ચીવરમાં ધારણ કરેલાં, માતૃભૂમિનાં જીવનસંગાથી જેવાં, નિરાધાર નમાયાં પેલાં ત્રણ બચ્ચાં એમના વૃદ્ધ-હૃદયમાં આજે કંઈ કંઈ ભાવો જગાડી રહ્યાં હતાં !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ગુરુમંત્ર

દિલ્હી નગરીના નિદ્રાધીન નાગરિકો! આ દૃશ્ય ફરી ફરીને જોવા નહિ મળે હો! કોઈ જાગતા નથી? પહેરેગીરો પણ શાંત છે! આશ્ચર્યમુગ્ધ બનેલા તારાઓ! તમને પણ આવું દૃશ્ય તો એકાદ યુગમાં એકાદ વખત જ જોવા મળે છે નાં? પછીનાં વર્ષોમાં તો એની સ્મૃતિથી જ તમારા મોં પર તેજરેખા દેખાય છે; ખરું કે?

ગુરુ તેગબહાદુરનું શબ છ સાત દિવસ થયાં દિલ્હીની બજારમાં રખડે છે. એ કાંઈ બહુ અફસોસનો વિષય નથી. દરેકે દરેક સિદ્ધાન્તધારીએ પોતાના શબની ચિંતા માતા પૃથ્વીને ચરણે ધરવાની હોય છે. પણ સાત સાત દિવસ થયાં શબ રખડે છે—ખડી તલવારની ચોકીમાંથી ભાર કોનો છે કે ગુરુના શબને ઉઠાવીને એને અંતિમ ક્રિયા કરવા લઈ જાય? ભાર કોનો છે કે સારી બાદશાહીના લશ્કરી આહ્વાનને પડછાયે એક પગલું ધરે?—અને આજે એક કંગાળ વૃદ્ધ વણજારો, પોતાના જુવાન પુત્ર સાથે ત્યાં ઊભો છે. ગુરુના શબને સંભાળવા. આ દૃશ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવા દિલ્હીનો એક પણ માણસ જાગતો નથી--ખરેખરો અફસોસનો તો એ વિષય છે. મહાભારતનું અઢાર અક્ષૌહિણી સૈન્ય જેના મેદાનમાં હતું ન હતું થઈ ગયું હતું એ દિલ્હી નગરીને પણ, આ વૃદ્ધ કંગાલ વણઝારા લખીની તેજમૂર્તિ અપરિચિત લાગે છે. દિલ્હી નગરીને થાય છે : 'આવું તેજ? આવું તો મેં પણ કોઈ દિવસ જોયું નથી!'

ગુરુએ મૃત્યુ માટે પ્રયાણ કરતાં પહેલાં પોતાના દૂધમલ પુત્રને કહ્યું હતું : 'હવે ગુરુપદ તારે સાચવવાનું છે. મને મૃત્યુનો શોક નથી. ભય પણ નથી. તું એ પદને વીરની માફક સાચવજે. મૃત્યુ તો ખટકતું નથી. પણ મૃત્યુ પછી શબની દુર્દશા થાય—એ ઘા આકરો લાગે છે ખરો. મૃત્યુ તો સૌને આવે છે. પણ શબ તો રખડે છે, કેવળ વીર્યહીન પ્રજા હોય તેનું જ.'

અને એ શબ્દોના ભણકારથી નિત્ય જાગૃત હોય તેમ, દૂધ હજી જેના હોઠ પરથી સુકાયું નથી તેવા, કુમળી વયના ગુરુ ગોવિંદે, પિતાનું મૃત્યુ અને શબની દુર્દશા સાંભળતાં જ, એકલે હાથે, એકાકી, દિલ્હીની ભર બજારમાંથી, ખડી સમશેરની ચોકીમાંથી, પિતાનું શબ અમૃતસર લાવવા, મુસાફરી શરૂ કરી. એકલે પંડે. એ વખતે મધરાત હતી.

પણ જ્યારે મધરાતે માણસ એકલો મુસાફરી શરૂ કરે છે—ફના થઈ જવાનો સિદ્ધાંત હાથમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખીને—ત્યારે ઈશ્વરને નિદ્રા નથી આવી શકતી. રસ્તે જતાં વૃદ્ધ વણજારો લખી પોતાના જુવાન પુત્ર સાથે ગાડું લઈને આવતો સામે મળ્યો. ગુરુને ઓળખ્યા. ચરણમાં પડ્યો. ગુરુનો સંકલ્પ જાણ્યો. લખીનું અંતઃકરણ અગ્નિનો રસ પીધો હોય તેવું જવલંત બની ગયું. ગુરુને પાછા ફરવા–ફના થઈ જવાના, મૃત્યુના મોંમાં જવાના માર્ગથી પાછા ફરવા–વિનતી કરી.

'તમે નહિ, મને જવા દો, ગુરુ! મને જવા દો. મારો હિસાબ નથી. તમે લાખો માણસોને તેજધારા પાઈ શકશો. હું જઈશ.'

લખી વણઝારો ગુરુના માર્ગમાંથી ખસ્યો જ નહિ. ગુરુ ગોવિંદ ખિન્ન હૃદયે પાછા ફર્યા. અને વણઝારો પોતાના જુવાન પુત્ર સાથે દિલ્હીને પંથે પડ્યો.

આજ એ વૃદ્ધ વણઝારો, દિલ્હીની બજારમાં ઊભો છે અને એનો જુવાન પુત્ર એની સાથે છે.

ગુરુનું શબ લઈ લીધા પછી—એક પણ હરફ બોલ્યા વિના—પિતાપુત્રની આંખો મળી—એક ક્ષણને માટે.

ગુરુનું શબ લઈ લીધા પછી—એ ખાલી જગ્યામાં કોણ સૂશે? પહેરગીરોને બીજે દિવસે પણ ભુલાવામાં પાડવા માટે ગુરુની જગ્યા કોણ લેશે? નહિતર તો તરત તપાસ થાય ને ગુરુનું શબ અમૃતસર કેમ પહોંચે?

વૃદ્ધ પિતા બોલે છે: 'તું નહિ, બેટા, તારે હજુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જિંદગીનો રસ લેવો છે. તું જુવાન છે. હું વૃદ્ધ છું.'

પુત્ર જવાબ વાળે છે: 'ના પિતા, તમે નહિ હું, એ તો મારો જ હક્ક છે!'

'હું બેટા! હું, હું વૃદ્ધ.'

'ના પિતા! હું, હું તમારી ચરણરજ!'

—અને આ સંવાદ વધુ વખત ચાલે તો તો કર્યું કારવ્યું ધૂળ મળે નાં?—દરેક ક્ષણ અમૂલ્ય હતી. દલીલનો વખત ન હતો. લાગણી બતાવવાનો સમય ન હતો. લખીનું કિરપાણ હવામાં ઊંચે ઊછળ્યું. 'વાહ! ગુરુ વાહ!' એવી અમર બાની સાથે છાતીમાં જડાઈ ગયું, ને વૃદ્ધ પિતા ત્યાં ઢળી પડ્યો—છેલ્લી મીઠી નજરે જુવાન પુત્રને નિહાળતો, અજેય સ્મિત સાથે આશીર્વાદ દેતો.

પિતાના શબને ગુરુનું વસ્ત્ર ઓઢાડી—મહામૂલું ગુરુનું શબ લઈ, આંસુભરી ભીની આંખે જુવાન પુત્ર ચાલી નીકળ્યો. એની આંખમાંથી હર્ષનાં અને શોકનાં આંસુ વહી રહ્યાં હતાં.

દિલ્હી નગરીના નિદ્રાધીન લોકો! આ દૃશ્ય ફરી ફરીને જોવા નહિ મળે હો! કોઈક જાગો! કોઈક અડભાગી તો જાગો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાષ્ટ્ર ધર્મ

શિવાજી મહારાજનો ભગવો ઝંડો સહ્યાદ્રિની પર્વતમાળાના અનેક કિલ્લાઓને શોભાવી રહ્યો છે.

પણ ખુદ બાદશાહ આલમગીર ઔરંગઝેબ પોતે જબરદસ્ત સૈન્ય સાથે રણમાં ચડ્યો ને મહારાષ્ટ્ર ધર્મની આકરી કસોટી શરૂ થઈ.

અને એ કસોટીમાં, મહારાજનો અજિત મનાતો રાયગઢ પડ્યો. સંભાજીની વિધવા યેસુબાઈ અને બાલપુત્ર શિવાજી પકડાયાં. સરદાર ઇતિમાદખાનના આ પરાક્રમથી પ્રસન્ન થઈ બાદશાહે એને ઝુલ્ફિકારખાનનો ઇલ્કાબ આપ્યો. મરાઠાઓ નીચે મોંએ મહારાજના રાયગઢ પર ફરકતો મોગલ વાવટો નિહાળી રહ્યા. સેનાપતિ સંતાજી ઘોરપડે અને ધનાજી જાદવ રાયગઢના પતનનો ઇતિહાસ સાંભળી ધ્રૂજી ઊઠ્યા. છત્રપતિ સંભાજીના વધથી મહારાષ્ટ્રમાં ઘેર ઘેર થયેલો વિલાપ હજી શમ્યો ન શમ્યો એટલામાં રાયગઢ પડ્યાના સમાચાર મળ્યા.

આખા મહારાષ્ટ્રમાં વેદના છવાઈ ગઈ. સંભાજી મરાયો; તેનો પુત્ર પણ મરાશે; મહાન શિવાજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાજનું સ્વપ્ન અફળ જશે; દરેકના દિલમાં સો સો ખંજર ભોંકાયાં. સેનાપતિ સંતાજી ઘોરપડે પોતાની ચપળ ઘોડેસવાર-સેના સાથે તુલાપુરમાં જઈ ને ખુદ બાદશાહી તંબૂનો સોનેરી કળશ મધરાતે ઉપાડી લાવ્યો હતો—એ વીરવાર્તા હજી તો ગામડે ગામડે મુસાફરી કરતી હતી, ત્યાં આ શોકવાર્તા આવી કે મહાન શિવાજીનો પૌત્ર નાનો શિવાજી બાદશાહી કેદમાં સપડાયો છે! મહારાષ્ટ્રમાં ઘેર ઘેર એજ કથા થઈ રહી. રાજપ્રતિનિધિ રાજારામ આ સમાચાર સાંભળીને ઘડીભર શોકસંતપ્ત બની ગયો.

સરદાર ઇતિમાદખાને યેસુબાઈ ને કોલ આપ્યો હતો: 'તમારા જીવને જોખમ નહિ થાય. પુત્રના જીવને જોખમ નહિ થાય. બાદશાહ તમારો વાળ વાંકો નહિ કરે.'

બાદશાહી છાવણીમાં રાજકેદીઓને પહોંચાડતાં સરદારે પોતે આપેલું વચન પાળવા વિષે બાદશાહને વિજ્ઞપ્તિ કરી. સૌના જીવ ઊગર્યા. પણ બાદશાહી ફરમાન આવ્યું: 'કોઇનો વાળ વાંકો નહિ થાય. પણ સૌ ધર્માંતર કરો અને રાયગઢમાં અમારા આશ્રિત બનીને તમારું રાજ પાછું સંભાળો!'

જેણે ભવાનીની પૂજા ઘરમાં થતી જોઈ હતી એવા, બાલપુત્ર શિવાજી અને પુત્રી ભવાનીબાઈ બન્નેને હેતથી આંગળીએ ધારી રહેલી, શિવાજી મહારાજની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્રવધૂ યેસુબાઈ એ જવાબ વાળ્યો: 'એ નહિ બને!'

બાદશાહી હઠ જો ઉગ્રરૂપ ધરશે તો કોઈ ને બચાવી શકાશે નહિ એવા ભયથી કુમળા દિલની કુમારી ઝિનત—ઉન્—નિસાએ બાદશાહને વિનતી કરી: 'યેસુબાઈ અને શિવાજીને અભયવચન આપ્યા પછી આ વ્યવહાર બાદશાહી મોભાને યોગ્ય નથી.'

સરદાર ઝુલ્ફિકારખાં ચપળ હતો: તેણે ધીમેથી કહ્યું: 'નામદાર! મરાઠામાં કલહનું બીજ રોપવા આ બાળક કામ આવશે!'

પણ શાહી ફરમાન છેક અફળ તો ન જ જવું જોઈએ. બાદશાહે હુકમ કર્યો: 'તો ગમે તે એક ધર્માંતર સ્વીકારે.'

યેસુબાઈ સાથેના માણસોમાં મૃત્યુ જેવી શાંતિ પથરાઈ ગઈ. અત્યારે જ માગણી કોઈ ન સ્વીકારે તો વખતે થોડા વખત પછી બાદશાહનું હૃદય પાછું ફરી જેસે. બોલવાનો વખત ન હતો. વિચારવાનો સમય ન હતો.

કોઈની આંખ પણ બોલતી ન હતી. હરઘડીએ શાંતિ વધારે ને વધારે ભયંકર થતી જતી હતી.

—અને અંતે એમાંથી એક નરવીર આગળ આવ્યો: સૌ એને જોઈ રહ્યા.

એની જુવાનીમાં આવી છાની શક્તિ બેઠી રહી હશે એ ખ્યાલ પણ પહેલી નજરે ન આવે એટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધી મોહક એની જુવાની હતી. એ આગળ વધ્યો. અડગ પગલે; હિમ્મત ભરેલે સીને. એ જે ડગલું ભરતો હતો તે એને જીવનભર કેટલી વેદના આપશે એનો એને બરાબર ખ્યાલ હતો. હસતે મોંએ સૌની મોખરે આવીને એ ઊભો રહ્યો. બધા દિઙ્મૂઢ બનીને જોઈ રહ્યા. હવે તો શાંતિ પણ હજારગણી ગંભીર અને ભયંકર લાગતી હતી. એટલામાં એનો અવાજ આવ્યો: સ્થિર, શાંત, ગંભીર.

'હું આ માગણી સ્વીકારું છું!'

સૌ આશ્ચર્યમુગ્ધ બની ગયા.

બાદશાહ પોતે પણ આ રાજભક્તિ જોઈને વિચારમાં પડી ગયો. 'પણ તું—તું કોણ—? તારા રાજા સાટે કાંઈ રેજીંપેંજી સરદારનાં મૂલ ન હોય!'

'હું તો, નામદાર! પ્રતાપરાવ ગુજ્જરનો વંશજ—!'

મહારાજ શિવાજીના સેનાપતિ પ્રતાપરાવ ગુજ્જરના પરાક્રમે તો બાદશાહને અનેક રાત્રિના ઉજાગરા કરાવ્યા હતા. એનું નામ એને બરાબર યાદ હતું. એ નામ હરેક મોગલને હૈયે હતું. જેણે બાદશાહી સરદારો પણ ઘણી વખત કેદ કર્યા હતા એ નામ કાંઈ ભુલાય એવું હતું?

બાદશાહે માથું હલાવીને એ વાતને મંજૂરી આપી. આભારથી નમેલું યેસુબાઈનું હૃદય આંસુભરેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખે પોતાના આ વિશ્વાસુ સરદારને નિહાળી રહ્યું. કાંઈ ન સમજ્યાં હોય તેમ બાલ શિવાજી અને ભવાનીબાઈ—બન્ને આ જોઈ રહ્યાં.

પણ જ્યારે આ સમાચાર સહ્યાદ્રિની પર્વતમાળામાં પહોંચ્યા, ત્યારે ઘેરઘેરથી અવાજ આવ્યો કે 'મરાઠાઓ! તમારાં ઘોડાં ઉપર જીન નાખો—તૈયાર થાઓ—મહારાષ્ટ્રધર્મ તમને સંભારી આપવા બંડોજી ગુજ્જરે પોતાની જાત હોમી છે!'

⊙

⊙ ⊙

મોગલ છાવણીમાં છાની વાત ચાલે છે: 'રાયગઢ પડ્યો—પણ માનવહૃદયમાં રહેલો અજિતગઢ હજી કયાં પડ્યો છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વજ્રાવાણી

ગુરુ ગોવિંદની એ છાની વજ્રજર વાણી કોઈ એ સાંભળી છે ?

તે દિવસે તો મૈયા ગોદાવરીનો કિનારો આજે જ જાણે, રામભદ્ર અને સીતા પાછાં ફર્યાં હોય એવો અદ્‌ભુત બની ગયો હતો. ભવભૂતિની વાણી જેવી એની ભવ્યતા હતી; કાલિદાસની ઉપમા જેવી સુંદરતા. ઉપરથી ચંદ્રની અમૃતધારા વરસી રહી હતી; નીચેથી માતા પૃથ્વીની સુધા.

એ વખતે ગુરુ એકલા શાંત બેઠા બેઠા, જલતરંગમાં રમતી ચાંદની જોઈ રહ્યા હતા.

ગુરુનું હૃદય આજે શોકથી ભારે બન્યું હતું. આવી અનુપમ રજની જોઈને ગુરુને પંજાબનાં મેદાન, રાવી નદીનો કિનારો, કાશ્મીરનાં હરિયાળાં ખેતર– અને પોતાની માતૃભૂમિ યાદ આવ્યાં હતાં.

અને ચંદ્રનાં જલતરંગમાં રમતાં કિરણોએ એમને દૂધમલ બાળકોની યાદ આપી હતી. બે લડાઈમાં મૂક્યાં હતાં; બે ધર્મ માટે મુકાયાં હતાં. સમર્પણધર્મનો છલોછલ ઉભરાતો પ્યાલો ગુરુએ પીધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. આજે એની સ્મૃતિનાં બે ચાર આનંદબિંદુ ગુરુને વિષાદરસ પાઈ રહ્યાં હતાં.

ગુરુ ગોવિંદનો લોહરસ પીધેલો આત્મા પણ આજે જાણે કે પોતાનાં બચ્ચાંનું બાળપણ નિહાળી રહ્યો હતો ! જાણે કે, અજિતસિંહ ને જુઝારસિંહ, જોરાવરસિંહ અને ફતેસિંહ,એમની ખુશનૂમા ભરેલી જીવન-સમર્પણની ઘડીએ જેવા હતા—બરાબર તેવા જ, ગોદાવરીના કિનારા ઉપર ચાંદનીમાં રમી રહ્યા છે !

પોતે ફેલાવેલા લોહધર્મની ઊંડી ઊંડી મીમાંસામાં ગુરુ ઊતરી ગયા.

એક ઘડીભર એમના અંતરમાં શિવાજી મહારાજે સિદ્ધ કરેલા સ્વપ્ન સાથે પોતાની સ્વપ્નસિદ્ધિ મેળવવાનું મન થઈ આવ્યું.

'ઓહો ! આટલાં વર્ષોના પ્રયત્નો છતાં સિદ્ધિની રેખા ક્ષિતિજમાં નજરે ચડતી નથી.'

ગુરુ અર્જુન, ગુરુ હરગોવિંદ, ગુરુ તેગબહાદુર—ત્રણ ત્રણ ગુરુઓએ ફેલાવેલા વીરધર્મનું જ્વલંત સ્વપ્ન હજી સિદ્ધિથી દૂરનું દૂર જોઈ ને, ગુરુનું હૃદય આજે જરાક ખિન્નભાવ પામ્યું છે.

એમના હૃદયમાં એમ પણ થવા લાગ્યું છે કે પોતાના દેહઅર્પણ વિના આ વીર યુદ્ધને કલશ નહિ ચડે !

એમને હૈયે એમ પણ ચડયું છે કે આ લોહ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મના વિજય માટે હજી એ બે બલિદાન અધૂરાં છે!

—પણ સર્વ રાગ તજીને, હજારો શીખવીરોએ એમને માટે દેહ સમર્પણ કર્યા હતા એ યાદ કરીને, ગુરુ પોતાના લોહધર્મની શ્રદ્ધા વિષે આછું સ્મિત કરી રહ્યા હતા. એટલામાં એના ખભા પર એમનાં પત્ની સુંદરીનો હાથ પડ્યો.

આવી સુંદર રજની નિહાળીને માતાને પણ દૂધમલ બાળકોની યાદ તાજી બની હતી. તે વ્યગ્રતાથી બહાર નીકળી ફરતાં ફરતાં ગુરુ પાસે આવી પહોંચ્યાં હતાં.

ગુરુએ ડોક પાછી ફેરવીને ફરીને પછવાડે જોયું.

માતા સુંદરીનો આખો દેહ મૃત્યુની ઠંડી સત્તા નીચે હોય તેવો જડ જેવો ઊભો હતો: એમની નિશ્ચલ આંખો ગોદાવરીની પેલીમેર ડુંગરમાળામાં જાણે કાંઈ જોતી હોય તેમ સ્થિર થઈ હતી: તેમણે કાંઈક વ્યગ્ર —કાંઈક ઉગ્ર—વેદના ભરેલા અવાજે ગુરુને પૂછ્યું: 'મારા પુત્રો—મારા ચાર પુત્રો—ક્યાં છે?'

ગુરુનાં નેણ એક ઘડીભર નીચે નમી જઈ જમીનને નીરખી રહ્યાં.

માતાના અવાજમાં વેદના વધતી ગઈ: 'મારા—મારા એ ચાર દૂધમલ પુત્રો ક્યાં છે?—એમના વિના આ આંગણું મને ઘોર અંધકાર જેવું લાગે છે. જુઓ તો ત્યાં, પેલી પર્વતશિખરમાળામાં ક્યાંય એ ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્રો તમને દેખાય છે ?'

ગુરુએ જમીન ઉપરથી પોતાની નજર ઊંચે લીધી. એક ઘડીભર સ્પર્શી ગયેલી ખિન્નતાને ખંખેરી નાખતા હોય તેમ એ વજ્રવાણી બોલ્યા:

'પર્વતમાલાની શિખરાવલિમાં અને સતલજ રાવીનાં મેદાનોમાં મને તો ઠેર ઠેર મારા પુત્રો જ દેખાય છે! ચારનાં શોણિત આપતાં સંજ્ઞાચંધ લોહ ધર્મને વરેલા પુત્રો તૈયાર થઈ ગયા છે. તમે પુત્રોને શોધવા નીકળ્યાં છો; પુત્રો કયાં છે એ જગ્યા તમને મળતી નથી; પણ મને તો પુત્રો વિનાની કોઈ જગ્યા દેખાતી નથી.'

નદી ગોદાવરીનાં પાણી આ વજ્રજર વાણી સાંભળીને જાણે લોહરસરૂપ બન્યાં હોય તેમ ભારે ભારે વહી રહ્યાં.

ગુરુ ગોવિંદની આ છાની વજ્રજરવાણી, કોઈના સંસ્મરણમાં જડેલી છે કે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંગલનો સાદ

ઈરાનના શાહ અબ્બાસનું અંતર અંદરના આનંદથી ડોલે તેમ ડોલી ઊઠ્યું.

આજે પહેલવહેલું એને લાગ્યું કે એણે મહેલોની દીવાલો વચ્ચે સૌંદર્યને મેળવવા નાહક પ્રયત્ન કર્યો હતો. હજારો લાખોની કીમતીમાં કીમતી ઈરાની તૂર્કી શેતરંજીઓ જેની પાસે કુછ વિસાતમાં નહિ એવો, નજર પહોંચે ત્યાં સુધી પથરાયલો, નીલમબાગ જેવો લીલોછમ હરિયાળો પ્રદેશ જોઈ ને, એનું અંતર ઠરી ગયું. જ્યાં જુઓ ત્યાં સાદાં સુંદર ઝરણાં વહી રહ્યાં છે: નાની નાની ટેકરીઓ ઉપર સારસ રમણીય શબ્દો બોલી રહ્યાં છે; ઠેકાણે ઠેકાણે સરુના લાંબા પડછાયા પાસે હરણાં બેસી ગયાં છે: દૂર પર્વતો ઉપર રબારીઓ ઢોર ચારે છે: પાસે ઘેટાં બકરાં ફરે છે: એક ઠેકાણે ગજબની વાંસળી વગાડતો ભરવાડનો એક છોકરો બેઠો છે. અંતર ઊઘડ્યાં હોય તેવાં કેસૂડાનાં અનેક ફૂલો એની પછવાડે વૃક્ષ ઉપર શોભી રહ્યાં છે.

શાહ અબ્બાસનું અંતર ડોલી ઊઠ્યું; એને લાગ્યું કે એની દીવાલોમાં ઘેરાયેલી હજારો ચીજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નકામો સૌંદર્યનો કૃત્રિમ ડોળ કરે છે.

આંહીં એકેએક ચીજ—ઝરણ, છોડ, પાણી, છાયા, હરણ, રબારી, વાંસળી—એકેએક ચીજમાં સૌન્દર્ય હતું. અને દરેક દરેક ચીજ બીજાને વધુ સુંદર બનાવી રહી હતી. બીજાને લીધે પોતે પણ સુંદર બની રહી હતી. વિશાળ ખંડમાં ખડકાયેલ હજારો ને લાખોની કીમતી ચીજો જે કૃત્રિમતા ઉત્પન્ન કરે—ખોટા માપને લીધે જે અસંગત વાતાવરણ ઘડે—એવું કાંઈ આંહી ન મળે. નજર નાખતાં થાકો એટલી લાંબી દિશા—નીલા મેદાનથી ભરેલી. અને એમાં અનેક આકર્ષણો ઠેર ઠેર વેરાયલાં. દરેકનું વ્યક્તિત્વ જુદું—અને છતાં સમગ્ર અસરમાં હરેકનો ફાળો. કોઈ સુંદર રસગીતમાં સપ્રમાણ વણાઈ ગયેલા શબ્દોની માફક સઘળું કુદરતને અનુરૂપ બની ગયું હતું. શાહ અબ્બાસ આ જોઈને છક્ક થઈ ગયો.

અને એ સઘળાં સ્વરૂપોને જાણે ચેતનથી ભરી દેતો હોય તેવો પેલો મોહક બંસીનો સ્વર આવી રહ્યો હતો!

શાહ અબ્બાસ ધીમે પગલે તેની પાસે ગયો. 'આ તું શું કરે છે છોકરા?' તેણે પૂછ્યું.

પોતાના જ તાનમાં મસ્ત છોકરો વાંસળી વગાડતો જ રહ્યો.

અને જેમ જેમ એ આગળ વધ્યો તેમ તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુદરત—જાણે આળસ મરડીને બેઠી થતી સ્વપ્નસ્થ સુંદરીની માફક—ચેતનમય બનતી ગઈ. ગાયોએ કાન માંડ્યા; હરણાં બેઠાં થઈ આ દિશા તરફ ચાલી રહ્યાં; ધીમો મંદ પવન વૃક્ષોને આલંગી રહ્યો; સારસ બેલડી હલકે હલેસે એકબીજાને મળવા ચાલી નીકળી.

સરુના પડછાયા હાલતા હતા; ઝરણાંના જળ વધારે વેગથી વહેતાં હતાં; પર્વતો પડઘા દઈ રહ્યા હતા; ડુંગરમાળા શબ્દ કરતી હતી. કુદરત જાણે અંગેઅંગમાં ચેતનમય બની ગઈ હતી.

પોતાના આયુષકાળમાં પહેલી જ વખત આવી પરમ શાંતિ જોઈને શાહ અબ્બાસનું હૃદય આનંદથી ભરપૂર બની ગયું.

તેણે રબારીના છોકરાને પૂછ્યું : 'તને આવી મોહક વાંસળી કોણે શીખવાડી ?'

છોકરાએ જવાબ વાળ્યો : 'નામદાર ! એમાં શિખવાડવાનું હોતું નથી; શીખવાનું હોય છે. એની મેળે જ એ આવે છે વગડો અને વાંસળી—એ બન્ને અમને માતાએ દૂધમાં આપ્યાં છે !'

'તારી મા શું કરે છે ?'

'મારી મા ?—એ પણ એ જ; અંધારી રાતે વાતો કહે; અજવાળી રાતે ગીતો.'

'અને દિવસે ?'

'દિવસે ?—નામદાર ! અમારે મન દિવસ જેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઈ નથી. અમારું કામ ખૂટે ત્યારે દિવસ ખૂટે.'

શાહ અબ્બાસને લાગ્યું કે આ છોકરો બડો હોશિયાર છે. એને બરાબર જ્ઞાન આપવામાં આવે તો એ રાજને અજવાળે.

પછી તો બાદશાહે એને પોતાની પાસે રાખી ધીમે ધીમે ભણાવી રાજકાજમાં પ્રવીણ કર્યો અને ઘણું જ વિશ્વાસપાત્ર ગણાતું જમદારખાનું તેને સોંપ્યું.

અલીબેએ પણ એકનિષ્ઠાથી શાહની સેવા કરી. અને પોતાનું બજનચીનું કર્તવ્ય બરાબર કર્યું.

પરંતુ શાહ અબ્બાસના મરણ પછી અલીબેના ઉત્કર્ષ સામે પ્રચંડ કાવતરું જન્મ્યું. શાહ અબ્બાસના પુત્ર પાસે—નવા બાદશાહ પાસે—ચર્ચા શરૂ થઈ.

લક્ષ્મીની છોળમાં વિવેકબુદ્ધિ ઘણી વખત આવું ન આવું કર્યા જ કરે છે. એણે પોતાના ભક્તોના દિલમાં મદિરા જેવી માદક મોહિની મૂકી છે.

કોઈએ કહ્યું : 'નામદાર ! અલીબે સર્વસ્વ લઈ જાય છે!'

બીજાએ કહ્યું : 'લઈ ગયો છે!'

ત્રીજો બોલ્યો: 'એ તો બીજાની તકલીફ બચાવે છે!'

જુવાનીને શબ્દો બહુ ગમે છે: અર્થો ઓછા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહ અબ્બાસના પુત્રે પણ કહ્યું: 'અને એક રત્ન-જડિત શાહી તલવારનો પણ પત્તો નથી.'

'તલવાર હશે; માત્ર રત્નો જ નહિ હોય!'

—અને અલીબેની જડતી શરૂ થઈ. રત્નજડિત તલવારનાં રત્નો શાહ અબ્બાસે બીજા કામમાં વાપર્યાં હતાં એમ નીકળ્યું.

પણ શાહજાદો જુવાન હતો: અવિવેકી હતો. એવાને હાર્યો દાવ ગમતો જ નથી; એવે વખતે બુદ્ધિ છાની રહે છે. શબ્દો બોલ્યા કરે છે.

'અલીબે! તમારું જામદારખાનું એક મહિનામાં વ્યવસ્થિત કરી સોંપી દો!'

કેવળ વગડાનો જ બાળક આપી શકે એવો જવાબ અલીબેએ આપ્યો: 'નામદાર! મહિના પછી શા માટે?—અત્યારે જ પાઈ એ પાઈ નો હિસાબ ચોખ્ખો છે!'

તપાસ શરૂ થઈ. હરેકે હરેક ચીજ બરાબર હતી. સરદારો નરમ પડ્યા. બાદશાહ:શરમિંદો બન્યો. જામદારખાનામાંથી પાછા ફરતાં જૂની જેવી એક બંધકોટડી એની નજરે ચડી.

'અલીબે! આમાં શું છે?'

'નામદાર! એ તો નકામી કોટડી છે!'

રત્નજડિત તલવારની ધૂન મગજ ઉપર સવાર હતી. સૌને શંકા પડી કે તલવાર એમાં જ હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ કોટડી ઉઘાડો.'

'નામદાર! એમાં મારી ઘરવખરી છે, બીજું કાંઈ નથી!'

હવે શંકા દૃઢ થઈ. સૌએ કોટડી જોવા આગ્રહ કર્યો.

અલીબેએ ધ્રૂજતે હાથે તાળું ખોલી કોટડીનું બારણું ઉઘાડી નાખ્યું!

સૌ દિઙ્મૂઢ જેવા બનીને કોટડીમાં જોઈ જ રહ્યા.

ગરીબમાં ગરીબ ઘરમાં હોય એવી એક તૂટેલ ગોદડી, એક બંદગીની તસ્બી, એક વાંસળીનો કકડો, પાણી પીવાનું એક માટલું. આખી કોટડી ગરીબ—સ્વચ્છ—સાદી હતી.

બીજું કાંઈ ન મળે. પવન ખાવાનો પંખો પણ નહિ—એક સારું પાથરણું પણ નહિ.

બાદશાહ આશ્ચર્ય પામ્યો: 'અલીબે! આ શું? તમે આમાં રહો છો?'

'નામદાર!—એ મારું રહેવાનું છે. જેણે મને આટલી સત્તા આપી એને સંભારવા માટે આ શાંત સ્થળ છે. એક તસ્બી છે. બાળપણના સંગાથી જેવી પેલી વાંસળી ત્યાં પડી છે. અને રાત્રે સૂવા માટે આ ગોદડી!'

બાદશાહ દિઙ્મૂઢ બની ગયો. અલીબેની કોટડીની ગરીબાઈ એને રત્નજડિત તલવાર કરતાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુમૂલ જણાઈ. તેણે ત્વરાથી અલીબેને કહ્યું:

'હું તમને આ જગો પર કાયમ કરું છું ને તમારો દરમાયો પણ વધારું છું!

'નામદાર!' અલીબેએ જવાબ વાળ્યો: 'આપની નજર શુદ્ધ બની એ જ મારે મન ઘણું છે. પણ હું રબારી છું. પેલી મારી બાળપણની સંગાથી વાંસળી હવે મને ઠપકો આપી રહી છે! —એ ઘણા દિવસ મૂંગી રહી. મને તો, ભૂલા પડેલા બાળકને મા બોલાવે તેમ, મારાં જંગલ સાદ કરીને બોલાવી રહ્યાં છે: કહી રહ્યાં છે: 'બેટા! 'પાછો આવતો રહે, પાછો આવતો રહે! તું અમને ભૂલી ગયો; પણ હજી અમે તને ભૂલ્યાં નથી' એટલે હું હવે આજથી આપની રજા માગી લઉં છું!'

તેણે પોતાની તૂટેલ ગોદડી ને જૂની વાંસળી લઈ લીધાં. એક હાથમાં તરબી ઉપાડી લીધી. એક હાથમાં માટલું રાખી લીધું. સૌને ડોકું નમાવી સલામ કરતો ને માફી માગતો તે ત્યાંથી ચાલી નીકળ્યો.

⊙

⊙ ⊙

બાદશાહી કંઠના હીરાના હારનું ફિક્કું તેજ જામદારખાનાની દીવાલો ઉપર પથરાતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતૃચરણે

કઈ મહાતૃષાથી પીડિત તું, અલખનો જગાવનારો, નિરંજનને નિહાળનારો, સમાજની વ્યક્તિએ વ્યક્તિમાં ધર્મ સીંચનારો—કઈ મહાતૃષાથી પીડાઈને—આજે ફરીને—મહારાષ્ટ્રમાં આવી, જન્મભૂમિ તરફ પગલાં માંડી રહ્યો છે?

એવી તે કઈ મહાતૃષા રે અવધૂત! તને પણ જન્મભૂમિ તરફ ખેંચી રહી છે?

એવી તે શી વિશ્વમોહિની નારીના હૃદયમાં ભરી છે કે કાં માતારૂપે—અથવા અર્ધાંગરૂપે—કાં બાળક જેવો નિરવલંબન બનીને અથવા પ્રેમી જેવો પાગલ બનીને, ધરતીને ગમે તે છેડે હોય ત્યાંથી, પુરુષ એને પોતાનો અર્ઘ્ય આપવા—ચાલી નીકળે છે?

રે જોગી! આજે તને પણ માતાનો ખોળો સાંભરી આવ્યો છે કે શું?

શ્રી રામદાસ સ્વામી પોતાની જન્મભૂમિ જાંબની મનોહર વનરાજિ જોતા જોતા આજે વર્ષો પછી ઘર તરફ પાછા ફરી રહ્યા છે!

એ જોગીને પણ લગની લાગી છે કે એક વખત માતા રાણુબાઈના ચરણકમળની રજ મસ્તકે ચડાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડોક વખત નાનો 'નારાયણ' બની આવું—અને શ્રી રામદાસ સ્વામીનું મહાપદ માતા પાસે ધરી આવું!

આજે એ પોતાનું ગામ છોડી—પોતાને ગામ પાછા ફર્યા છે. તે દિવસે જે નાનો નારાયણ હતો, આજે એ શ્રી રામદાસ સ્વામી છે.

નાના સરખા ગામડાની ઉજ્જડ શેરીઓમાં મહાસમર્થ અવધૂતની અહાલેક સંભળાઈ 'જય જય શ્રી રઘુવીર સમર્થ!'—અને શેરીએ શેરીએથી નર-નારીનાં વૃંદ ઉભરાયાં. ધરતી જાણે નવા ફાલથી દીપી ઊઠી.

ઘેરઘેર અહાલેક જગાવતો મહાજોગી એની નાનપણની શેરી તરફ વળ્યો.

અનેક થીગડાંવાળી એની ચિરપરિચિત ખડકી હજી એવી ને એવી હતી—ચોવીસ વર્ષ પહેલાં એણે મૂકી હતી—એવી ને એવી.

ઉઘાડી ખડકી અતિથિ અભ્યાગતોને નિમંત્રી રહી હતી—અને એ આમંત્રણને સ્વીકારતાં હોય તેમ એક ગાય ને એક કૂતરો—બન્ને ત્યાં ઊભાં હતાં. ઠૂંઠા જેવા ઝાડ ઉપર એક કાગડો બેઠો હતોઃ તુળશીના કુંડા પાસે બેઠેલી બિલાડી એને નિહાળવું વ્યર્થ છે એમ ધારી આંખો મીંચી ગઈ હતી. અને એના એ ઢાંગને જાહેર કરવા, બે ત્રણ કાબરો આકાશપાતાળ એક કરી રહી હતી. બાલસૂર્યનાં કિરણમાં વૃદ્ધ માતા ફળીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાટલો ઢાળીને બેઠાં હતાં: હાથમાં માળા હતી, મોંમાં રઘુવીરનું નામ હતું.

—અને એટલામાં દિશાએ દિશા ભરી દેતો જોગીનો અહાલેક સંભળાયો: 'જય જય શ્રી રઘુવીર સમર્થ!'

માતા રાણુબાઈના હૃદયમાં, આ જન્મસિદ્ધ જોગીના અવાજમાં—બાળક જેવો—જરાક પોતાના નારાયણના અવાજ જેવો, અવાજ હોય એવો આભાસ થયો—પણ આજે વર્ષો પછી એ કયાંથી હોય? જેને માટે રડીરડીને આંખો ગુમાવી હતી એ નારાયણ—આંહી કયાંથી હોય?

અંધ માતાએ વહુને કહ્યું: 'જોગીરાજને ભિક્ષા આપો!'

'—આજ તો મા! ચપટી ભિક્ષાથી, મારું જોગીનું પાત્ર નહિ ભરાય. એવી ભિક્ષા આપો—તમારા અક્ષયપાત્રમાંથી—મા! કે ઘેરઘેર કણુકણુ વેરતો જાઉં ને ઘેરઘેર દીવો પ્રગટાવતો જાઉં!'

અંધમાતા રાણુબાઈ સાંભળી રહ્યાં. અવાજમાંથી બાર વર્ષના નારાયણની મૂર્તિ જાણે ઊભી થતી લાગી.

'આજનો ભિક્ષુ મા! ભિક્ષા લઈને જાય એવો નથી!'

માતા રાણુબાઈના કંઠમાંથી ગદ્‌ગદ્‌ અવાજ નીકળી પડ્યો.

'અરે! આ તો મારો નારાયણ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને જાણે એક પણ દિવસ ગયો નથી એમ ધારીને મા પોતાના બાર વર્ષના નારાયણને હાથમાં ઉપાડી લેવા આગળ વધ્યાં.

પણ મહાજોગંદરની, કાશી અયોધ્યા હરદ્વાર હિમાલય—સર્વ સ્થળની પવિત્રધૂલિથી ખરડાયલી જટા હાથમાં આવી. કેશાવલિથી શોભિત મસ્તકે અને મોંના સ્પર્શે માતાને પહેલવહેલાં ભાનમાં આણ્યાં કે આ નાનો બાર વર્ષનો નારાયણ ન હોય—આ તો એના ઉપર બીજાં ચોવીસ વર્ષ વીતી ગયાં !

'બેટા ! નારાયણ ! બહુ મોટો થઈ ગયો માડી ! અમને મૂકીને આમ જવાય કે ?'

અને મહાસમર્થ જોગીની આંખનાં આંસુ માતાના ચરણ પાસે પડવા લાગ્યાં !

શ્રી રામદાસ સ્વામીનું મહાન પદ જાણે 'બેટા નારાયણ !' પાસે તુચ્છ હોય—કુછ વિસાતમાં ન હોય—તેમ જોગીંદર માતાની છાયામાં નત મસ્તકે ઊભા રહી ગયા—'બેટા નારાયણ !' એ શબ્દનું શ્રવણ કરવામાં તલ્લીન બની ગયા.

'નારાયણ બેટા ! તું કેવોક મોટો લાગે છે ? હું તને જોઈ શકી હોત !

'બેટા નારાયણ !'

એક ઘડીભરમાં આખું કુટુંબ ભેગું થવાથી મહા આનંદી—સ્વરો વડે એ નાનું ફળી ગાજી રહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે દિવસ ને તે પછી ઘણા દિવસ.

⊙

⊙ ⊙

જેવી બાર વર્ષના નારાયણને ઘડી આવી હતી તેવી જ ઘડી—વિયોગની—જોગીંદર રામદાસ સ્વામીને પાછી આવી.

'મા ! હવે રજા આપો—માતા ગોદાવરી બોલાવી રહી છે !'

રાણુબાઈ એ સજળ નેને રજા આપી. પણ એક વાત માગી લીધી. 'એક વખત—જ્યારે સ્મરણ કરું ત્યારે—નારાયણ ! તારે પાછું આવવાનું.'

'આવીશ, મા ! જરૂર એક વખત આવીશ. મારું જોગીનું અખેપાત્ર અનેક માતાઓએ પ્રેમથી છલોછલ ભરેલું છે. એની કણ કણ જનગણમાં વેરતો વેરતો કોઈક વખત પાછો એ ભરવા તમારે આંગણે જરૂર ચાલ્યો આવીશ મા !'

—અને એ પોતાનો જોગ સંભાળવા ચાલી નીકળ્યો.

⊙

⊙ ⊙

રે! નારી તું બડભાગી છે, તું બડભાગી છે. તેં પામરમાંથી પુરુષો સર્જ્યા: પુરુષોમાંથી પુરુષોત્તમો. અને તારા ચરણની રજકણ લેવા મોટા મોટા જોગીંદરો ને જ્ઞાનીઓ ફરી ફરીને બાળક બન્યા ! રે નારી ! તું ધન્ય છે ! તને ધન્ય છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજલક્ષ્મી

કોણ એ અભાગી નારી, આવે સમયે, પોતાની દેહને ચીંથરે જેવીતેવી ઢાંકી, રાજમહેલમાંથી નીકળી 'પુણ્યવંતાં નરનારીઓ ! મને ભિખારણને તમારા ભર્યા ભંડારમાંથી મુઠ્ઠી અનાજ આપજો–લજ્જા ઢાંકવા એકાદ ચીંથરું ફેંકજો' એમ કહેતી કહેતી, વનને જગવતી ચાલી જાય છે ?

કોણ એ નારી રાજમહેલ તજીને આવી અંધાર-ઘેરી રાતે એકલી જંગલમાં નીકળી પડી છે ?

એ કોણ છે, જે ભયાનક માર્ગે, ઘેરા વિષાદ-ભરેલા આર્તનાદે, મૂંગા તારા અને મૂંગાં વન–મૂંગા પહાડ અને મૂક દુનિયા–સઘળાંને જગાડી રહી છે ?

કોના હૃદયમાં આવી હજારો વિષધરોની વેદના સળગી ઊઠી છે ? માનવીનું બાળક બહાર પગ ન મૂકે એવી બિહામણી રાત્રે, વનકેડીને માર્ગે 'મને ભિખારણને મુઠ્ઠી અનાજ આપજો ભાગ્યવંત નરનારીઓ !' એવો દુઃખનો પોકાર કરતી એ કોણ ચાલી નીકળી છે ?

એ નારી બીજી કોઈ નથી. એ તો મહાન પેશ્વા બાજીરાવની પુત્રવધૂ. પેશ્વા માધવરાવની મા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—નારાયણુરાવ પેશ્વાની જનેતા—ગોપિકાબાઈ!

આજે એ અભાગી નારી પોતાનો ગંગાપુરનો સુંદર મહેલ તજીને—શ્રી રઘુવીર ચરણાંકિત પંચવટી ઉપર મીટ માંડી રહી છે. જ્યાં જ્યાં વૈભવ હોય—ત્યાં ત્યાં એને વિષધરોની ઝેરજ્વાળા દેખાય છે.

એ આજે ચિત્તની શાંતિ શોધવા નીકળી છે! એ આજે કોઈની ચરણુરજ વડે મનનું સમાધાન કરવા નીકળી છે. એનું અંતર એને અંદરથી કોરી રહ્યું છે. એના અંતઃકરણમાં હજારો અવાજ જેવો એક જ શબ્દ બોલાઈ રહ્યો છે! 'અરે! નારાયણુરાવ! બેટા! તું પણ ન રહ્યો?'

—એણે સ્વીકારેલા ક્ષાત્રધર્મે એની પાસે આજ દિવસ સુધી લોઢા જેવું અંતર માગ્યું હતું. પાણીપતની ત્રીજી લડાઈમાં, જ્યારે મોટો પુત્ર વિશ્વાસરાવ વીર-મૃત્યુ પામ્યો ત્યારે વીરાંગનાની માફક એ ઘા એણે છાતીમાં સમાવી દીધો હતો.

માધવરાવની મહત્તાએ એનું માતૃહૃદય ફરીને ખીલી ઊઠ્યું.

અઠ્ઠાવીસ વર્ષની ભર જોબન વયે મહારાષ્ટ્રને અને માને રડાવીને એ ગયો.

પછી નારાયણુરાવ ઉપર ગોપિકાબાઈનું ચિત્ત હતું: 'એ પણ મારો જ દીકરો છે નાં?—એ પણ રણુહાક વગાડશે.' પણ નારાયણુરાવનું ખૂન થયું—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ ત્રણ વીર પુત્રોને હોમ્યા પછી, હવે આજે ગોપિકાબાઈનું હૃદય દ્રવી ગયું !

એને લાગ્યું કે હવે વિષાદનું પ્યાલું છલોછલ ભરાઈ ગયું છે. હવે એમાં એક બિંદુ પણ સમાય તેમ નથી.

એના અંતરમાં દ્રોણનો શસ્ત્રસંન્યાસ ઊગી નીકળ્યો. રાજલક્ષ્મીની વિષવલ્લરી પ્રત્યે એના દિલમાં ખિન્નતા ઉદ્‌ભવી.

—અને એ ગંગાપુરનો મહેલ તજીને ચાલી નીકળી. અરધી રાતે. અંધારઘેરા માર્ગે. એને પંચવટી બોલાવી રહી હતી. ભિક્ષાન્નમાં એને શાંતિ દેખાતી હતી.

⊙

⊙ ⊙

મૈયા ગોદાવરીનાં જળ હજી થંભેલાં છે. પંચવટીની ભૂમિ પણ એવી જ શાંત છે. વનવગડાનાં પંખી હજી—વિરામ લે છે. સૂરજનો આછો ઉજાસ હજી આવ્યો નથી—ત્યાં લોકને મહાનિદ્રામાંથી જગાડતી કોઈ ભિક્ષુણીનો શબ્દ કાને પડ્યો : 'રે ! ભાગ્યવંતાં નરનારીઓ ! મને મુઠ્ઠી અનાજ આપજો—એક ચીંથરું દેહ ઢાંકવા ફેંકજો !'

નરનારીનાં વૃંદ ઘેર ઘેરથી આ અજબ જેવી વાણી સાંભળીને નીકળી આવ્યાં.

કોઈ કાંઈ આપવા દોડે છે—કોઈ કાંઈ પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરે છે—કોઈ રાજમાતાને જોઈને રડતાં રડતાં, એને ચરણે અનાજ વસ્ત્રો મૂકવા માંડે છે.

પણ એ અજબ જેવી ભિખ્ખુણી તો ઘેર ઘેર મુઠ્ઠી અનાજની ભિક્ષા લેવા પોતાની ઝોળી ફેરવવા માંડી: 'રે ભાગ્યવંત નરનારીઓ! મારી ઝોળીમાં મુઠ્ઠી અનાજ આપજો!'

—અને એ શોકાર્ત્ત હૃદયમાં પણ એક ઊંડું ઊંડું—આશ્વાસન બેઠું છે.

ભિખ્ખુણી ઘેર ઘેર ફરીને અનાજ માગતી જાય છે—અને એના અંતરમાં એક મૂક વિચાર જન્મતો જાય છે:

'—મારી આ સર્વ યાતના નારાયણરાવના બાળપુત્રના કલ્યાણ માટે હો—હે અશરણશરણ! હે રઘુવીર સમર્થ! મને એમાંથી લેશ પણ ફળ ન મળો—લેશ પણ પુણ્ય ન મળો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિતાનો જન્મ

રે દેવી કવિતા! તારો જન્મ આવો વિરોધાભાસી કેમ છે?—કાં તું માતાના હૃદયમાંથી વહે અથવા નિર્ભયના અંતરાત્મામાંથી જન્મે. કાં પ્રેમ વાત્સલ્યમાંથી પ્રગટે અથવા ખાંડાની ધાર જેવા વજ્ર-હૃદયમાંથી ઉદ્‌ભવે. માતા સરસ્વતીના કંઠાભરણમાં આવો વિરોધાભાસ શોભે કે?

તે દિવસે ચારણ દુરસા આઢાના અંતરમાં મેઘભરેલા આકાશમાં વીજળી ઝબકે—તેમ, તું ઝબકી ઊઠી. એ બુલંદ અવાજનો પડઘો—એ તો દિલ્હીના કોટકાંગરા હજી યાદ કરતા હશે.

એ નિર્ભયતા—વીર પ્રતાપની તલવાર સિવાય બીજે તો એ જમાનામાં પણ ન મળે.

શાહાનશાહ અકબરનો દરબાર ભરાયો હતો. મહાન સરદારો હાજર હતા; મહા પંડિતો હતા. એ જમાનાના બીજા પણ મહા પુરુષો બેઠા હતા.

એક સંદેશો આવ્યો: 'રાણા પ્રતાપનું મરણ થયું. છે!'

સભા આખી સ્તબ્ધ બની ગઈ. અજિત ગણાતો દુશ્મન પડ્યો એમ ઘણાને લાગ્યું. આનંદનો પ્રસંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માની, કોઈ કોઈના ચહેરા પર સ્મિત પણ ફરકયું. એકાદ બે સરદારો જરાક ખિન્ન થયા લાગ્યા. પણ જરાક જ.

પરંતુ આ શું ?—શાહાનશાહ અકબર પોતે તો આ સમાચાર સાંભળીને જાણે તદ્દન ઉદાસ બની ગયા હતા. એ શું ?

શું એના અંતરમાં રાણા પ્રતાપની સાથે મળવાની તક ગયાનો અફસોસ હશે ?

કે એને પોતે મેળવી શકવામાં નિષ્ફળ ગયા એવી ખિન્નતા આવી ગઈ હશે ?

બાદશાહની મુદ્રાનો અભ્યાસ કરનારા સૌ એ ખિન્નતાનો અર્થ શોધી એ પ્રમાણે વર્તન કરવાની ચિંતામાં પડયા હતા ત્યાં મેઘજાળમાંથી ગર્જના થાય એવો, ચારણ દુરસા આઢાનો બુલંદ અવાજ આવ્યો :

અસ લેગો અણદાગ, પાઘ લેગો અણનામી,
ગૌ આડા ગવડાય, જકો બહતો ધુર વામી.

'જીતી ગયો, બાપ, રાણો જંગ જીતી ગયો —અજિત રહીને મર્યો ! નિષ્કલંક ઘોડે સવારી કરી ગયો—અણનામી પાઘ લઈ ગયો !

'ખમ્મા પૃથ્વીનાથ ! આપે ઘણાને જીત્યા. એ આપને જીતી ગયો.'

—બાદશાહી કોપનો ભોગ ચારણ બનશે એમ ધારીને સૌ ધ્રૂજતા હતા તેટલામાં પાછો એજ નીડર અવાજ સંભળાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવરોજે નહ ગયેા, ન ગૌ આતસાં નવલ્લી
ન ગૌ ઝરોખાં હેઠ, જેઠ દુનિયાણ દહલ્લી

'દર્શન કરવા ઝરુખા નીચે પૃથ્વીનાથ! એક રાણેા પ્રતાપ ન આવ્યો, તે ન જ આવ્યેા. ન નમ્યેા. તે ન જ નમ્યેા.

'ગહતેાલ રાણ જીતી ગયેા, દસણ મૂંદ રસણા ડસી
એટલે જ પૃથ્વીનાથ!

'નીસાસ મૂક ભરિયા નયણ, તેા મૃત શાહ પ્રતાપસી.

ચારણ દુરસા આઢાની નીડરતા જાગજાહેર હતી. પણ બરાબર આવે સમયે—જે વખતે બહાદુરમાં બહાદુર પુરુષ પણ, બાદશાહી મનેાવૃત્તિનેા વિચાર કરવા થેાભે–તે વખતે, એવા વીર પ્રતાપનું મરણ, દુહા સેારઠા વિના પસાર થઈ જાય, તેા તેા આખું રાજસ્થાન લાજે–અકબરનેા દરબાર હેાય તેા પણ શું? રાણા પ્રતાપને અંજલિ આપવાનેા કવિધર્મ ચુકાય નહિ–એમ ધારીને નીડર ચારણે બુલંદ બાનીમાં પ્રતાપનું વીરત્વ અને અકબરની મનેાદશા બન્ને વર્ણવ્યાં.

'ગહતેાલ રાણ જીતી ગયેા, દસણ મૂંદ રસણા ડસી,
નીસાસ મૂક ભરિયા નયણ, તેા મૃત સાહ પ્રતાપસી.'

સાંભળીને સઘળા સ્તબ્ધ બની ગયા, અને બાદશાહી કેાપનું પરિણામ કલ્પી જરાક ખિન્ન પણ થયા.

'અમ્મા! પૃથ્વીનાથ! રાણેા અમર થઈ ગયેા. જંગ જીતી ગયેા. અણનમ રહી ગયેા. એ વિચારે ખિન્ન થયા છેા, પણ હે શાહ! પ્રતાપ તેા પ્રતાપ જ હતેા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એવા અજેય રહેવા માટે જ જન્મ્યા હોય છે.'

અકબરશાહે શાંત રીતે જવાબ વાળ્યોઃ 'ખૂબ કીધી કવિરાજ ! ખૂબ કરી. જે મારા મનમાં હતું તે જ તમે ભાખ્યું. રાણોજી અજિત રહી ગયા.'

અને ત્યારપછી, જ્યારે કવિવાણીએ સ્વતંત્રતા દાખવી ત્યારપછી, આખી સભામાં, રાણા પ્રતાપની વીરચર્ચા શરૂ થઈ.

રે કવિતાદેવી ! તું આવી નીડરતાને વરે એના કરતાં તને જ અમે દેશવટો આપીએ તો ?

આડા=યશ. આતસા=બાદશાહી તંબુ. દસણ મૂંદ રસણા ડસી= દાંતોની વચ્ચે જીભ દબાવી નિઃશ્વાસભરી, હે પ્રતાપ ! તારા મૃત્યુ વખતે બાદશાહે આંસુ પાડ્યાં, કારણ કે–તું અસલેગો અણદાગ, –પાઘલેગો અણનામી વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



શ્રેષ્ઠ ભિક્ષાન્ન !

'ભગવાન તથાગતના નામે, નગરનાં ઓ નર-નારીઓ ! ભગવાન તથાગતના નામે, ભિક્ષા આપશો કે ? '

શેરીએ શેરીએ, શાંતેન્દ્રિય મહાકાત્યાયનનો, રાગ–વિરાગથી પર, સરોવરના જલતરંગ જેવો મધુર અવાજ સંભળાય છે: 'નગરનાં ઓ નરનારીઓ ! મહાભિક્ષુને નામે ભિક્ષા આપશો કે ? '

આશ્ચર્ય, મહા આશ્ચર્ય ! અવંતિદેશના રાજા ચંડપ્રદ્યોતના પુરોહિતના નામે, ધનધાન્યના ઢગલા નગરવાસીઓએ ચરણે ધર્યા હોત. આજે એ જ પુરોહિત ભગવાન તથાગતના નામે, એક નાના નગરમાં શેરીએ શેરીએ ભિક્ષા માગે છે, પણ શૂન્ય શેરીઓના એકે બંધ દ્વારમાંથી નાનું શિશુ પણ બહાર ફરકતું નથી !

ઉજ્જડ રસ્તા પર ભિક્ષુનો લોંઠો પડેલો અવાજ સૂતેલી શેરીઓને જગાડવા, અને સૂતલાં હૃદયને ઢંઢોળવા, ફરી ફરીને આવી રહ્યો છે: 'નગરનાં . . . ઓ નરનારીઓ ! . . . ભિક્ષા આપશો કે ?'

જેને કાંઈ પ્રિય નથી, જેને કાંઈ અપ્રિય નથી, એવા પરમ ત્યાગી મહાકાત્યાયન, ભિક્ષુઓ સાથે શહેરની બહાર જવા ચાલી નીકળ્યા. ભિક્ષાન્ન પ્રદાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાની નાગરિકોને ઇચ્છા ન હતી; તો લેવાની, ભગવાન તથાગતના શિષ્યોને, ન હતી. શેરી શેરી જગવતા ભિક્ષુઓના સ્વરના શાંત પડઘા આકાશમાં પ્રસરી જવા લાગ્યા.

—પણ આ કોણ સાદ દઈને બોલાવી રહ્યું છે? કોણ કહી રહ્યું છે? 'મારા દેવ! મારા પ્રભુ! મુજ દીનની, મુજ હીનની—રંક ભેટ સ્વીકારવા પધારશો? કોણ એમ પ્રાર્થના કરી રહ્યું છે?'

એ તો આ ધનવાન શહેરની એક રંક કન્યા છે. અનાથ છે. એને નથી મા, નથી બાપ. ભિક્ષુઓને એ પ્રાર્થી રહી છે: 'પ્રભુ! મારી રંકની—આટલી કંગાલ ભેટ સ્વીકારશો?'

અને જેને માન જોઈતું નથી, અપમાન જેને અસર કરતું નથી, એવા મહાકાત્યાયનનો સાત ભિક્ષુઓનો સંઘ, શાંત અને પ્રસન્ન મુદ્રાથી, રંકથી પણ રંક સુકેશાના દ્વાર ઉપર આવીને ઊભો રહ્યો!

આમંત્રિત ભિક્ષુઓને આસન ઉપર બેસારી સુકેશા ઘરમાં ગઈ. પણ આમંત્રિત ભિક્ષુઓને ભિક્ષાન્ન આપવાની એના રંક ઘરમાં શી સમૃદ્ધિ હતી? 'ભગવાન તથાગત ના નામે' એ મધુર સ્વરે એને જાગૃત કરી હતી. અને એ જ સ્વરે એને ઉત્સાહ આપ્યો હતો. એની પાસે આપવાનું હતું શું? કાંઈ જ નહિ! પણ રાજકન્યાઓને પણ ઈર્ષા થાય એવા સુંદર કેશ એને ન હતા? ભગવાન બુદ્ધનું અંતરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યાન ધરીને, કેવળ સુંદર કેશ ઉપર જ આધાર રાખીને, પોતાના ગામને અપયશમાંથી બચાવવા માટે, તેણે ભિક્ષુઓને ઘેર આમંત્ર્યા હતા. ત્યાર પછી થોડી વારે વીજળી જેવી ઝડપથી એક હાથે હૃદય સાચવતી, ને બીજે હાથે સુકેશાના મણિમુક્તા આપતાં પણ ન મળે એવા, રેશમના સુંદર તંતુ જેવા કેશ જાળવતી, એક દાઈ બહાર દોડી ગઈ.

પોતાના ખાલી પાત્રો સામે નજર રાખીને શાંત મુદ્રાથી ભિક્ષુઓ બેઠા છે. મહાકાત્યાયનના તરંગ-રહિત સરોવરના નિર્મળ જળ સમા અંતઃકરણમાં પણ સ્વર ઊઠયા છે; 'ઓહો! આવા ગરીબ ઘરમાં આવું લક્ષ્મી જેવું હૃદય રહે છે! ધન્ય છે આ ગરીબને– આ ગરીબીને, અને એ હૃદયને!'

—અને નાગેન્દ્રના જેવો લાંબો સુંદર કેશકલાપ વેચવા મોકલી દીધા પછી, રંક સુકેશા ઘરના એક અંધાર ખૂણામાં બેસીને બોલી રહી છે: 'હે પ્રભુ! મારા કેશને સો કાર્ષાપણ આપીને ખરીદ કરવા ઇચ્છનારી શ્રેષ્ઠીકન્યાને મેં તે દિવસે કેશ આપવા ના પાડી હતી. આજે એના હૃદયમાં એ વાતનો ક્રોધ મા વસજો મારા નાથ! દાઈ પાસેથી કેશ વેચાતા લેવાની એની વૃત્તિ કાયમ હોજો કે જેથી હું રંક, દીન, હીન, જીવનની કચારેક મળતી, આ એક અણમોલ પળને, મણિમુક્તાની પેઠે મારા અંતરમાં સાચવી મૂકું, મારા પ્રભુ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીવાર પછી દાઈ પાછી આવી. અને આઠ કાર્ષાપણ સુકેશાના હાથમાં આપ્યા: 'હવે શ્રેષ્ઠી કન્યા ના પાડે છે, સો કાર્ષાપણ આપવાની' તેણે કહ્યું. 'એણે આઠ કાર્ષાપણ આપ્યા છે!'

સુકેશાના નયનમાંથી આનંદનાં આંસુ વહી રહ્યાં: 'મારા દેવ! તેં મારી લાજ રાખી!'

પછી એક એક કાર્ષાપણનું એક એક ભિક્ષાન્ન તૈયાર કરી પરમ પ્રેમથી—નત મસ્તકે—ભિક્ષુઓને દાન કરવા દાઈ બહાર આવી.

મહાકાત્યાયને શાંત સ્વરે પૂછ્યું:

'બહેન! શેઠ કન્યા શું ઘરમાં નથી?'

'છે, ભગવાન!'

'આ ભિક્ષાન્ન—ભગવાન તથાગતને નામે ધરાયેલાં પ્રદાનોમાં શ્રેષ્ઠ પ્રદાન જેવું—તારી શેઠ કન્યાના પવિત્ર હાથે ધરાવું ઘટે છે!'

—અને તરત આનંદનાં આંસુથી ખરડાયેલું, રંકમાં રંક વસ્ત્રમાં ઢંકાયેલું, કેશકલાપ વિનાનું, દીન અને શાંત, સુકેશાનું શરીર બહાર આવીને ભિક્ષુના ચરણ પાસે નમી પડ્યું: 'મારા પ્રભુ! મારી રંકની આટલી ભિક્ષા સ્વીકારો!'

'જય હો! ભિક્ષુઓ! આ મહામૂલ્યવાન શ્રેષ્ઠ ભિક્ષાન્ન તથાગતને નામે આપનારનો!'

'જય હો રાષ્ટ્રલક્ષ્મીનો! શ્રેષ્ઠ પ્રદાનનો—સર્વોચ્ચ ભિક્ષાન્નનો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્ર બોલ્યું !

એ વખતે દક્ષિણમાં બાજીરાવ પેશ્વાના નામના પડઘા સહ્યાદ્રિની ડુંગરમાળમાંથી ઊઠતા હતા. ઠેર ઠેર એનું નામ લોકજીભે ચડી ગયું હતું. હિંદનો એ એક વખત સ્વામી થશે, એ સ્પષ્ટ જણાતું હતું. એની સામે ટકવામાં એક જ સૂબેદાર હતો. નિજામ–ઉલ્–મુલ્ક.

એ વખતે દિલ્હીની ગાદી ઉપર મહમ્મદશાહ હતો. બાજીરાવની આટલી બધી કીર્તિ સાંભળીને, તેણે પોતાના એક ચિત્રકારને દક્ષિણમાં મોકલ્યો.

બાજીરાવની આબેહૂબ છબી ચીતરી લાવવાની એને આજ્ઞા કરી.

પણ પેશ્વાના દરબારમાં જઈને ચિત્ર લેવું એ કામ તો ઘણું મુશ્કેલ હતું. એટલે ચિત્રકાર એની સવારીમાં એની પાછળ પાછળ ફરતો રહેતો. એને એક એવી સાચી છબી પકડવી હતી, કે જે બાજીરાવમાં રહેલા બાજીરાવને દેખાડે !

એણે ફરતાં ફરતાં એક દૃશ્ય જોયું. એને લાગ્યું કે મહારાષ્ટ્રની જીતનું અને જીવનનું, એ સાચું પ્રતીક છે. એ જ દૃશ્ય એણે મનમાં ઉતાર્યું. ને તક જોઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજીરાવની છબી પણ ચીતરી.

પછી તે પાછો દિલ્હી ગયો.

દિલ્હીમાં તો રંગીલો બાદશાહ મહમ્મદશાહ હતો. એને એમ કલ્પના હતી કે આખા દક્ષિણને ધ્રુજાવનાર આ માણસ તો કોણ જાણે કેવો હશે?

એને એમ કે, એ વજ્રદેહનો આદમી એટલો ઊંચો, બળવાન, કદાવર ને જબરજસ્ત હશે, કે મોટો બળવાનમાં બળવાન મલ્લ પણ એની પાસે પાણી ભરે!

વળી એનો ભભકો પણ ઓર હશે. સોનારૂપાની થાળી વિના એ જમતો નહિ હોય. એનું સિંહાસન પણ કોણ જાણે કેવું મૂલ્યવાન હશે.

પણ ચિત્રકારે ચિત્ર રજૂ કર્યું અને એ ચિત્ર જોતાં જ એની કલ્પના મરી ગઈ!

'અરે!' એ બોલી ઊઠ્યો: 'આ માણસ ત્યાંનો રાજા છે?'

ચિત્રકારે હા પાડવા માટે ડોકું ધુણાવ્યું.

મહમ્મદશાહે ફરીને ચિત્ર સામે જોયું. ચિત્રમાં પાતળા, ચપળ, તેજસ્વી ઘોડા ઉપર, એક રૂપાળો સવાર જઈ રહ્યો હતો. એનો ચહેરો ગોરો અને પાતળો હતો. એની આંખમાં જાણે પ્રીતની ગઝલ છૂપાઈ રહી હતી. પણ એની ઘોડાઉપર બેસવાની, સીધી, અક્કડ, અણનમ ઢબ, જાણે જાહેર કરતી હતી કે આ માણસ રણમાં ચડે ત્યારે પ્રીતની બધી જ ગઝલો ભૂલી જાય, એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજબ શક્તિ ધરાવતો હોવો જોઈએ.

મહમ્મદશાહ જોઈ રહ્યો. ચિત્ર સજીવન હતું. બાજીરાવને ચિત્રકારે ઘોડા ઉપર જતો ચીતર્યો હતો. આસપાસ ચારે તરફ ખેતરો હતાં. મોલની વચ્ચે ઘોડો ચાલી રહ્યો હતો. એના ખભા ઉપર એક મોટો ભાલો વગર ટેકે સ્થિર પડ્યો હતો. ઘોડાની લગામ ડોક ઉપર મૂકી દીધી હતી. ઘોડા ઉપર બેઠો બેઠો એ બે હાથે હથેળીમાં કાંઈક ચોળતો જતો હતો!

મહમ્મદશાહે કહ્યું: 'પણ આ બે હાથે ચોળતો શું જાય છે? પાન ચૂનો છે?'

'જહાંપનાહ! આ મરાઠા રાજાની ગાદી ગણો, સિંહાસન ગણો, રાજધાની ગણો, જે ગણો તે ઘોડાની પીઠ ઉપર છે. ને એનું રસોડું ગણો, ભોજન ગણો કે સોનારૂપાનો થાળ ગણો, એ આ બે હાથે ચોળાઈને ફંકાતો જુવારનો પોંખ છે!'

'જહાંપનાહ! એ ઘણી વખત ભોજન પણ આમ જ પતાવી લે છે!'

'હેં? જુવારના દાણા? હથેળીમાં ચોળીને એ ખાતો જાય છે?'

'હા, નામવર!'

'તો તો એ કોઈ જીવન સટોસટનો ખેલાડી છે. નિજામ-ઉલ્-મુલ્કને લખી નાખો, આની સાથે જલદી સંધી કરી લે. આમાં હવે કોઈ રાજા નથી. આ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંધળીદોટના લડવૈયા છે. રાજા–બાદશાહનાં આ કામ નહિ. લખી નાખો, આની સાથે જલદી સંધી કરી નાખે!'

બાજીરાવના ચિત્રે એક પણ શબ્દ બોલ્યા વિના બાદશાહ મહમ્મદશાહને બાજીરાવની આખી વાત કહી દીધી હતી! મહમ્મદશાહે કોઈ ભભકાભરેલો રાજા જોવાની આશા રાખી હતી, જ્યારે આંહીં તો ગમે તે જોખમે લડવા નીકળેલો એક વીરયોદ્ધો હતો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



શિષ્યની પિછાન !

અંધારઘેરા જંગલમાંથી જોગી સાધુ હરિદાસજીની સવારી ચાલી જાય છે. સાથે શિષ્યોનું વૃંદ છે. હરિનામના ઘોષના, પાસેના ડુંગરાઓ પડઘા પાડતા આવે છે. હરિરસની મસ્તીમાં આખી ટોળી તરબોળ છે.

અચાનક જ કેડી ઉપર આગળ ચાલતી ટોળી થંભી ગઈ.

પાછળ પણ બધા થંભી ગયા.

'શું છે ?' પૃચ્છા શરૂ થઈ. આગળથી અવાજ આવ્યોઃ 'હમણાં બોલો મા. સાંભળો તો !'

સ્મશાન સમી શાંતિ વ્યાપી ગઈ.

પડખેથી કોઈ શાર્દૂલની હોય એવી ભયંકર ત્રાડ સંભળાઈ. સૌનાં હાજાં ગગડી ગયાં. એક ઘડીભર તો શું કરવું તે સૂઝ્યું નહિ. આગલી ટોળીનાં માણસો પાછાં હઠી ગયાં.

'શું છે ?' ગુરુદેવ હરિદાસજીએ પૂછ્યું: 'કેમ અટકી પડ્યા ?'

'વાઘ લાગે છે, ગુરુદેવ !'

'કાંઈ ફિકર નહિ, આગે બઢો !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ આ તો આંહીં પાસે જ ગરજતો લાગે છે. આગળ શી રીતે વધાય? રસ્તો રોકીને બેઠો જણાય છે!'

ગુરુદેવે ફરીને પણ એ જ કહ્યું: 'કાંઈ ફિકર નહિ. આગે બઢો!'

ગુરુદેવની આજ્ઞાનું ઉલ્લંઘન તો થાય નહિ. બધા શમશમી ગયા, પણ હાથે કરીને વાઘના મોંમાં જવાનું મન કોને થાય?

જરા જરા ગણુગણાટ શરૂ થયો. ધીમે ધીમે આગળ વધવાની હિમત ભેગી કરવા લાગ્યા. પણ ત્યાં તો ફરીને ગાત્રેગાત્ર ધ્રૂજાવી નાખે એવી જબ્બર ગર્જના આવી.

'ગુરુદેવ! જુઓ, આ ગર્જના. આપણા રસ્તામાં જ બેઠો લાગે છે. આગળ વધીએ કે પાછા હઠીએ? અંધારામાં કયાં ભરાણો છે તે કળાય તેવું નથી.'

'બચ્ચાઓ! આગે બઢો. પીછે હઠનેકી બાત મત કરો. આગે બઢો!'

હવે તો આજ્ઞા સ્પષ્ટ જ હતી. અને આ આજ્ઞાનો અર્થ પણ સ્પષ્ટ જ હતો. મોતની ખીણમાં પડો!

આગળ વધ્યા ને ગર્જના પણ ફરીને સંભળાઈ.

અચાનક જ એક વૃક્ષ પાસે આવતાં ગુરુએ આજ્ઞા કરી.

'અબ ઠેરો. એ ઝાડ ઉપર કોઈ લડકા દિખાતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય. ઉસ્કો નીચે લાવો. વાઘ કા અવાજ વો હી દે રહા થા.'

બધાના આશ્ચર્યનો પાર ન રહ્યો. વાઘના, કાળજાં ફાડી નાખે એવા સ્પષ્ટ અવાજમાંથી, ગુરુએ માણસનો અવાજ કેમ શોધી કાઢ્યો એ એક કોયડો થઈ ગયો.

પણ એટલામાં તો ગુરુએ વધુ સ્પષ્ટતા કરી: 'યે અવાજ ભવિષ્કા કોઈ મહાન ગવૈયા કી આગાહી દે રહા હોય. યે મહાન ગવૈયા કુ નીચે લાઓ .....'

એ મહાન ગવૈયો બીજો કોઈ નહિ, તાનસેન નામથી પાછળથી પ્રસિદ્ધ થયો, તે જ એ હતો. જુવાનીના થોડા દિવસોમાં જ્યારે એ રખડપાટે ચડી ગયો હતો ને જાનવરનાં ગળાંને આબેહુબ પોતાનું ગળું આપવા મંડ્યો હતો, તે વખતની આ એક ઘટના છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હીરાકણી !

શિવાજી મહારાજે રાયગઢનો કિલ્લો બંધાવ્યો. એમાં જરા પણ છિદ્ર ન રહે માટે આકરી કસોટી કરી. કોઈ પણ ચોરવાટ રહી ન જાય માટે રાતદિવસ કામ ચાલતું હતું. સૌને ખાતરી થઈ કે હવે કિલ્લો અભેદ્ય થઈ ગયો છે. અને અંતે કિલ્લો પૂરો પણ થયો. એની અભેદ્યતાનાં વખાણ થવા માંડ્યાં. પણ મહારાજે કહ્યું, "એમ નહિ, આપણે એક ઢંઢેરો પીટાવો : એમાં જાહેર કરો: 'જે કોઈ દરવાજા વિના, બીજે માર્ગેથી આ કિલ્લાની અંદર આવે, તેને સોનાનું કડું ભેટ મળે!'

ઢંઢેરો પીટાયો. અને બીજે દિવસે કિલ્લા બહાર સૌ ઊભા રહ્યા હતા. કોઈ માણસ આવે છે કે નહિ એ જોતા હતા. ત્યાં એક માણસ આવ્યો.

તેણે મહારાજને કહ્યું: 'હું કિલ્લામાં અંદર પેસી જાઉં ને પાછો બહાર પણ એ જ રસ્તે નીકળી શકું!'

મહારાજને નવાઈ લાગી. એમના ધારવા પ્રમાણે કિલ્લો અભેદ્ય હતો. સરદારો તેને ડંફાશ મારતો જોઈ રહ્યા. પણ મહારાજે આજ્ઞા આપી. તે તરત જ પાસેની ઝાડીમાં અદૃશ્ય થઈ ગયો. ક્યાં ગયો ને શી રીતે ગયો તે કોઈને ખબર જ પડી નહિ. સમય પણ ઠીક ગયો.

સૌએ જાણ્યું કે માત્ર ગપ્પું મારવા માટે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ આવેલ હોવો જાઈએ.

કોઈ ને તો એ દુશ્મનનો માણસ હોવાની શંકા પણ થઈ આવી.

પણ ત્યાં તો રાયગઢના કિલ્લા ઉપર ધ્વજ દેખાયો. પેલો માણસ પોતે જ ધ્વજ ફરકાવતો ત્યાં ઊભો હતો !

અને પછી સૌના આશ્ચર્ય વચ્ચે એ પ્રમાણે એ પાછો આવી ગયો.

મહારાજે તરત જ એને સોનાનાં કડાં ભેટ આપ્યાં. એણે બતાવ્યો તે માર્ગ બંધ કરાવ્યો. હવે કિલ્લો અભેદ્ય છે એની ખાતરી થઈ ગઈ હતી.

પણ એટલામાં એક બીજી વાત બની.

એક વખત એક રબારણ રાયગઢમાં દૂધ વેચવા આવેલી. દૂધ વેચતી જાય ને ખોટી થતી જાય. એમાં મોડું થઈ ગયું. દરવાજા બંધ થઈ ગયા. તેણે બહુ આજીજી કરી. પણ એ સમય તો ભયંકર હતો. અને ત્યારે કિલ્લાની જવાબદારી એ જેવી તેવી વાત ન હતી.

એને કોઈ એ નિયમ બહાર દરવાજે ઉઘાડી દીધો નહિ.

છેવટે એ નિરાશ થઇ ગઈ. કિલ્લામાં રોકાઈ જવું પડે તો એના નાના બચ્ચાનું શું થાય ? ઘરવાળાનું શું થાય ?

એટલે છેવટે એણે પોતે પોતાનો માર્ગ કરી લીધો. અંધારું થયું. એટલે એ કિલ્લા ઉપર ચડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જિંદગીના જોખમે એ એક ઠેકાણેથી નીચે ઊતરી ગઈ.

મહારાજની પાસે કર્ણોપકર્ણ આ વાત આવી. તેણે તરત રખારણને બોલાવી: 'રાત્રે તેં કિલ્લામાંથી શી રીતે રસ્તો કાઢ્યો?'

'મહારાજ! અમે તો ડુંગરાના રખડવાવાળા. અમારી નજરે કોઈ ને કોઈ થાનક ચડી જાય. મેં એવું થાનક ગોતી કાઢ્યું. ને ત્યાંથી નીચે ઊતરી ગઈ!'

શિવાજી મહારાજે તરત જ રખારણની સાથે જઈને એ સ્થાન જોયું.

આટલી આટલી જહેમત છતાં આવું એક સ્થાનક હજી પણ હતું, તે જોઈને એમને નવાઈ લાગી.

આ એક સ્થાનક તો રાયગઢનું નામનિશાન મિટાવી દે.

એમણે તરત જ ત્યાં બુરજ બંધાવવાનો હુકમ કર્યો. અને એ રખારણના નામ ઉપરથી બૂરજનું નામ પણ રખાવ્યું: 'હીરાકણી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યની શોધમાં

હિમાલયની બરફઢંક શિખરમાલાઓ! તમારે રસ્તે થઈને જે જે હિંદમાં આવ્યા, તેમાં તમને કોણ વીરનો પણ વીર લાગ્યો છે?

તમારે રસ્તેથી જ એક દિવસ પેલી રાણી સેમિરામીસ આવી હતી. તમારે રસ્તેથી જ સિકંદર આવ્યો હતો. તમારે રસ્તેથી જ અનેકો આવ્યા. અનેકો તમારામાં પોઢી પણ ગયા.

પણ એક માણસ તમારે રસ્તેથી આવ્યો— અને એ વીરનો પણ વીર ગણાય એવા બિરુદને શોભાવી ગયો.

આજથી પંદરસો વરસ પહેલાંની એ વાત છે. ચીનથી નીકળેલા ત્રણ મુસાફરો તમારી હાડ ગાળી નાખે તેવી ઠંડીમાં ધીમે ધીમે આગળ વધી રહ્યા હતા.

અનેકો તમારે એ રસ્તે આવતા, આટલું જ કષ્ટ વેઠીને. આટલી જ ઠંડી વેઠીને. આટલી જ જીવલેણ મુસાફરી કરીને.

પણ એ આવનારા જુદા હતા. આ આવનારાઓ જુદા હતા.

બીજાઓ આવતા, ત્યારે એ માલ લેવા આવતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૈસા માટે આવતા. હીરા માણેક મોતી માટે આવતા. એમને કંચનની મોહિની હતી.

વિજયી સેનાપતિઓ આવતા, એમને યશગાથા-ઓ પ્રગટાવવી હતી.

રાજાઓ આવતા, એમને પોતાની મહત્ત્વાકાંક્ષા તોષવી હતી.

પણ આ ત્રણ અકિંચન મુસાફરો આવી રહ્યા હતા— કીર્તિ મેળવવા માટે નહિ, યશગાથા રચવા માટે નહિ, રાજપ્રાપ્તિ માટે નહિ, કંચન ઉપાડી જવા માટે નહિ— કેવળ એક સત્યશોધન કરનાર મહાપુરુષનાં જીવન ખંડેર જોવા માટે! જીવનશોધન કરનારનાં જીવન ખંડેર જોવા માટેની એમની આ જીવનયાત્રા હતી!

એ ત્રણ મુસાફરોમાં એક, વિખ્યાત ફ્રા—હિયાન હતો.

આકાશ સાથે વાતો કરતા બરફ આચ્છાદિત શિખરો ઊતરીને, એ આગળ વધ્યા. ત્યાં કોઈ કહેતાં કોઈ માણસ દેખાતું ન હતું. કેવળ બરફ, બરફની સાથે ગોષ્ટિ માંડી બેઠો હતો!

પણ આ અસહ્ય ઠંડીમાં, ત્રણમાંથી એક જણાની તબિયત લથડી. બીજા બે, એને માટે મોટી થાય તો ત્રણેની મૃત્યુભૂમિ આંહીં જ બને. એટલે તેણે ગદ્‌ગદ કંઠે બન્નેને કહ્યું: 'તમે આગળ વધો. મને છોડી દો!'

આખું બરફ ઢાંકયું જંગલ, આ ત્રણ વીરોની વાત સાંભળી રહ્યું. એમણે હજારો માઈલ સાથે ગાળ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. એ સાથે રમ્યા હતા. સાથે ઉછર્યા હતા. ચીન-દેશમાંથી સાથે નીકળ્યા હતા. આંહીં આ એકને તજીને જવું, એ જીવતું મૃત્યુ હતું. તેમણે ત્યાં સાથે જ મરવાનો નિશ્ચય કર્યો.

પણ પેલાએ બન્નેને આજીજી કરી. આંસુ સાર્યાં.

'જે જે સ્થળમાં તમે ફરો, ત્યાં ત્યાં મને સંભારજો એ બસ છે.' એવી આશ્વાસનવાણી કહી. તેમને કોઈ પણ રીતે આગળ વધવાને કહ્યું: 'આગળ વધો, મિત્રો! આગળ વધો. આગળ ઈશ્વર છે!'

અંધારું આવી રહ્યું હતું. રાત અને બરફ બન્નેને માણસના દેહ ઉપર વસ્ત્ર પાથરી દેવું હતું. એ બન્ને જાણતાં હતાં, કે માણસને અત્યંત પ્રિય વસ્તુ, સૂઈ જવું તે છે. આંહીં આ એક માણસ સૂતો હતો— અને સૂતો સૂતો જ ચિરનિદ્રામાં પડી જવાનો હતો!

બન્ને પોતપોતાની ચાદર એના ઉપર ઓઢાડવા માટે દોડી રહ્યાં હતાં. રાત અને બરફ—

પેલા બન્ને મિત્રો તેને ભેટતા, તેને જોતા, તેને ફરી ફરીને નિહાળતા, આગળ વધ્યા. બીજો ઉપાય જ ન હતો. એ બે આગળ ચાલ્યા.

પણ એમના પગ આગળ વધે છે, હૈયું પાછળ રહે છે.

પણ બીજો દિવસ થયો. અને બીજો એક ડગ્યો. તેને પણ ઠંડી, ઠંડી રીતે હણી રહી હતી. હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ફા-હિયાન એક ડગલું પણ આગળ વધવા માગતો ન હતો. તે પોતાના દેશભાઈ પાસે જ બેસી ગયો. તેને પ્રેમથી કહ્યું : 'ભાઈ! આપણે હવે આંહીં સાથે જ સૂઈ જઈશું. આપણા દેશને સંભારતા સંભારતા આપણે આ બરફને જ ઓઢી લેશું! આપણને બન્નેને ઢાંકનારું એક જ આકાશ હશે!'

ફા-હિયાનને પેલા ભાઈએ આજીજી કરી. 'ભાઈ! તમે આગળ વધો. આગળ વધો. આગળ વધીને તમે હિંદ જોશો, તો કોઈક દિવસ આપણા દેશ-ચીનને, આપણા ધર્મ-પિતા ભગવાન બુદ્ધદેવની, સાચી વાતો જાણવા મળશે. આપણે સાચી વાત શોધવા નીકળ્યા હતા, એકબીજાને માટે જીવન આપવા માટે નીકળ્યા ન હતા. જે જીવે, જે જાણે, તે જણાવે, એ આપણી પ્રતિજ્ઞા હતી. ભાઈ! તમે આગળ વધો, આગળ વધો!'

પણ ફા-હિયાન એને એકલો છોડીને જતાં મરણની વેદના અનુભવતો હતો.

પણ પેલા મિત્રે એનો રસ્તો તરત ચોખ્ખો કરી દીધો.

થોડીવારમાં તો એ છેલ્લો શ્વાસ લઈ રહ્યો હતો.

એટલે એને માટે રોકાય ન રોકાય એ સરખું હતું.

—અને બે હાથ જોડીને ફા-હિયાનને આગળ વધવાનું કહેતો કહેતો તે ચાલી નીકળ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરફના ડુંગરાઓ એના મૃતદેહને અને નાના બાળકની પેઠે રડતા ફા–હિયાનને જોઈ રહ્યા !

જ્યાં કોઇએ કોઈ દિવસ રુદનને સાંભળ્યું ન હતું, ત્યાં ફા–હિયાન, નાના શિશુની પેઠે રડી રહ્યો હતો.

એક મૃત શરીરના હૃદયને હૃદય લગાવીને, એક માણસ છાતીફાટ રોઈ રહ્યો છે, એ જોઈને એક કસ્તૂરીહરણ, એ વાત જંગલને કહેવા માટે ત્યાંથી દોડયું ગયું !

પણ હૃદય ફાટે તેવો વિલાપ કર્યો, પછી તે શાંત થયો. પોતાનાં જૂનાં વસ્ત્રો ને ગ્રંથોની બે ચાર પોટલી બાળે નાખી. ઊંચે આકાશ સામે એક શ્રદ્ધા ભરી દૃષ્ટિ નાખી: અને વારંવાર પેલા મૃત શરીરને જોતો અને રોતો, તે આગળ ચાલી નીકળ્યો !

પર્વતોમાં પહેલાના જેવી શાંતિ પથરાઈ ગઈ.

આવા નિઃસીમ બરફ ઢાંકયા ભીષણ શૂન્ય માર્ગે, કેવળ અદમ્ય ઇચ્છાથી, માત્ર એક માણસ, સત્યને શોધવા જઈ રહ્યો હતો, તે આશ્ચર્યજનક દેખાવને હિમાદ્રિનાં શિખરો પણ જોઈ રહ્યાં ! બીજી બધી વીરતાઓ હતી. પણ આ . . . તો વીરતા–હતી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાન ને અહમ્

ભગવાન શંકરાચાર્યને એક વખત વિચાર આવ્યો. લોકસંગ્રહ માટે પોતે જે વેદાંત જ્ઞાન વહેતું મૂકયું છે, તે જ્ઞાન, કાલ જતાં ઊંધી રીતે સમજાશે, અને એમાંથી જ્ઞાનની મશ્કરી જન્મશે ! માટે એ જ્ઞાન ઉપર વધારે સ્પષ્ટ વિવરણ થાય તો એ સાચો પ્રકાશ આપતું રહે !

લોકમાનસ જ્યારે જ્ઞાનને બરાબર સમજતું નથી, અને પોતાના મનમાન્યા અર્થો એમાંથી કાઢે છે, ત્યારે એ જ્ઞાનને ભૂલી જાય છે, અને ખોટા જ્ઞાનનો પ્રચાર કરે છે. ખોટા શબ્દો, ખોટું જ્ઞાન અને ખોટા વિચાર પ્રજાને વહેંતિયા ઠીંગુજી જેવી બનાવી દે છે. માટે પોતાના વેદાંત ગ્રંથ ઉપર એક સુંદર, સાદી, સ્વચ્છ, સ્પષ્ટ એવી વિવેચન ટીકા સામાન્ય જનો માટે કરાવવી. તો, વેદાંત જ્ઞાનનો ખરો અર્થ હમેશાં લોકની નજર સમક્ષ રહી જાય. ને જ્ઞાનની અવહેલના ન થાય ! પોતે જે જ્ઞાન મૂકે તે જ્ઞાન વિકૃત ન બને એ જોવાનું કામ પણ જ્ઞાનીનું જ છે. એટલા માટે સ્પષ્ટ અર્થો આપી દેવા જરૂરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કાર્ય માટેની સૌથી વધારે યોગ્યતા હોય તો તે મંડનમિશ્રની. પદ્મપાદ હતો, હસ્તામલક હતો, આનંદગિરિ હતો, પણ મંડનમિશ્રમાં જે હતું, તે તો કોઈકે જુદું જ તત્ત્વ હતું. એણે પોતાના પરાજયને હસતે મોંએ સ્વીકાર્યો હતો. એ કામ ખરો વિદ્વાન જ કરી શકે. પોતાના સમગ્ર ચિત્તંત્રને નવા જ્ઞાનના પ્રકાશથી, આવડી વયે જુદી જ રીતે એણે પ્રકાશિત કરી મૂકયું હતું. એની વિદ્યા એ પ્રકાશમાં સત્ય–શોધન માટે આગળ વધી રહી હતી. વિદ્યાના સાગર પાસે પોતાના વ્યક્તિત્વને એણે નાચી જ ગણ્યું હતું. વિદ્યા, અને નહિ કે વ્યક્તિત્વ દુનિયાને પ્રકાશ આપે, એવી રાગદ્વેષ અને અભિમાનથી પર વસ્તુ, મંડનમિશ્ર પાસે હતી. એની આંખમાં એક પરમ તેજસ્વી વાત બેઠી હતી. 'મારો પરાજય હો, મારી સમજણનો પણ પરાજય હો, મારી વિદ્વાન તરીકેની કીર્તિનો પણ પરાજય હો, પણ 'સત્ય જ્ઞાન'નો વિજય હો ! અને સત્યશોધનનો અંત ન હો !'

એટલે મંડનમિશ્ર એ કાર્ય ઉપાડી લે એમ ભગવાન શંકરાચાર્ય ઇચ્છી રહ્યા હતા. પણ પદ્મપાદની નામના એ વાતમાં અંતરાયરૂપ હતી. બીજા શિષ્યો પદ્મપાદને આગળ મૂકતા હતા. વેદાંતવીરોમાં દ્વિધા જન્મી હતી. 'આ કે આ ?' એવો વિકટ અને મહાન પ્રશ્ન ઊભો થયો હતો. અદ્વૈતના જુથમાં પણ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતનો સંઘર્ષ જાગ્યો હતો. વ્યક્તિ અને વ્યક્તિ સમાન છે એ ખરું, પણ વ્યક્તિ અને વિદ્યા એ બન્ને ભેગાં થાય, ત્યારે એક વ્યક્તિ એ એક વ્યક્તિ છે, ને બીજી વ્યક્તિ, એ બીજી જ વ્યક્તિ છે.

પણ શક્તિને ન પિછાનવાના મતાગ્રહે તો દુનિયાને ઘણી વખત ગરીબ કરી મૂકી છે.

અને આંહીં પણ એ જ વાત આવીને ઊભી હતી.

મંડનમિશ્રનું સ્થાન પદ્મપાદે લીધું. એણે વેદાંત-જ્ઞાનની વિવેચના ઉપરની વિવેચના ઉપાડી. અને એનું એ કામ પૂરું પણ થયું.

પણ પદ્મપાદના દિલમાં હજી એક જરા જેટલો પણ વ્યક્તિત્વનો 'અહમ્' રહી ગયો હતો.

'હું' એ શબ્દે કંઈકને નિર્માલ્યના પણ નિર્માલ્ય બનાવી દીધા છે. અને ખૂબી એ છે કે જ્ઞાન, પરાક્રમ, શીલ, સંસ્કાર એ બધામાં ગમે ત્યાં 'હું' દેખાય એટલે એ બધા મૂલ્યવાનના મૂલ્યવાન પદાર્થો, તરત નિર્માલ્યમાં નિર્માલ્ય બની જાય છે!

'હું' આવ્યો કે મહત્તા ગઈ!

પદ્મપાદને આ વિવેચન લઈને ઊપડવું હતું, પોતાની જનમભોમકામાં.

ત્યાંના વિદ્વાનોને પોતાના અગાધ જ્ઞાનથી એ ચકિત કરી નાખવા માગતો હતો.

પદ્મપાદે ગુરુની આજ્ઞા માગી : 'રામેશ્વર જવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છા છે,' તેણે કહ્યું.

ભગવાન શંકરાચાર્ય એની વાત કળી ગયા. પદ્મપાદની જન્મભૂમિ રામેશ્વર તરફ. ત્યાં જઈને પોતાની જ્ઞાનવાત મૂકવા માગતો હતો. જન્મભૂમિ પ્રત્યેનું નૈસર્ગિક આકર્ષણ એમાં હતું, પણ એમાં એક બીજી વાત પણ હતી. પદ્મપાદને પોતાનું જ્ઞાન પોતાની ભૂમિમાં પ્રગટ કરવું હતું!

ભગવાન શંકરાચાર્ય ઊંડા ચિંતનમાં ઊતરી ગયા. પછી તેણે ધીમેથી કહ્યું: 'પદ્મપાદ! કેટલીક વખત જે સમજાય છે, તે ન સમજાવવામાં પણ ઓર આનંદ રહ્યો છે. જ્ઞાનીઓ એ આનંદને પણ જાણે છે! અનુભવીએ એકલા આનંદમાં રહેવું — એ પણ એક અવસ્થા છે.'

પણ પદ્મપાદને તો જવું જ હતું. એટલે ભગવાને એને છેવટે જવાની અનુમતિ આપી.

પદ્મપાદ પ્રથમ પોતાના કાકાને ત્યાં ગયો.

ચિદમ્બરમમાં કાકા રહે. પણ વેદાંતજ્ઞાનને એ જુદી જ રીતે સમજે. અને એ સમજણ તજવાને કે બીજાની સમજણ લેવાને તૈયાર ન હતા. જેમ જર્જરિત શરીર નવું લોહી લઈ શકતું નથી, તેમ એક મતમાં વર્ષોથી ઉછરેલો માણસ, બીજો મત એકદમ ગ્રહણ કરી શકતો નથી. કાકાની પાસે પદ્મપાદે પોતાનું જ્ઞાન તો બતાવ્યું. પણ કાકાને એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત ભયંકર લાગી. ચિદમ્બરમમાં જે વિદ્વાનો હતા, તેમની વાતને પદ્મપાદે રોળીટોળી નાખી હતી.

પદ્મપાદને તો વિજયડંકો વગાડતા છેક રામેશ્વર સુધી જવું હતું.

કાકાએ કહ્યું: 'ભાઈ! તને તો સરસ્વતી જિહ્વાગ્રે છે. મફતનો આ પુસ્તકોનો ભાર શું કરવા સાથે ઉપાડી જાય છે? આવાં મૂલ્યવાન પુસ્તકો રસ્તામાં ખોવાયાં તો એ પાછાં તત્કાલ થઈ શકવાનાં છે? માટે એમને તો આંહીં મૂકતો જા.'

પદ્મપાદને તો પોતાની વિદ્યાનું અભિમાન હતું. અને એમાં કાકાએ કહ્યું કે તારે તો સરસ્વતી જિહ્વાગ્રે વસી છે, એટલે તો એ મધુર નાદમાં બીજી કોઈ વાતનો એને ખ્યાલ જ ન રહ્યો.

એણે પુસ્તકો ત્યાં કાકા પાસે રાખ્યાં. અને પોતે રામેશ્વર જવા ઊપડ્યો. યાત્રાની યાત્રા, જ્ઞાન-વિતરણનું જ્ઞાન-વિતરણ, અને વળી પોતાની વિદ્યા-કીર્તિનો ધ્વજ ફેલાવવાની પણ તક મળી ગઈ.

એણે તો ગુરુના જ્ઞાનની વાહ્ વાહ્ પોકરાવી દીધી. જ્ઞાનમાં જ્ઞાન આ — જે પદ્મપાદ બોલે છે તે — એવી હવા બધે ફેલાઈ ગઈ.

તે પાછો કાકાને ત્યાં આવ્યો. પોતાની જ્ઞાન-યાત્રાનો વૃત્તાંત કહ્યો. ભગવાન શંકરાચાર્યનો દિગ્વિજય રામેશ્વરથી કાશ્મીર સુધી થઈ ચૂકયો છે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત કહી. અને પોતે એ કઠિન જ્ઞાનને કેવું લોક-ગમ્ય કરી મૂકયું છે એ વસ્તુ પણ ગર્વભેર કહી સંભળાવી.

કાકા તો બધું સાંભળી રહ્યા હતા. એમની તો એક જ વાત હતી. બીજા ભલે ગમે તેવા વિદ્વાન હોય — પણ ચિદમ્બરમ્‌ના વિદ્વાનોનો 'અડો' મોળો ન પડવો જોઈએ. બન્ને વિદ્વાનો હતા, અને છતાં એમની વચ્ચે વાત વિદ્યાની ન હતી — વાડાની હતી. અમારો વાડો શ્રેષ્ઠ. એ વાડામાં હોય તે શ્રેષ્ઠ. એ વાડામાં આવે તે શ્રેષ્ઠ.

અચાનક ભત્રીજાએ કહ્યું: 'પણ પેલાં પુસ્તકો— એ કયાં છે? એ પુસ્તકો તો હવે દેશ દેશ ફેલાવવાનાં છે!'

'હતાં ફેલાવવા જેવાં જ . . .' કાકાએ ઠંડી રીતે કહ્યું. 'પણ બધાંય એક દી બળી ગયાં!'

'હેં? બળી ગયાં? કોણે બાળી નાખ્યાં?'

'બાળી કોણ નાખે? અચાનક જ બળી ગયાં!'

'અરે કાંઈ અચાનક બળે? કારણ વિના તે કાર્ય થતું હશે?'

'એ તો સૌ જાણે છે પદ્મપાદ! કારણ વિના કાર્ય ન થાય. આનું પણ કારણ હશે. માત્ર શું કારણ છે એ આપણે જાણતા નથી. આપણે તો કાર્ય જ જોઈએ છીએ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્મપાદના ઉપર આભ તૂટી પડ્યું. એણે કેટલી મહેનતે આ વસ્તુઓ તૈયાર કરી હતી. એને હવે ભગવાન શંકરાચાર્યનાં વાકયો યાદ આવ્યાં. 'જાણનાર ન જણાવે, એ પણ આનંદનો એક અનુભવ છે.' પણ હવે શું થાય ?

અને ત્યાં તો કાકાએ બધાં પુસ્તકોની સાચવી રાખેલી રાખનો ઢગલો રજૂ કર્યો. 'ભાઈ ! આ તું લઈ જા. વખત છે તારા ગુરુના પ્રતાપે એમાંથી અક્ષરો પાછા ઊઠે !'

પદ્મપાદ એ જ વખતે ત્યાંથી ચાલી નીકળ્યો. પણ હવે એ ગુરુચરણે પોતાનું અભિમાન મૂકી દેવા માટે જઈ રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લી સેવા!

મગધના રાજા અજાતશત્રુની સામે, રાજગૃહ નગરીના ભિક્ષુવરોની આખી એક સેના ઊભી રહી ગઈ હતી. વિખ્યાતમાં વિખ્યાત ભિક્ષુવરો ત્યાં હતા. આકાશગોત્ર હતો. મહાઘોષ હતો. શબ્દસિંધુ હતો. બીજા પણ અનેક હતા.

રાજાએ એમને શા માટે બોલાવ્યા હશે એની ચિંતા બધાના ચહેરામાં બેઠી હતી.

રાજા અજાતશત્રુ એક પળે ઉદારમાં ઉદાર દેખાતો. તો બીજી પળે, એના જેવો કોઈ અનુદાર નહિ હોય એવું વર્તન એ દાખવતો. એક પળે એ દયાનો સાગર જણાતો. બીજી પળે એ ક્રૂરમાં ક્રૂર લાગતો. એક પળે, એના હૃદયમાં આનંદની છોળ ઊઠતી હોય. બીજી પળે, એ કોઈકને હણી નાખવા માટે સમશેર શોધતો હોય.

એના સ્વભાવમાં અનેક વિચિત્રતાઓ એકી સાથે રહેતી હતી. એ તેજસ્વી હતો અને ભયંકરમાં ભયંકર હતો. એ જિજ્ઞાસુ હતો. અને એ કોઈનામાં શ્રદ્ધા રાખનારો ન હતો. એ મહત્ત્વાકાંક્ષી હતો. અને એને યુદ્ધનો ભાર પણ જણાતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો આ વિચિત્ર રાજા આજે રાજગૃહ નગરીના બધા જ ભિક્ષુવરોને શા માટે બોલાવી રહ્યો હશે, એ કોયડાની અણદીઠ ભીતિ ત્યાં બધાના ચહેરામાં આવી ગઈ હતી.

એટલામાં રાજાનો હાથી આવતો જણાયો. હાથી થોડે છેટે રહ્યો, એટલે અજાતશત્રુ હાથી ઉપરથી ઊતરી ગયો.

તે ભિક્ષુવરોની પંક્તિ તરફ ચાલતો, ચાલતો આવી રહ્યો હતો.

ભિક્ષુવરોએ છૂટકારાનો દમ લીધો. રાજા ચાલતો ચાલતો આવી રહ્યો હતો એ વાત એમના લાભની જણાતી હતી. એ કાંઈક વિજ્ઞપ્તિ કરવા માટે આવતો હોવો જોઈએ. એ અત્યારે સારો સ્વભાવ જ દર્શાવશે. એ વાતની એમના સૌના મનમાં આશા આવી ગઈ.

એટલામાં રાજા પાસે આવ્યો. એની સાથે પણ કોઈ ન હતું. એ એકલો જ બે હાથ જોડીને આગળ વધ્યો:

'ભિક્ષુવરો ! મારે તમને એક વિજ્ઞપ્તિ કરવી છે !' તેણે શાંત ધીમા સ્વરે કહ્યું.

ભિક્ષુવરો હાથ જોડીને તેની સામે શાંત ઊભા રહી ગયા.

'ભગવાન તથાગતના ધર્મ સેનાપતિઓ જેવા સ્થવિર મૌદ્ગલ્યાયન અને સારિપુત્ર બન્નેના ઉપર એક મહા આક્રમણ થયું છે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કોણે કર્યું છે પ્રભુ ?'

'રોગે, મિત્રોએ, અને શત્રુઓએ !'

કોઈને કાંઈ સમજાયું નહિ.

રાજા આગળ વધ્યોઃ 'દેવદત્ત દુષ્ટ હતો તે તમે સૌ જાણો છો. ભગવાન બુદ્ધનો એ સ્વજન હતો તે પણ તમે જાણો છો. ભગવાને એને સંઘપતિ નીમવાની ના પાડી, ત્યારથી એ અનેક પ્રકારના વિતંડાવાદ કરતો હતો. એ મૃત્યુ પામ્યો અને એ નરકમાં ગયો. સારિપુત્ર અને મૌદ્ગલ્યાયનને આ જાહેર કર્યું. અને દેવદત્તના અંતેવાસીઓએ એમના ઉપર કાષ્ટનો, ઈંટનો, પથ્થરનો, છાણમૂત્ર અને ધૂળનો વરસાદ વરસાવ્યો. એમના શરીર ઉપર ગાંડાઓની પેઠે એ તૂટી પડ્યા. સારિપુત્ર ભયંકર રીતે બિમાર છે. મૌદ્ગલ્યાયન પણ ભારે આક્રમણના આઘાતથી પથારી વશ છે.

તમે રાજગૃહના ભિષગ્વરો છો. તમારી વિદ્યાનો આજે એવો ઉપયોગ કરો કે, આ બન્ને સાધુઓ આઠ દિવસમાં બેઠા થઈને હરતાફરતા થઈ જાય. આઠ દિવસમાં હરતા ફરતા થઈ જવા જ જોઈએ. એ જોવાનું કામ તમારું છે. મારી એ આજ્ઞા છે. મેં તમને સૌને આંહીં બોલાવ્યા છે એટલા માટે.'

ભિષગ્વરો રાજાની વાણી સાંભળી રહ્યા. એ વાણીમાં રહેલો આજ્ઞાનો ટંકાર એમને ખૂંચી રહ્યો. ભિષગ્વિદ્યા પણ એની દાસી હોય તેમ રાજા બોલી રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિષગ્વરોના મનમાં વિપ્લવ જાગી ગયો.

આજે એ ભિષગ્વિદ્યાને દાસી માને છે. આવતી કાલે તમામ વિદ્યાને એ પોતાની રાજમહાલયની કુંભદાસીઓ ગણશે.

આજે જો એને જવાબ આપવામાં નહિ આવે, તો આવતી કાલે એ વિદ્યા માત્રનો, તિરસ્કાર કરવા માંડશે.

આજ દિવસ સુધી એ પોતે જ દેવદત્તનો મિત્ર હતો. સાથી હતો. એને પાંચસો સ્થાલીપાક ભોજન મોકલતો હતો. એનું બહુમાન કરતો હતો.

આજે વળી એ બુદ્ધ ભગવાનનો શિષ્ય બની જવા નીકળ્યો છે !

કાલે વળી, એ કોઈ ત્રીજા જ ગુરુનો શિષ્ય થવા નીકળશે.

એની વિચિત્રતા નભાવવાનું કામ રાજદ્વારીઓનું છે, વિદ્વાનોનું નહિ: ભિષગ્વરોનું તો નહિ જ.

તે બધા એકબીજાની સામે જોવા માંડ્યા. બધાની આંખમાં વાત એક જ આવી ગઈ હતી. એને વાણી કોણ આપે એ જ પ્રશ્ન હતો. છેવટે આકાશગોત્ર બોલ્યોઃ 'ભન્તે રાજન્ ! ભિષગ્વરો તો પરાપૂર્વથી પોતાના દર્દીઓ માટે બધું જ કરી છૂટતા આવ્યા છે. આવા બે મહા સદ્‌ગુણી સ્થવિરોનું દેહકષ્ટ જેમ બને તેમ જલદી શમી જવું જોઈએ એ તમારી પેઠે અમારી પણ ઇચ્છા છે. પણ એટલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે આવી આજ્ઞા મગધપતિ કહે—અને અમે એ નીચીમૂંડીએ ઉઠાવીએ, તો રાજગૃહની ડુંગરમાળાએ લાજે. અમે તમામ કરી છૂટીશું. તમે આજ્ઞાનો શબ્દ પાછો લઈ લો. વિશ્વમાં એક પદાર્થ આજ્ઞાથી પર છે.'

અજાતશત્રુના અવાજમાં સહેજ કંપ આવ્યો: 'કોણ?'

'વિદ્યા!' આકાશગોત્રે કહ્યું.

'વિદ્યા કે રાજા?'

'રાજા નહિ મહારાજ! વિદ્યા. વિદ્યા કોઈ પાસે આજ્ઞા લેતી નથી. એ કોઈની આજ્ઞા માનતી નથી. એ કોઈ ને આજ્ઞા આપતી નથી. વિદ્યાનો સ્વામી કેવળ એક જ છે!'

'કોણ?'

'વિદ્યાનો સ્વામી વિદ્યા પોતે! બીજો કોઈ નહિ!'

અજાતશત્રુના મોં ઉપર એક પ્રકારનો ઉદ્વેગ-ભર્યો રોષાગ્નિ પ્રગટ્યો. તે કાંઈક વ્યગ્ર થઈ ગયો. તેનું માથું ગુસ્સામાં હાલી ગયું.

તેણે જવાબ વાળ્યો. તેના શબ્દોમાં આવેશ આવી ગયો. તેણે હાથ જોડ્યા હતા, પણ તેની આંગળીઓ ધ્રૂજી રહી હતી. તેણે મક્કમ, દૃઢ, ઉતાવળા વેગભર્યા ક્રોધિત સ્વરમાં કહ્યું: 'ભિક્ષવરો! વિદ્યા સર્વોપરી હશે, વૈશાલીમાં, કપિલવસ્તુમાં, કે તક્ષિશલામાં. ત્યાં ગણતંત્રો છે. આંહીં તો રાજાનો શબ્દ એ છેલ્લો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દ છે. વિદ્યા, વૈભવ, પ્રજ્ઞા અને પ્રજાનાં સાધનો, મગધદેશની પ્રજાની તમામ સમૃદ્ધિ, અને એની બીજી બધી શક્તિઓ, રાજશાસનના ઉત્કર્ષ માટે રહેશે, ત્યાં સુધી જ તમે પણ સલામત છો. કાગ્ગોજ મદ્ર અને બીજાને પૂછો. પારસકના શાસાનુશાસના સૈન્ય પાસે ભારતવર્ષ પાણી ભરશે– જો એકચક્રી શાસન હશે નહિ, તો ભારતવર્ષ પણ હશે નહિ. ભિષગ્વરો ! આ મારો છેલ્લો શબ્દ છે, જો સાત દિવસમાં સ્થવિર મૌદ્ગલ્યાયનને હું રસ્તામાં ફરતા નહિ દેખું, તો તમારી વિદ્યા અવિદ્યા ગણાશે. અને મગધને અવિદ્વાનોનો બપ નથી—એ પણ જાણી લેજો. વિદ્યા વિનાના નામના વિદ્વાનો, અને ફળ-ફૂલ વિનાનાં સુક્કાં વૃક્ષો, એમનું કયાં સ્થાન હોઈ શકે એ મારે તમને કહેવાનું ન હોય. તમે બધા ભેગા થઈને જે પ્રમાણે કરવું હોય તે પ્રમાણે કરો. મારે તો સ્થવિર મૌદ્ગલ્યાયનને આજથી આઠમે દિવસે ફરતા જોવાના છે. અથવા તમને ચાલ્યા જતા જોવાના છે ! હવે પધારો ભિષગ્વરો !'

રાજા બે હાથ જોડીને નમન તો કરી રહ્યો. પણ એ નમનમાં હજારો સમશેરોની ઉગ્રતા હતી.

ભિષગ્વરો સચિંત બની ગયા. સ્થવિર મૌદ્ગલ્યાયનને જોવા ગયા. એમના ઘાવ જોયા. એમના ઉપર થયેલ આક્રમણનો મૂઢ માર તપાસ્યો. એમના શરીરનું બળ જોયું. ઔષધોની શક્તિનું માપ કાઢ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પણ હિસાબે આઠ દિવસમાં મૌદ્ગલ્યાયન ફરતા થઈ જાય એ ન ભૂતો ન ભવિષ્યતિ જેવી વાત હતી.

તે એક બીજાની સામે જોઈ રહ્યા. મૌદ્ગલ્યાયને પૂછ્યું : 'ભિષગ્વરો ! શી વાત છે ? કેમ તમે બોલતા નથી ને સામે સામે જોઈ રહો છો ? શું બન્યું છે ?'

ભિષગ્વરોએ બધી વાત કહી. સ્થવિર મૌદ્ગલ્યાયન વિચારમાં પડી ગયા.

અને અજાતશત્રુની વિચિત્રતા એના ધ્યાનમાં આવી ગઈ. પોતાના માટે થઈને આ ભિષગ્વરો ઉપર આફત આવે, તો તો એના જીવનની છેલ્લી ઘડીઓ વિષમય બની જાય. એવું થાય, તો એના જીવનનું પ્યાલું છલોછલ વિષથી ભરાઈ જાય.

પણ એમનું શરીર એમના હાથમાં ન હતું.

એણે કહ્યું: 'ભિષગ્વરો ! ભગવાન દયાળુ છે. ભગવાન તથાગતના આશીર્વાદ આપણને મળશે. તમે નચિંત બનો !'

ભિષગ્વરો ઘેર ગયા. પણ બધાના દિલમાં એક જ વાત ઘોળાઈ રહી હતી. આઠમે દિવસે સ્થવિર મૌદ્ગલ્યાયન ફરતા થાય, એ વાત અશક્ય હતી. કદાચ આઠમે દિવસે એનો દેહ જ નહિ હોય !

છતાં ભિષગ્વરોએ આકાશ પાતાળ એક કર્યાં. પણ ક્ષીણ શરીરને એ ફરવાની શક્તિ ન આપી શક્યા તે ન જ આપી શક્યા. મૌદ્ગલ્યાયનને એમણે હાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોડીને વિજ્ઞપ્તિ કરી. 'તમે લેશ પણ શ્રમ ન લેતા. શ્રમ તમારું જીવન ટૂંકાવી દેશે. શ્રમ નહિ લો તો આરામ થઈ પણ જાય!'

પણ રાજા અજાતશત્રુનો ક્રોધ જાણીતો હતો. એ દઈ દે તો દીકરા દઈ દે. ને લઈ લે તો માથાં લઈ લે.

ભિક્ષુવરો રાજગૃહ નગરીને તજી દેવાની તૈયારી કરવા માંડ્યા. રાત આખી એમણે ચિંતામાં ગાળી.

પણ બરાબર આઠમે દિવસે તો વહેલી પ્રભાતમાં નગરીની શેરીએ શેરીમાં ફરતો એક અવાજ આવ્યો: 'નગરજનો હો! ભગવાન તથાગતના નામે....'

લેશ પણ શક્તિ નહિ છતાં અને ભિક્ષુવરોની ના છતાં, સ્થવિર મૌદ્ગલ્યાયન પોતે રાજગૃહ નગરીમાં ફરી રહ્યા હતા!

અને એ સાંભળતાં. ભિક્ષુવરો ચકિત થઈ ગયા. રાજા અજાતશત્રુ મહાલયના દ્વાર ઉપર આવીને સ્થવિરને નમી રહ્યો. છેલ્લી છેલ્લી ભિક્ષા લઈ રહેલા મૌદ્ગલ્યાયને શાંત દૃષ્ટિથી રાજાની સામે જોયું. આશીર્વાદ આપતો હોય તેમ તેનો હાથ પણ ઊંચો થયો.., અને પછી એ ધીમે શાંત પગલે ચાલી નીકળ્યા, પોતાનો દેહ તજવા!!! પણ છેલ્લી છેલ્લી માનવસેવા કરી લીધાનો મહાસંતોષ એના ચહેરા ઉપર આવી ગયો હતો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બે દૃશ્યો

રોમનો વૈભવ એવો હતો કે જે રોમ નગરીમાં પ્રવેશ કરતો તે એને સ્વર્ગનું ઉદ્યાન સમજતો.

એ રોમ નગરીને પણ પડતીના દિવસ આવ્યા. તે વખતે ત્યાં હોનોરિયસ નામે રાજા હતો. જુવાન રાજા સુંદરતાનો શોખીન હતો. આરસના ભવ્ય મહાલયમાં એ રહેતો. એના ઉદ્યાનના જલસરોવરમાં સોનેરી રૂપેરી માછલીઓ એવી એવી તો રમત માંડતી કે માણસ એની એ રમત જોવા બેસે, તો દિવસ કયાં ગયો તે ખબર પણ પડે નહિ.

હોનોરિયસને પણ, એ માછલીઓને જોતાં જોતાં દિવસ કયાં ગયો તેની ખબર રહેતી નહિ !

કાલ કેવો અજબ જાદુગર છે ? એના મહાસાગરને તરવા માણસ કેવી કેવી અજબ નૌકાઓ રાખે છે ?

સોનેરી રૂપેરી સુંદર માછલીઓ, રમ્ય ઉદ્યાનના ચાંદની જેવા શુભ્ર જલયંત્રોમાંથી ઊડતી જલધારાઓ, મનોહર ફૂલવાડીઓ, નૃત્યો, સંગીતો, શિલ્પો, ચિત્રો. રમતો ગમતો, આળસુ આનંદો — સઘળાં જ ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોનોરિયસ પાસે હતાં. એને આધારે એ કાલના મહા-સમુદ્રને તરી રહ્યો હતો !

પણ એક દિવસ એક સંદેશો લઈ ને કોઈ ઉતાવળો રાજદૂત ત્યાં રાજમહાલયમાં આવી ચડ્યો.

જંગલીલોકોનાં ટોળાં રોમનોને પર્વતોમાંથી હઠાવી રહ્યાં હતાં. અને એ રોમ તરફ આગળ વધી રહ્યાં હતાં.

સંદેશો લઈ ને દૂત આવ્યો. એને મહારાજાને મળવું હતું. વાત કરવી હતી. આજ્ઞા લેવી હતી. પણ દ્વારપાલે તેને રોક્યો : 'મહારાજા સૂતા છે. મહારાજા નિદ્રામાં હોય ત્યારે કોઈથી અંદર જવાતું નથી !'

'અરે ! પણ આ તો નિદ્રા ઉડાડી દે તેવા સમાચાર છે. મને અંદર જવા દો !'

'ગમે તે હો — કોઈ અંદર જઈ શકતું નથી. નિદ્રા, એ નિદ્રા છે !'

એટલામાં તો બહાર લોકોનાં ટોળે ટોળાં દેખાવા મંડ્યાં. તે બધા અત્યાર સુધી રોમ શહેરમાં નિશ્ચિંતપણે આનંદ વિલાસ કરતાં હતાં. રાજ ચાલતું હતું. સંદેશાઓ જતા આવતા હતા. સૈનિકો દેખાતા હતા. સેનાપતિઓ નજરે પડતા હતા. પૈસા પૈસાને લાવતા હતા. પૈસા બધું ખરીદતા હતા. બધા આનંદ, વિનોદ આમોદ, પ્રમોદ કરતા હતા. બધે સુંદરતા જણાતી હતી.

આજે અચાનક જ આ અ—સુંદર સમાચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળ્યા કે જંગલી લોકોને કાંઈક જોઈએ છે. અને એટલા માટે તે રોમ તરફ ધસી રહ્યા છે!

બધે પૂછપરછ થઈ રહી. 'મહારાજા કયાં છે? મહારાજા કયાં છે?'

પણ મહારાજા તો અંદર સૂતા હતા. થોડીવાર થઈ. બીજો સંદેશો આવ્યો. 'ઉત્તર વિભાગમાંથી જંગલીઓનો રાજા એલારિક ચડી આવે છે!'

બધા વ્યાકુળ થઈ ગયા. પણ તરત જ પાછા મૂર્ખાઓનાં સ્વપ્નાં એ શોધવા મંડયા. એમની પાસે બુદ્ધિમાં બુદ્ધિ એ જ રહી હતી. મૂર્ખાઓનાં ખોટાં સ્વપ્નાંની!

એ બધા અંદર અંદર બોલવા મંડયા: 'કાંઈ ફિકર નહિ. કાંઈ ચિંતા નહિ. મહારાજા એની યુક્તિ શોધી કાઢશે. મહારાજા એને પાછો વાળશે. એવા જંગલીનું મોં કેવડું ક હશે?'

થોડીવાર થઈ ને મહારાજા મહેલમાંથી બહાર આવ્યા.

વિશ્વવિખ્યાત રોમન સામ્રાજ્યનો એ છેલ્લો મહાન પ્રતિનિધિ હતો. એની પાસે એના પૂર્વજોની બુદ્ધિ ન હતી. શક્તિ ન હતી. પણ ગર્વ હતો. દેખાવ હતો. દમામ હતો. ભભકો હતો. તેની આસ-પાસ સેંકડો સૈનિકો હતા. તે બહાર નીકળીને પાલખીમાં બેઠો. પાલખી તરત જ ઊપડી. અને જોત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોતામાં એ અદૃશ્ય થઈ ગઈ.

મહારાજા કાંઈક જુક્તિ કરશે–એ માન્યતામાં લોક મોં વકાસીને એને જતો જોઈ રહ્યા.

પછી જ એમને ખબર પડી કે મહારાજા તો રોમ નગરીને જ તજી જતા હતા.

રોમ અને રોમન—એક વખતનાં આખા વિશ્વનાં બે કીર્તિવંત નામો, ત્યાં નિરાધાર ઊભાં હતાં!

બહારથી રોમમાં આવવાનો રસ્તો કેટલો સુંદર હતો?

પથ્થરની એ સુંદર ફરસબંધી ઉપર થઈ ને, વગર હરકતે, વગર જોખમે, દુશ્મનોએ રોમની પડોશમાં જ પડાવ નાખ્યો.

આખી રાત 'હજી મહારાજ જુક્તિ કરશે' એ આશાના તંતુ ઉપર ટીંગાઈ રહેલા રોમનોએ રોમની ચારે તરફ દુશ્મન સૈન્યનાં તાપણાં જોયાં કર્યાં. રોમનગરની ચારે તરફ દુશ્મનો હતા.

થોડા જ દિવસમાં ખોરાકની તંગી પડવા માંડી. અને રોમનો વધારે વખત કિલ્લામાં ટકવાના તો હતા જ નહિ.

તરત મહાન રોમનોની સભા મળી. જે સભામાં જુલિયસ સીઝર, ઑગસ્ટસ ને સિસેરો જેવાએ દુનિયાનાં નસીબ ઘડ્યાં હતાં, તે જ સભામાં રોમનો પોતાનાં નસીબ ઘડવા ભેગા થયા હતા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો બોલતા હતા કે કાલની બલિહારી છે. અને કાલ બોલી રહ્યો હતો કે માણસોની બલિહારી છે.

'બોરાક વિના ભૂખે મરી જવાશે!' એક જણો બોલ્યોઃ 'ત્રણ દિવસ થયાં મેં મીઠું ભોજન લીધું નથી!'

'તમે તો લીધું નહિ હોય, પણ અમે તો જોયું પણ નથી!'

'સંધિ કરો, સંધિ કરો, આ જંગલીનાં પેટ કેવડાં ક હશે-? સંધિ કરો-' ચારે તરફથી રોટી ઉપર જ જીવતા માણસો બોલી રહ્યા હતા.

'પૈસા બૈસા થોડા એના મોંમાં બાળો — એ બીજું શું માગવાનો હતો?..' એક બીજો નાગરિક બગાસાં બાતો બોલી રહ્યો હતો.

બે મુખ્ય રોમન — જોહ્ન અને બાઝીલિયસ — એલારિકને મળવા માટે નગર બહાર ગયા.

એ ઊંચા, પડછંદ, ગૌરવર્ણના જંગલી રાજાનું સ્નાયુબદ્ધ શરીર જોઈને એ દંગ થઈ ગયા.

'તમે કોણ છો?' તેણે રોમનોને પૂછ્યું.

'અમે?' જોહ્નમાં હજી રોમનનો ગર્વ હતો. તેણે પોતાનો રેશમી ઝબ્બો ઊંચકતાં કહ્યું: 'અમે? અમે રોમના અમીરો છીએ. તમારી પાસે સંધિ કરવા આવ્યા છીએ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તમારે શું કહેવું છે ?'

'શું કહેવું છે?' રોમન અમીરનું માથું ગર્વમાં ઊંચું થયું. 'કહેવાનું આટલું જ. સંધિ કરો. . . . . અને નહિતર . . . . . '

'અને નહિતર શું ?' જંગલી રાજાએ મશ્કરીમાં જ પૂછ્યું: 'અને નહિતર શું ? તમે શું કરી નાખશો ?'

જોહ્ન ગોખેલું વાક્ય સડસડાટ બોલી ગયો, 'નહિતર, એક પણ રોમન બચ્ચો લડ્યા વિના નહિ રહે!'

બેદરકારી ભરેલું મોટું હાસ્ય એલારિક હસી રહ્યો : 'હા . . હા હા . . . ' અને હસતાં હસતાં જ તે બોલ્યો : 'ઘાસ કાપવાની મજા ત્યારે પડે છે, જ્યારે એ ઘાટું હોય છે ! '

જોહ્ન તો ભાષણનો આત્મા હતો. તેણે જે જોર સેનેટનાં ભાષણોમાં વાપર્યું હતું, જે શબ્દોએ એને તાળીઓ અપાવી હતી, તે જ શબ્દો, એણે આંહીં વાપર્યા હતા.

પણ આંહીં તો તાળીઓને બદલે ઠંડું મશ્કરી ભરેલું હાસ્ય મળી રહ્યું હતું.

આ શાનો ફેરફાર હતો તે તે સમજી શક્યો નહિ. પણ તે જંગલીથી ધ્રૂજી ઊઠ્યો.

એટલામાં તો એક હાથ ઊંચો કરીને જાણે હવાને થંભાવી દેતો હોય તેમ, જંગલીઓનો નાયક બોલ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સાંભળ રોમન અમીર! રોમની સાથેની મારી સાંધની શરતો જાણી લે. પછી તારી સભામાં જઈ ને તારે જેમ **ભાષણ** કરવું હોય તેમ ભાષણ કરજે. રોમન લોકો હવે સોનું, રૂપું, મોતી, માણેક, જવાહિર સાચવી નહિ શકે. બીજા લૂંટી જાય તે કરતાં અમને એ સોંપી દો.

'જે જે અમારા જાતભાઈ એ તમારે ત્યાં ગુલામ છે, તેમને છોડી દો.

'એમના લોહીમાંથી તમને જેઈએ તેટલો રસ મળી ચૂકયો છે. હવે એ લોહી મોંઘું પડશે.'

જોહ્નને પોતાના રેશમી ઝબ્બાથી મોં ઢાંકી દીધું. રોમની જમીન અને ઘર સિવાય બીજું બધું જ આ લૂંટારુ લઈ જતો હતો. હવે પછી રોમમાં સુંદર ઘોળા ઘોડા જોડેલા રથ, ને રેશમી રાશથી કાબૂમાં રહેતા અરબ્બી ઘોડા, નજરે નહિ પડે!

હવે પછી હિંદનાં મૂલ્યવાન મોતીની લટકતી માળા પહેરેલી સુંદર રોમન સ્ત્રીઓ શોધી નહિ જડે! લક્ષ્મીવિહોણી રોમનગરી ખંડેરના પડછાયા જેવી શૂન્ય બની રહેશે!

જોહ્નને એક ધ્રૂસકું મૂકયું. પણ તે સ્વાતંત્ર્ય જવાથી રડતો ન હતો — પોતાનો વિલાસ જવાથી, એ વિલાસને એ રડી રહ્યો હતો!

પાળેલી, પોષેલી, લાલનપાલન કરેલી ઇંદ્રિયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને ગરીબાઈની ઊંડી ભીષણ ખીણ દેખાડી રહી હતી. પછી જેમણે ધરતીને ખૂણેખૂણેથી અઢળક ધન રોમમાં ભેગું કર્યું હતું, જેમના નામ માત્રમાં એક પ્રકારની ભવ્યતા હતી, જેમના એક ખાણાનો ખર્ચ લાખ્ખો ઉપર ગણાતો હતો, જેમના વૈભવ પાસે દરેક દેશ ઝાંખો પડ્યો હતો, જેમણે સૃષ્ટિ ઉપર એક ચક્રે સત્તા ચલાવી હતી, તે રોમન લોકોએ, આ શરતો સ્વીકારી લીધી—ધ્રૂજતે પગે ને થરથરતે હૃદયે; આ શરતો મળી ગઈ, એને મહાભાગ્ય માનતા નિર્માલ્ય હૈયે.

ખાસ્સું પાંચ હજાર શેર સોનું, ત્રીસ હજાર શેર રૂપું, પાંચ હજાર રેશમી જરિયન તાકા, અને ત્રણ હજાર શેર મરી — એ લઈને ગુલામોની હારની હાર નગર બહાર નીકળી.

ગાડાંનાં ગાડાં ધન નગર બહાર જવા માંડ્યું.

પછી જંગલી લોકો — ગોથ લોકો — એ લઈને ચાલ્યા ગયા.

પણ એ ગયા તેવા જ રોમનો બધું ભૂલી ગયા. એ ઘણું લઈ ગયા હતા, છતાં હજી ઘણું રહ્યું હતું.

આખી રોમનગરીમાં પાછો વિલાસનો આનંદ છવાઈ ગયો. સૌ એક બીજાને અભિનંદન આપવા લાગ્યા.

'ઠીક થયું, મારા ભાઈ! આપણે બચી ગયા!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા હા, બચી ગયા!'

'બચી ગયા શું, જીવતા રહી ગયા!'

'અરે! આ બધું તો કાલે પાછું ફરશે!'

'સારું થયું આપણે બચી ગયા!' આખી રોમ નગરી, નિર્માલ્ય શબ્દોના વિલાસી પડઘાથી ગાજવા માંડી.

પણ ત્યાર પછી ધીમે ધીમે રોમનગરીને તજી દઈને ભાગી છૂટવાની સ્પર્દ્ધા ચાલી. મરેલી માને કોણ ધાવે છે? મરેલી નગરીને કોણ સંભારે છે?

જે શ્રીમંતો હતા તે સૌથી પહેલાં ભાગ્યા. પોતાની ઘરવખરી જે કાંઈ ભેગી થાય તે ભેગી કરીને એ ભાગી છૂટવા માગતા હતા. વળી કયાંક બીજે વસીને એ જીવન ગાળી નાખવાની વેતરણમાં પડયા હતા. જેવી આ નગરી હતી, તેવી જ બીજે જમીન હતી. સભ્ય-ભૂમિ ગોપાલની હોય કે નહિ, પણ લક્ષ્મીની તો હતી. કારણ કે છેવટે તો જીવવું એ જ મોટામાં મોટો લાભ ન હતો? આ રીતે કે તે રીતે — એની ગડમથલમાં એ કોઈ પડવા માગતા ન હતા.

એ વખતે રોમમાં એક બાઈ રહેતી હતી. તેનું નામ માર્સેલા. તે વિધવા હતી. એક વખત એ પણ શ્રીમંત હતી. અને શ્રીમંતની શ્રીમંત હતી. પણ એણે વર્ષો પહેલાં જોયું હતું કે માત્ર સંગ્રાહક થવું, એ જ શ્રીમંતાઈ છે, એવા ખોટા ખ્યાલથી લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેરાન હેરાન થઈ રહ્યા છે. એમાંથી એ વિલાસી થતા જાય છે, અને નિર્માલ્યતા મેળવતા જાય છે. તનની, મનની, આત્માની.

એટલે એણે ધીમે ધીમે પોતાની જરૂરિયાતો જ ઓછી કરવા માંડી. એ સમજી ગઈ હતી કે જરૂરિયાતો ઓછી તે જ કરી શકે, જે શ્રીમંતાઈ ને સમજી શકે. અને એણે સ્વેચ્છાપૂર્વક સાદાઈ ને જીવનમાં મહત્ત્વનું સ્થાન આપી દીધું હતું. છતાં એ એક વખત શ્રીમંત હતી, તે કોઈ ભૂલ્યું ન હતું.

એટલે જ્યારે બધા શ્રીમંતો ભાગવા મંડ્યા, ત્યારે એમણે માર્સેલાને સંભારી અને એની પુત્રી પ્રિન્સપિઆને પણ યાદ કરી. એ એમને પણ ભાગી જવાનું કહેવા માટે આવ્યા હતા. રોમ નગરીને તજી દેવાની વાત હતી. કારણ કે રોમ નગરીમાં હવે કાંઈ ન હતું. અને લૂંટારુઓ ફરી ફરીને આવવાના હતા.

'માર્સેલા!' તેમણે કહ્યું: 'તું પણ અમારી સાથે ચાલ. ગોથ લોકો પાછા આવશે જ. એ વખતે બહુ બહુ તો આપણું જીવન બચે, પણ આપણી તમામ સંપત્તિ એ લૂંટી જવાના ને સંપત્તિ વિનાના એકલા જીવનને શું કરવું છે? સિક્કા વિનાનું જીવન એ તો પ્રાણ વિનાના શરીર જેવું છે. માટે ચાલ, આપણે જતા રહીએ. જ્યાં ભગવાન જિસસ ક્રાઇસ્ટનો જન્મ થયો છે, જ્યાં અખંડ શાંતિ વસે છે, એ બેથલેહેમમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈને વસીએ.આપણે ધર્મકાર્ય કરતા રહીશું, ને ત્યાં નિરાંતે રહી શકીશું !'

માર્સેલાએ જવાબ વાળ્યોઃ 'તમારે જવું હોય તો તમે જાઓ, પણ મેં જે નગરીમાં જન્મ લીધો છે, જ્યાં આટલા દિવસ મેં સુખ ભોગવ્યાં છે, તે નગરીને હું તો વિપત્તિને વખતે તજીશ નહિ. એ નગરીની ને એના નાગરિકોની જે અવસ્થા થાય, તે ભલે મારી પણ થાય. આ મહાન નગરીનો વિશ્વાસઘાત કરીને હું કયાંય સુખી થઈ શકું નહિ.

ભયંકરમાં ભયંકર વિપત્તિ વખતે પણ હું તો આંહીં જ હોઈશ. ને જે મારે ભાગે સહેવાનું આવશે તે સહીશ. સાથે શૌર્ય કરવાનું તેજ ન રહ્યું હોય તો પણ, જો સાથે સહન કરવાનું માનવહૃદય રહ્યું હશે, તો હજી આ નગરી બચી શકશે.'

માર્સેલાને ઘેલી થઈ ગયેલી માનીને એના મિત્રો, સગાંસંબંધીઓ, શ્રીમંત ઓળખીતાઓ, એક પછી એક ચાલ્યાં ગયાં.

ફરીને એક દિવસ રોમનગરીને ફરતાં દુશ્મનોનાં તાપણાં દેખાયાં. ને નગરીમાં ગભરાટ છૂટ્યો.

પરંતુ, રોમનગરીને ઘેરીને પડ્યા રહેવાની ઇચ્છાથી ઍલારિક આવ્યો ન હતો, એને તો રોમનગરીનું સોનું આકર્ષી રહ્યું હતું, અને તે પણ સોંઘું મળતું સોનું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે પોતાના સૈનિકોને ભેગા કર્યા. તેમને આજ્ઞા આપી:

'આજે ચંદ્રોદય વખતે રોમનગરીના મુખ્યદ્વારમાંથી જ આપણે પ્રવેશ કરવાનો છે. આ વખતે જે બહાદુરી બતાવશે, તેની યશગાથા દિવસો સુધી ગવાતી રહેશે.'

અજબ જેવી શાંતિથી સૌ સાંભળી રહ્યા.

એલારિકે આગળ ચલાવ્યું: 'મારી બીજી આજ્ઞા એ છે કે કોઈ પણ દેવળને હાથ લગાડવાનો નથી. બીજે પણ, લક્ષ્મી સિવાય બીજું કાંઈ લેવાનું નથી.'

'અને ત્રીજી વાત: ત્રીજે દિવસે સંધ્યા સમયે, દરેકે દરેક ગોથે, નગર તજી દેવાનું છે–ગમે તે થાય, ને ગમે તેટલી સમૃદ્ધિ રહી જાય, પણ ત્રીજા દિવસની સંધ્યા સમયે એક પણ ગોથ નગરીમાં રહેવો ન જોઈએ.'

ચંદ્રોદય સમયે માર્સેલાએ પોતાની બારીમાંથી જંગલીઓનાં ટોળેટોળાંને રોમનગરીમાં પ્રવેશતાં જોયાં. તેણે પોતાની પુત્રી પ્રિન્સિપીઆને કહ્યું: 'દીકરી! હવે કટોકટીનો સમય આવ્યો છે!'

શેરીએ શેરીએ ને ઘરે ઘરે જંગલીઓ ઘૂમવા લાગ્યા. જે હાથ પડે તે ઉપાડી લેવા લાગ્યા. મોતીઓની માળાઓ, હીરા, માણેક, રત્નો, જવાહિર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોનું, રૂપું, આ બધી જ વસ્તુઓ, નિર્માલ્યોના હાથમાં હોય તો વધુ આકર્ષક લાગે, તેમ જંગલીઓને એ વધુ આકર્ષક લાગતી ગઈ. ને તેના ઢગલા થવા માંડ્યા.

માર્સેલાએ કાંઈ પણ લઈ ને ભાગી જવાની કોશિશ ન કરી. તેમ જ જંગલીઓને હાથે બીજાના ઘરની પેઠે પોતાનું ઘર પણ લૂંટાવા દીધું.

અત્યારે બચાવવું એ મોટામાં મોટો દ્રોહ હતો.

એણે સૌની સાથે પોતાની પણ આકરી કસોટી થવા દીધી.

પણ જ્યારે સૈનિકોમાંના કોઈ એ એની પુત્રી પ્રિન્સીપિયાને સ્પર્શ કર્યો, ત્યારે જેમ જંગલી, ઝનૂની મરણકાંઠે બેઠેલી વાઘણ, તૂટી પડે તેમ ડોશી તૂટી પડી! એની એ શક્તિ જોઈ ને ઘડીભર તો જંગલીઓ પણ ડઘાઈ ગયા.

અને પછી એ મા દીકરી બન્નેને દેવળમાં પૂરી આવ્યા કે જેથી કોઈ એમને હરકત કરે નહિ.

ત્રીજે દિવસે સંધ્યા સમયે ગોથ લોકો ગાન ગાતા ગાતા વેરાન રોમ નગરીને છોડીને જતા હતા!

દરેકે દરેકના હાથમાં કાંઈ ને કાંઈ મૂલ્યવાન વસ્તુ પડી હતી. સોનાની થાળી, રૂપાનાં વાસણો, મોતીની માળાઓ, હીરાકણીની વીંટીઓ, રત્નોના હાર, માણેકનાં નંગ—જે જેના હાથમાં તે તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથમાં–એવી વાત હતી.

આનંદગાન ગાતા ગાતા તે નગરીની બહાર જઈ રહ્યા હતા.

દૂર દૂરની ડુંગરમાળાઓમાંથી એમના ગીતના પડઘાઓ આવી રહ્યા હતા. જ્યારે એ પડઘા પણ શમી ગયા ત્યારે ભયભીત નગરજનો બહાર નીકળ્યા, ને એક બીજાને જીવી જવા માટે અભિનંદન આપવા મંડ્યા!

એમની એ વાણી સાંભળીને, એક વખતની મહાન રોમ નગરી, ખંડેરનું પણ ખંડેર હોય તેવી, લક્ષ્મીવિહોણી, વીરત્વવિહોણી, તેજવિહોણી, રાત્રિના અંધારામાં પોતાનું મોં લજ્જાથી છુપાવતી છુપાવતી છાનાં આંસુ સારી રહી હતી.

એ વખતે પોતાના ઘર ખંડેરમાં પાછી ફરતી માર્સેલા પોતાની દીકરી પ્રિન્સીપિયાને કહી રહી હતી: 'દીકરી! જે નગરી માનવતા તજે છે, તેને બધાં જ તજે છે. સાચાં મોતીને મદ્યાર્કમાં પી જતા કોઈ વિલાસી રોમને, કોઈ દિવસ કોઈ ગુલામને પૂછ્યું હતું કે આજે તેં શું ખાધું છે? એ વસ્તુએ આ ખંડેર સર્જ્યાં છે, પણ તે એટલા માટે કે, એ ખંડેર પાછાં જીવન સરજે!

'આપણે આપણા ભગ્નઘરને અને ખંડેર નગરીને, ચાલ, ફરીને સરજીએ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહા પાપી !

સાધ્વી મહારાણી અહલ્યાબાઈ, એક વખત સંધ્યા સમયે, પોતે ઊભા કરવા ધારેલા મંદિરના સાન્નિધ્યમાં ઊભાં હતાં.

શિલ્પીઓ ત્યાં હાથ જોડીને એમની સામે ઊભા રહી ગયા હતા. થોડે દૂર એમની પાલખી હતી. આસપાસ ઘોડેસવાર સૈનિકો હતા. દૂર દૂર નર્મદાનાં જળ વહી રહ્યાં હતાં. ડુંગરમાળાઓમાંથી ઘેર પાછા ફરતા જંગલીઓના અવાજ આવી રહ્યા હતા.

એ વખતે આપસ આપસમાં કોઈ સરદાર મંદિરના અદ્‌ભુત દેખાવની પ્રશંસા કરી રહ્યો હતો, તો બીજો 'યાવચ્ચંદ્ર દિવાકરૌ' રહી જનારી 'નામના'ને વખાણી રહ્યો હતો. સાધ્વી મહારાણી એ બધી વાતો સાંભળી રહી હતી. પણ એના દિલમાં તો મહા શોકનો સાગર વહી રહ્યો હતો. એના દિલમાં સ્વજનોનો શોક હતો. અને પોતાની સારી વાતને ટાળી નાખનારી આ અતિ પ્રશંસાનો પણ શોક ઊભો થઈ રહ્યો હતો.

આ મંદિર એની એકની એક પુત્રી મુક્તાબાઈની યાદીમાં એ બંધાવી રહી હતી એ ખરું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એ વાત એટલી જ ન હતી. થોડા જ વખત પહેલાં મુક્તાબાઈ સતી થઈ ગઈ હતી. મુક્તાબાઈ નો એકનો એક પુત્ર મરણ પામ્યો, અને પછી એનો પતિ પણ એ શોકમાં ગયો. એ અસહ્ય વેદનામાં મુક્તાબાઈ સતી થઈ ગઈ!

મહારાણી અહલ્યાબાઈ જોતાં રહ્યાં, અને મુક્તાબાઈ નામશેષ થઈ ગઈ. એણે કોઈની જ વાત કાને ન ધરી. અહલ્યાબાઈનું રુદન પણ એને ડગાવી ન શકયું.

અહલ્યાબાઈ એ પોતે પણ જુવાન પુત્ર ખોયો હતો. જુવાનીમાં પતિ ગુમાવ્યો હતો. એ અસહ્ય વેદના એ ગમે તેમ સહી રહી હતી, ત્યાં આ નવી વેદના આવી. એણે પુત્રી ગુમાવી હતી. પુત્રીનો પુત્ર ગુમાવ્યો હતો, અને જમાઈ પણ ખોયો હતો. તે છતાં પણ અપાર ધીરજથી એ સંસાર ચલાવતી રહી હતી. શોક-સાગરમાં જેણે સત્કર્મની નૌકા વહેતી મૂકી, તે શોક-સાગરના તળિયામાં રહેલાં, આનંદમોતી મેળવે છે, એ એક જ પરમ સત્યને આધારે, એનું જીવન ટકી રહ્યું હતું, અને વહી રહ્યું હતું. ઉપર સંસાર દેખાતો હતો, કામ દેખાતાં હતાં, પણ નિત્યનાં કામ નીચે શોક-સાગર વહેતો હતો.

પણ આ પરમસત્યને સમજવાને બદલે, લોકોમાં તો એની દેવી તરીકેની નામના ઊભી થતી એણે જોઈ. એના અવતારની ગાથાઓ એના સાંભળવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી. એની આસપાસ કૈક વાતોનાં જાળાં ઊભાં થવા માંડ્યાં. અને એમાં એણે મેળવેલી મૂળ વસ્તુ — સત્કર્મનો મહિમા — ખોવાઈ જવા માંડી. માણસનો મહિમા ઊલો થતો હતો. અને એ મહિમા ઈશ્વરના મહિમાને પણ અળગો કરે એવું ભયંકર, કઢંગું રૂપ ધારણ કરતો હતો. અહલ્યાબાઈના હૃદયમાં વેદના જાગતી હતી. એને આ પાપ પોતાને આંગણે આવતું દેખાતું હતું.

પોતે પોતાનો શોક સહેવા માટે જે કામ કરી રહી હતી, તેને લોકોએ અતિ પ્રશંસામાં કેવું દૈવી રૂપ આપી દીધું હતું? અને એ એક મહા પાપ હતું, એ સમજણ લોકોમાં હતી નહિ!

અત્યારે પણ આ મંદિર યાવચ્ચંદ્રદિવાકરૌની નામના માટે બંધાઈ રહ્યું છે, એ જ વાત બધે થતી એણે જોઈ.

પણ જડમાં જડ પથ્થર, એને ઈશ્વરના નામે જે મૂકે, તે પથ્થર, એને માટે શોક તરવાનું સાધન બને, બીજાને માટે એ પ્રાર્થનાનું ધામ બને. એ વાત ભુલાઈ ગઈ.

એ સત્ય ભુલાઈ ગયું. અને એને બદલે કીર્તિના સ્તમ્ભો જ સૌના મનમાં આવીને વસ્યા.

અહલ્યાબાઈ પોતાના સ્વજનોનો શોક, અને લોકની અતિ પ્રશંસાનો ભયંકર પાપશોક, એ બન્નેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેતાં ત્યાં શાંત ઊભાં રહી ગયાં હતાં. નર્મદાનાં પાણી ઉપર એમની નજર ઠરી ગઈ હતી. એમને કાંઈક આશ્વાસન એમાંથી મળ્યું. આ નદીને કિનારે અનેક નગરો ઊગ્યાં, ફૂલ્યાં અને આથમ્યાં, એમ જ આ પણ આથમી જશે, અને એનું નામ ભુલાઈ જશે, છેવટે તો ઈશ્વરનો મહિમા જ રહેશે, એ વિચારકણિકા એમને કાંઈક આશ્વાસન આપી ગઈ.

એમની એ વિચારકણિકાની કસોટી હોય તેમ એ નર્મદાનાં નીર જોતાં હતાં ત્યાં, એક વિખ્યાત શાસ્ત્રીને એમણે પોતાની તરફ આવતો જોયો.

એના હાથમાં કાંઈક પોથી હતી. અને એ મોંએથી પણ કાંઈક બોલતો આવતો હતો.

તે પાસે આવ્યો. અહલ્યાબાઈ એને બે હાથ જોડીને નમ્યાં, અને એને શાંતિથી સાંભળવા એની સામે જોઈ રહ્યાં.

શાસ્ત્રીજીએ પોથી ઉઘાડી. તેમાંથી ગીર્વાણ ભાષામાં લખેલા શ્લોકો બોલવા માંડ્યા.

એક તો ગીર્વાણ ભાષા, શાસ્ત્રીના અત્યંત શુદ્ધ સુંદર ઉચ્ચાર, શ્લોકબદ્ધ કાવ્યના મધુર સ્વરો, અને નર્મદાનો કિનારો!

ઘડીભર તો લાગ્યું કે જાણે દેવવાણીમાં આકાશ પોતે બોલી રહ્યું છે!

પ્રશંસા પૂરી થઈ. એમાં અહલ્યાબાઈ ને દેવી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુલ્ય ગણીને પુષ્પોના ઢગની વચ્ચે મૂર્તિરૂપે મૂકયાં હતાં. વાંચનાર સાંભળનાર સૌના દિલમાં એ વાણીના મધુર પડઘા હજી પણ ઊઠતા હતા.

એવી સરસ એ વાણી હતી.

પથ્થરના કરતાં પણ વધારે ટકનારા શબ્દોના કંડારણ જોઈને સૌ ડોલી ગયા હતા.

હમણાં મહારાણી અહલ્યાબાઈ આ બ્રાહ્મણને નવાજી દેશે એવી આનંદભરી આશા ત્યાં પ્રગટી હતી.

મહારાણી અહલ્યાબાઈએ શાસ્ત્રીજીને બે હાથ જોડીને ફરીને નમસ્કાર કર્યા. અને પછી ધીમે શાંત દૃઢ અવાજે કહ્યું: 'માણસની સ્તુતિ માણસ કરે, ત્યારે પાપ ઊભું થાય છે શાસ્ત્રીજી! આ ગ્રંથ મને આપો!'

શાસ્ત્રીજીએ ગ્રંથ અહલ્યાબાઈના હાથમાં આપ્યો. તેમણે તરત એક પરિચારકને કહ્યું: 'આ ગ્રંથને નર્મદાના જળમાં પધરાવી દે! એકદમ દોડ, જા!'

સૌ જોતા રહ્યા ને પોતાની પ્રશંસાનો એ મહા ગ્રંથ અહલ્યાબાઈ એ જળમાં પધરાવી દીધો.

પછી બે હાથ જોડીને શાસ્ત્રીજીને વિનતી કરી: 'કોઈ ઈશ્વરી મહિમાનો ગ્રંથ લખીને લાવો, શાસ્ત્રીજી! માણસનો મહિમા માણસ ગાય, એમાંથી તો છેવટે એક વધુ પાપ દુનિયામાં આવે! માણસનો મહિમા ગાનારો પાપી છે. પણ એ મહિમાને જાણી જોઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના જમાનામાં ફેલાવા દેનારો, મહા પાપી છે!'

અહલ્યાબાઈની વાણી સાંભળીને સૌનાં માથાં નીચે નમી ગયાં.

'હું મંદિરો બંધાવું છું—મારી નામના માટે નહિ, મારો શોક ભૂલવા માટે. શોક ભૂલવાનાં બીજાં પણ સાધન છે. તેનો પણ હું ઉપયોગ કરું છું. આ એક વધુ સુંદર સાધન છે, તેનો પણ ઉપયોગ કરું છું.

કારણ કે ઈશ્વર, માણસને શોક એટલા માટે આપે છે કે, એના દ્વારા એ વધુ સુંદર, વધુ પવિત્ર બને. માણસ જાતને આનંદ કરતાં વધુ મોટી ભેટ શોકની મળી છે.'

ભગવતી નર્મદાનાં જળ પણ આ વાણીને સાંભળતાં ડોલી ઊઠ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હીરો અને માનવ!

મયૂરાસન, કોહિનૂર હીરો, અનેક રત્નો, માણેક, મોતી, જવાહીર, સોનું રૂપું, પચાસ પોણોસો કરોડ જેટલી લૂંટ લઈને નાદિરશાહ હિંદમાંથી રવાના થયો હતો. તેની સાથે લૂંટમાં મેળવેલા ત્રણસો હાથી હતા. દસ હજાર ઘોડાં હતાં. દસ હજાર ઊંટ હતાં. એણે પોતાની સાથે ૧૩૦ હિસાબનવેશોને પણ લીધા હતા. એમની હિસાબ રાખવાની રીત એને પસંદ પડી ગઈ હતી!

એ જ પ્રમાણે ૩૦૦ કડિયા લીધા હતા. ૨૦૦ સોની લીધા હતા. ૨૦૦ સુતાર લીધા. ૨૦૦ લુહાર. ૧૦૦ પથ્થરફોડા. એને પોતાને ત્યાં દીવાને ખાસ ને દીવાને આમ ઊભાં કરવાં હતાં. જંગલી, હિંદને જીતી ગયો; પણ જંગલીના દિલને, હિંદ જીતી ગયું! કલા, કૌશલ્ય, નૃત્ય, સંગીત — દિલ્હીના ચાલીશ દિવસના રહેઠાણ દરમ્યાન એણે એવી એવી મિજલસો જોઈ કે એને ત્યાં આ બધું હોય તો જ એ શાહનો શાહ — નહિતર તો એ એક લડવૈયો — એમ એને થઈ ગયું. દિલ્હીની વિખ્યાત નર્તિકા નૂરબાઈનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૃત્ય જોઈને તો એનું હૃદય પાણી પાણી થઈ ગયું. એ નૂરબાઈને પણ ઈરાન લઈ જવા ઇચ્છતો હતો. પણ એ માંડ માંડ બહાનાં બતાવીને છૂટી ગઈ. પણ શિલ્પીઓ, સોનીઓ, સુતારો, લુહારો, કલાકારીગરી જાણનારાઓમાંથી તો એણે ચૂંટી ચૂંટીને માણસો ભેગાં કર્યાં. એ બધાં એની સાથે હતાં. એ કેદી ન હતાં — પણ એમના દિલને દેશ છોડવાનો ભારે આઘાત લાગી ગયો હતો. એ મૂંગા બની ગયાં હતાં. એમના દિલમાં માત્ર નિરાશા હતી. એમને સુખરૂપ મુસાફરી માટે ઘોડા આપ્યા હતા, રહેવાનો પણ બંદોબસ્ત બરાબર હતો, ત્રણ વર્ષ પછી એમને હિંદ પાછા આવવાની કબુલાત પણ નાદીરે આપી હતી, પણ જે માણસો મહમ્મદશાહ જેવા મહમ્મદ-શાહને આપેલું વચન ફોક કર્યું, ને દિલ્હી લૂટયું તેના વચનનો શું ભરોસો ? પચાસ લાખ લઈને પાછા ફરવાની વાતને એણે જ પચાસ કરોડની લૂંટમાં ફેરવી ન નાખી ? એનો શું ભરોસો ?

દિલ્હીથી સાથે લેવાયેલા બીજા કેદીઓ તો જીવતેજીવત નરકમાં હોય એમ એમને લાગતું હતું. પણ આપઘાત સિવાય એમને હવે કોણ ઉગારે તેમ હતું ? ને આપઘાત કર્યા પછી તો પાછળ રહેનારા કુટુંબીજનોને કોણ જાણે કેવી યાતના સહેવી પડે તે કોણ કહી શકે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ભયંકર સ્થિતિમાં અનેક શોકઘેરા દિલ્હી-વાસીઓ ઈરાનમાં જઈ રહ્યા હતા. એ તો હિંદમાં જેટલી પળ જાય, એ દરેક પળને પણ, અમૂલ્ય ગણી રહ્યા હતા !

એમ કરતાં કરતાં લાહોર મુલતાનનો પ્રદેશ આવ્યો. લાહોર મુલતાનનો સૂબો ઝકરિયાખાન હતો. એ નાદીરશાહની સેવા ઉઠાવવામાં ખડે પગે હાજર થઈ ગયો. રાત દિવસ જ્યારે જુઓ ત્યારે, એ ખડે પગે હાજર જ હોય. ચિનાબ નદી ઓળંગતાં બે હજાર ઈરાનીઓ હોડીહોનારતોમાં ડૂબી ગયા ત્યારે ઝકરિયાખાને દિવસ-રાત એક કરીને બીજી સારી મોટી નવી હોડીઓ હાજર કરી દીધી ને પોતે જાતે ત્યાં હાજર રહીને, શહેનશાહના સૈનિકોને સહીસલામત નદી પાર કરવી !

ઉનાળાનો સમય હતો અને એક તરફથી ગરમી, અને બીજી તરફથી નદીનાં ગાંડાં પૂર— એ વખતે નાદીરને પણ ભય લાગ્યો કે, આમાં જો કોઈ વિશ્વાસઘાત કરી બેસે તો મોટી હોનારત થતાં વાર ન લાગે.

પણ ઝકરિયાખાનની વિશ્વાસભરી સેવાથી એ ખુશ ખુશ થઈ ગયો.

હિંદનો પ્રદેશ છોડી જતાં પહેલાં એણે ઝકરિયા-ખાનને છેલ્લે છેલ્લે મળવા માટે બોલાવ્યો.

એને માનપાન આપ્યું. જરિયાન વસ્ત્રાભૂષણની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેટ આપી. દિલ્હીના બાદશાહ ઉપર એની ભલામણ કરતો પત્ર આપ્યો. અને પછી એને જે ગમે તે માગી લેવાનું કહ્યું.

ઝકરિયાખાન ઉપર શહેનશાહે વરસાવેલી આ મહેરબાનીથી એના પોતાના જ અમીર ઉમરાવ ધ્રૂજી ઊઠ્યા. ગમે તે માગવાનું શહેનશાહે કહ્યું હતું, અને આ સૂબો કોહિનૂર હીરો પાછો માગશે તો ? મયૂરાસનની ભેટ આપવાનું કહેશે તો ?

તે વખતે કાં વચનભંગ કરવું પડશે, કાં આ સૂબાને એ આપવું પડશે.

અમીર ઉમરાવોને ચિંતા થઈ પડી કે આ ઝકરિયાખાન શું નું શું માગી બેસશે !

એટલામાં તો નાદીરશાહે એને ફરીને ખાતરી આપતો હોય તેમ કહ્યું: 'દિલમાં રંજ પણ અંદેશો રાખતા નહિ સૂબેદાર ! જે દિલ ચાહે તે માગી લો. તમને એ મળશે જ મળશે !'

પણ ઝકરિયાખાનના દિલમાં એક તુમુલ યુદ્ધ મચી ગયું હતું. પોતે કોહિનૂર માગે તો ઈરાનનો શહેનશાહ ના પાડતાં લજવાય એવી ખાતરી એણે આપી દીધી હતી. મયૂરાસન કે કોહિનૂર એ હિન્દની ઈજ્જતની મહા મોલી ચીજો હતી. દિલ્હીના મહમ્મદશાહની, એ પાછા મેળવ્યાની ખુશાલી જેવી તેવી નહિ હોય ! અને પોતાનું પણ નસીબ ખુલી જાય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે વજીરપદે સ્થપાઈ જાય ! અત્યારે તક હતી.

જંગલી બાદશાહની આંખમાં પણ ખુશખુશાલ થયેલા દિલની રોશની દેખાતી હતી. એણે ત્રીજી વખત પણ ખાતરી આપી: 'સૂબેદાર! દિલ ચાહ્યા તે માગી લો!'

ઝકરિયાખાનના દિલમાં હવે તો ભારે તુમુલ યુદ્ધ મચી ગયું. એક તરફ અનેક રત્નોના તેજથી શોભીતું મયૂરાસન હતું, કોહિનૂર હીરો હતો — અને બીજી બાજુ હતાશ થયેલા સેંકડો દેશબંધુઓની આંસુ ભરેલી આંખો હતી. સેંકડો દિલ્હીવાસીઓને એણે આ ચાલીસ દિવસોના આંહીંના મુકામમાં હમેશાં મૃત્યુને માટે પ્રાર્થના કરતા જોયા હતા ! એમનાં બાળબચ્ચાં, બૈરાં, એમનાં સગાંસંબંધી બધું છોડીને દેશ તજતાં એમના દિલના ટુકડા થઈ જતા હતા. એમને માત્ર મરણ જોઈતું હતું !

ઝકરિયાખાનની સામે સેંકડો આંસુભરી આંખો આવી ગઈ હતી.

એણે અત્યંત અદબભરી કુર્નિશ બજાવીને કહ્યું: 'શાહે આલમ! જે જહાંપનાહની ગુલામ ઉપર અમી નજર થવાની જ હોય, તો એક ચીજની દિલ-ચશ્પી ગુલામને સતાવી રહી છે, એ ચીજની નવા-જેશ ગુલામને કરવાનું શાહીફરમાન થાય એટલી જ અર્જ છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કઈ ચીજ માગો છો સૂબેદાર?'

'શાહે આલમ! દિલ્હીના તમામ બંદીવાનોને– સાથે આવનારાઓને છોડી મૂકવાનુ શાહેઆલમનું ફરમાન થાય, એટલી જ ગુલામની માગણી છે!'

'પણ તમારે બીજું કાંઈ જોઈતું નથી?'

'જહાંપનાહ! બંદાને બીજી કોઈ ખ્વાહીશ નથી!'

નાદીરશાહ, આ ઉદારતા ભરેલી દેશજનો પ્રત્યેની પ્રીતિથી ઘડીભર ચકિત થઈ ગયો. તેણે તરત હુકમ કર્યોઃ 'દિલ્હીની તમામ રૈયતને એકદમ છોડી મૂકો, પછી જેમને આવવું હોય તેમને આવવાની છૂટ આપો.'

આ રહેમતભરી નવાજેશની વાત સાંભળતાં જ ઝકરિયાખાનની આંખમાંથી આભારનાં આંસુ નીકળી પડયાં!

ભીષણયુદ્ધની વચ્ચે પણ માનવતા જીવંત હતી! અને માનવતાએ માનવતાને જગાડી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનની વાત!

એક વખત ચીન અને તિબેટના બે રાજાઓ લડી પડ્યા. વાતમાં કાંઈ માલ ન હતો, પણ લડાઈ વળી કયારે કોઈ ખરા કારણને માટે થાય છે? માણસને લડવાનું મન થાય, પછી એનું એ મન, કારણ શોધવા માંડે છે! લડાઈનું કારણ છે માટે લડે છે, એવું કાંઈ જ હોતું નથી!

આંહીં પણ એમ જ થયું. ચીનવાળો રાજા કહે, હું મોટો. તિબેટવાળો કહે હું મોટો. એક કહે મારો દેવતા સૂરજ, માટે હું મોટો. બીજો કહે મારો દેવતા ચંદ્ર, માટે હું મોટો.

એમ ને એમ એ બન્ને જણા લશ્કર તૈયાર કરવાને રસ્તે ચડી ગયા. લશ્કર તૈયાર થયા પછી તો લશ્કર ભેગાં થાય એટલી જ લડાઈને વાર લાગે.

હવે ત્યાં ડુંગરાઓમાં એક સાધુ રહે. તેને કાને આ વાત આવી. એટલે એ પહેલાં એક રાજાને મળવા ગયો. એણે કહ્યું કે સામાવાળો જો મારા દેવતાને મોટો ગણે, તો મારે લડાઈ કરવી નથી.

પછી એ બીજા રાજાને મળવા ગયો. એણે પણ એ જ કહ્યું, પછી એ સાધુએ એક જુક્તિ કરી. એણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું કે તમે બન્ને ભેગા થઈને એક મંદિર બાંધો. એ મંદિરમાં હમેશને માટે મોટા દેવતાને મોટે સ્થાને બેસારીશું, ને નાના દેવતાને નીચે સ્થાને બેસારીશું. એટલે તમે તો ઠીક પણ તમારા વંશનો પણ પોત-પોતાનું સ્થાન ઠીક રીતે જાણી લેશે. અને પછી કોઈ દિવસ લડાઈ જ નહિ આવે!

બન્ને રાજાઓએ એ વાત કબૂલ કરી. એટલે સાધુએ એક મંદિર બંધાવવા માંડ્યું.

મંદિર પૂરું થયું એટલે એણે એક દિશામાં સૂર્ય મુકાવ્યો: ને બીજી દિશામાં ચંદ્રનું મૂર્તિ વિધાન કરાવ્યું. પણ મંદિરની બહારની દીવાલો ઉપર આ બન્ને દેવતાઓને એણે મુકાવ્યા.

પણ કારીગરને એણે એમ કહ્યું કે તું એવી જુક્તિ કરજે કે ચંદ્ર તરફથી જોનારને સૂરજ નીચો લાગે. ને સૂરજ તરફથી જોનારને ચંદ્ર નીચો લાગે.

આ પ્રમાણે મંદિર તૈયાર થઈ ગયું એટલે એણે બન્ને રાજાને પોતપોતાના દેવતા નીચે ઉભા રહીને સામેના દેવતા તરફ જોવાને કહ્યું.

બન્ને રાજાઓ જોઈને પ્રસન્ન થઈ ગયા. એમનો દેવતા ઊંચો હતો. સામા વાળાનો નીચો હતો.

પછી એ સાધુએ એમને કહ્યું: 'હવે આ સૂરજ ચંદ્રને બહાર મૂકયા છે તેનો એક બીજો અર્થ પણ છે. જ્યારે ને ત્યારે તમારી લડાઈ થાય છે ત્યારે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરહદ ઉપર થાય છે. એ લડાઈમાં ઘણું ખરું સરહદ-ભંગની વાત આવે છે. એટલે આ મંદિર હવે બન્નેની સરહદ દબાવીને આંહીં બેઠું રહેશે. પણ તે કયાં સુધી? 'યાવચ્ચંદ્રદિવાકરૌ' એટલે જ્યાં સુધી આ સૂરજ ને ચંદ્ર રહે ત્યાં સુધી.

આ સૂરજ ચંદ્ર તપે ત્યાં સુધી તમે એક બીજા સાથે સલાહ કરી છે, ને એ સલાહ તોડનાર ઉપર બન્ને દેવતાઓનો શાપ આવવાનો છે. આ વાત તમે તમારા વંશવારસોને તો કહો, પણ ઢંઢેરો પીટાવીને તમારી પ્રજાને પણ જાહેર કરો: જેથી ભવિષ્યમાં કોઈ કારણસર કોઈ રાજા લડવા ઊઠે, તો પ્રજા એમને લડવાની મના કરે.'

આ પ્રમાણે જ્યાં કાંઈ જ કારણ ન હતું, માત્ર, થોડીક સમજફેર જ ટાળવાની હતી, ત્યાં લોહી નીગળતું યુદ્ધ માથે ગાજતું હતું. સાધુએ એ સાદી સમજણથી ટાળ્યું.

ત્યારથી ચીન-તિબેટની એ સરહદ પરનું મંદિર લોકો માટે તીર્થધામ બની રહ્યું છે!

—અને છતાં સાદી સમજથી લડાઈ ટળી શકે છે, એ ખરી વાત વિષે તો કોઈ જ કાંઈ જાણતું નથી. માત્ર ટાંટિયા તોડીને સૌ ત્યાં જાત્રા કરે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્યાય !

નાના સરખા શાલિવાહનની ન્યાય શાકતની પ્રશંસા ઘેર ઘેર થાય. જે વાત બીજાને કોયડા જેવી લાગે તેનો ઉકેલ શાલિવાહન પાસે તૈયાર હોય. એની પાસે એવી તત્કાલ બુદ્ધિ.

હવે એક વખત એવું બન્યું કે એક ધનાઢય શ્રેષ્ઠી મરણ પથારી ઉપર પડ્યો. તેણે પોતાના મૃત્યુ પલંગ પાસે પોતાના ચારે પુત્રોને બોલાવ્યા. ધીમેથી તેમને કહ્યું : 'દીકરાઓ ! આ દેહનો હવે ભરોંસો નથી. ગમે તે પળે એ પડી જશે, પણ મારા મરણ પછી, તમે આ મારા પલંગના ચારપાયા નીચે બોદ્દજો. દરેકનો એક એક નોખનોખો ભાગ મેં ત્યાં મૂકેલ છે. એ પ્રમાણે દરેક જણ પોતપોતાનો ભાગ લઈ લેજો.'

આમ કહીને શ્રેષ્ઠી તો મરણ પામ્યા. પછી ચારે પુત્રોએ મળીને ચારે પાયા નીચે બોદ્યું. તો દરેક પાયા નીચેથી જુદી જુદી પણ વિચિત્ર વસ્તુઓ નીકળી. એક પાયા નીચેથી કુશકા નીકળ્યા. બીજા પાયા નીચે માત્ર કાગળ હતો. ત્રીજા નીચે, માટીનો પિંડો જ મૂકેલો. બીજું કાંઈ નહિ. તો ચોથા પાયા નીચે કેવળ કોલસા હતા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારે પુત્રો તો આ વસ્તુઓને જોઈને ચિંતામાં પડી ગયા. પિતાએ તો કહ્યું હતું કે ચાર પાયા નીચે તમારી દરેકની નોખી નોખી મિલકત મેં મૂકી છે, અને આંહીં તો કુશકા, માટી, કાગળ, અને કોલસા છે! તો શું આ મિલકત વહેંચણી છે? મિલકતને વહેંચવાનું તો કાંઈ જ નીકળ્યું નથી!

પછી એ તો આ કોયડાનો ભેદ પામવા માટે ઠેકાણે ઠેકાણે ફર્યા. કેટલાય પંડિતોને મળ્યા. જૂની પ્રથાના જાણકારોને ત્યાં ગયા. દેશદીવાનો જોયા. શ્રેષ્ઠીઓને પૂછ્યું. પણ એનો ભેદ કોઈ બતાવી શકયું નહિ.

ફરતા ફરતા એ શાલિવાહન પાસે આવ્યા. એણે એમને કહ્યું કે તમે બેસો. હું તમને આનો ભેદ હમણાં જ બતાવું છું. આ સાંભળીને શેઠના પુત્રો તો નવાઈ પામ્યા. ચારે ભાઈ ઓ ત્યાં બેઠા. થોડી વાર પછી શાલિવાહન માટીનો પિંડો લઈને બહાર આવ્યો. 'આ જેના ભાગમાં હોય તેને શું મળે છે, જાણો છો?'

ચારે જણાએ ના કહી.

શાલિવાહને કહ્યું: 'આ જેના ભાગમાં હોય તે જમીન રાખે. એને જમીનનો ભાગ શ્રેષ્ઠીએ આપ્યો છે!'

એ મોટાભાઈના ભાગમાં હતો. અને જમીન મોટાને મળે તે પણ બરાબર ગણાય. પછી એણે કાગળ બતાવ્યો. 'આ ભાગવાળાને લોકો પાસે જે લેણું હતું, તે મળતું હતું!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વાતની પણ ગડ બરાબર બેઠી. લોકો પાસે લેણું એ કાગળ ઉપરની જ વાત ગણાય. એ આવે તો કાગળ લખાણથી આવે. એ વાત પણ બરાબર બંધ બેસી ગઈ. આટલી સાદી વાત પોતે કેમ સમજ્યા નહિ, તેની જ હવે તો નવાઈ લાગવા મંડી.

હવે ત્રીજો ભાગ કુશકાનો છે. કુશકા શું બતાવે છે? ધાન્ય–અનાજ. એટલે અનાજના જે કોઠારો છે એ કુશકાવાળાના ભાગમાં જાય છે!

પણ સૌને હવે ચટપટી થઈ કે ત્યારે કોલસાવાળાને શું મળવાનું હશે? કોલસો શું બતાવે? કાંઈ જ નહિ.

પણ શાલિવાહને કોલસો હાથમાં રાખીને કહ્યું 'આ ખનીજ છે. એટલે એના બંધુઓ–જમીનમાંથી નીકળનારાં સોનું અને રૂપું–એ કોલસાવાળાને મળે છે!'

બધા આશ્ચર્યચકિત થઈ ગયા. પિતાએ વહેંચણી ઘણી જ સુંદર કરી હતી.

શાલિવાહનનો આ કોયડાનો ઉકેલ, અને એની ન્યાય આપવાની શકિત એ બન્ને જોઈને, ચારે ભાઈઓ દિંગ થઈ ગયા. પોતે પહેલાં આટલી સાદી વાત કેમ સમજી શકયા નહિ એ જ એમને સમજાતું ન હતું. પણ તરત એમને લાગ્યું કે શાલિવાહને ભેદ ઉકેલ્યો એટલે આ વાત સાદી લાગે છે!

આ શાલિવાહન એક દિવસ મહાન રાજા થઈ બેઠો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કુંતિ–યુધિષ્ઠિર

[મહાભારતનું યુદ્ધ પૂરું થયા પછી ગંગા-કિનારે ઉત્તર ક્રિયા માટે ધૃતરાષ્ટ્ર ગયા છે. એ સાંભળીને પાંડવો પણ ત્યાં જાય છે. મૃત સ્વજનોને ઉદકદાન આપવાનો પ્રસંગ છે, ત્યારે કુંતી પોતાને મોંએ પહેલીવાર કર્ણ મારો પુત્ર હતો, ને તમારો મોટો ભાઈ છે, એવી ખુલ્લી વાત યુધિષ્ઠિર પાસે કરે છે. એ પ્રસંગ આ સંવાદ સમજવામાં ઉપયોગી નીવડશે.]

યુધિષ્ઠિર : કોણ એ ત્યાં જઈ રહ્યું છે અત્યારે ? ધીમા વહી જતા પડછાયાની જેમ નીરવ કોણ ચાલ્યું જાય છે ?

[યુધિષ્ઠિર પોતાના શિબિર બહાર ફરતા હોય છે, નિરભ્ર આકાશમાં રત્નપુષ્પ જેવા તારાઓ શોભી રહ્યા છે.]

કુંતિ : [જરાક અસ્વસ્તાથી] **એ..તો..હું..છું. હું કુંતિ !**

યુધિષ્ઠિર : કોણ છે ? કોણ મા ? તમે અત્યારે ? તમે કયાંથી ? અને વળી એકલાં ?

કુંતિ : [જરાક વધારે અસ્વસ્થતાથી] **હું તારી પાસે જ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતી હતી યુધિષ્ઠિર ! અંધારી રાત છે, અને આવી એકાંત અંધારી રાતે, મારા જીવનમાં કોણ જાણે કયાંથી, ગુપ્ત અને સુપ્ત, એવું કાંઈ ને કાંઈ જાગ્રત બને છે, યુધિષ્ઠિર!

યુધિષ્ઠિર : આજે, મા ! કહેા ન કહેા, પણ તમને કાંઈક થયું લાગે છે. તમારા અવાજમાં આટલી બધી અસ્વસ્થતા કેમ જણાય છે ? શું થયું છે મા ?

કુંતિ : [ધીમેથી] પ્રસંગ જ એવેા છે ને. સ્વજનેા કારી ઘા મારે છે—જીવતાં નહિ, મરણ પછી.

યુધિષ્ઠિર : તમે તેા મા ! તમારી વીરત્વભરેલી વાણીથી અમને પ્રેાત્સાહિત કર્યા હતા. અમે રણ જીત્યા, રાજ મેળવ્યું, શત્રુઓ હાર્યા—અને હવે, તમારા મેાંમાં આવેા વિષાદ કયાંથી ?

કુંતી : યુધિષ્ઠિર ! મેં તમને જે પ્રેાત્સાહન આપ્યું હતું, તે તેા તમે નિર્માલ્યતાને નિર્મળતા ન ગણી બેસેા એટલા માટે. મહારાજાધિરાજ પાંડુના પુત્રેા, કેવળ યુદ્ધની ઉપાધિ અટકાવવા માટે, વિરક્તિ ધારે, એમાં ન હતી એમની શેાભા, કે ન હતું વૈરાગ્યનું તેજ. પરાજયની કે હારની કલ્પનાથી ધારણ કરેલેા શાંતિમાર્ગ, મનુષ્યને છાની અશાંતિ આપે છે બેટા ! રણમાં રગદેાળાશે એમ ધારીને જ ક્ષત્રિયાણીએ પુત્રેાને જન્મ આપવેા રહ્યો. . . . એટલે મેં તમને શસ્ત્રનેા માર્ગ બતાવ્યેા હતેા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એ રણકથા જવા દે. આજે તો હું તારી પાસે એક નવી જ વાત લઈને આવી છું. એક રહસ્યકથા કહેવા આવી છું.

યુધિષ્ઠિર : [આશ્ચર્યથી] રહસ્ય કથા ? શાની વાત છે મા ?

કુંતિ : [કાંઈક ધ્રૂજતા અવાજે.] આખા યુદ્ધને હિસાબે, પણ આ વાત મારું હૃદય છિન્નભિન્ન કરી નાખે છે. આટલી આ નાની કથામાં ભરેલો અગ્નિ મારાં ગાત્રેગાત્ર બાળે છે.

યુધિષ્ઠિર : બોલો મા ! બોલો. એવી કઈ કથા આજે વિજયને અંતે, હજી પણ તમને તપાવી રહી છે ? તમે જ નથી કહ્યું મા ! કે મૃત્યુ એ વૈર માત્રનો શાંતિધ્વજ છે.

કુંતિ : સાચું, યુધિષ્ઠિર ! સાચું. પણ જો હું સહન કરી શકી હોત, તો તો તને આ કથા કહેવા જ ન આવત. અપૂર્ણ રહેલું વેર એવું વેદનામય નથી, જેવું અપૂર્ણ રહેલું માતૃત્વ—છે.

યુધિષ્ઠિર : [શોક ઘેરા અવાજે] મા ! શું કહ્યું તમે ? માતા ધરિત્રી જેટલી તમારી સહનશકિત છતાં જે તમે સહી નથી શકતાં—એ કથા સાંભળવાનું, ને સાંભળીને સહન કરવાનું બળ, હું તમારી પાસે માગું છું. બોલો મા, બોલો ! હવે તો જલદી બોલો. અત્યારે પણ મને અંધારઘેરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાત્રિમાં પેલા રણમેદાનને છેડેથી, ફરીને જાણે અશ્વત્થામાનો અવાજ સંભળાય છે. એટલે મા! તમે તમારી કથા મને હવે જલદી જલદી કહી દો. શું વાત છે મા? શાની વાત છે?

કુંતિ : [ધીમા પણ વ્યગ્ર શોક ભર્યા અવાજે] આવી જ અંધારઘેરી રાત્રિ હતી દીકરા, અને અનેક વર્ષો સુધી, એ રાત્રિનો, યુદ્ધનો ઘોષ મને સંભળાયા કર્યો છે. એ યુદ્ધ જુદું જ હતું, અને વધુ ભયંકર હતું. વર્ષો સુધી મારા દિલમાં એ યુદ્ધનો ઘોષ પોતાના સિંહનાદથી થથરાવી દેતો...

યુધિષ્ઠિર : [ગભરાટથી] મા! તમે અર્જુનની વાત કરો છો?

કુંતિ : ના બેટા, ના. પોતાના સિંહનાદથી યુદ્ધઘોષને થથરાવી દેતા...

યુધિષ્ઠિર : [વચ્ચે જ] પિતામહની—?

કુંતિ : ના, બેટા ના. જેની અણુનમ તેજસ્વિતા...

યુધિષ્ઠિર : ગુરુ દ્રોણની?

કુંતિ : ના દીકરા, ના. આ તો જેને મોંએ કદી ના ન...હતી...

યુધિષ્ઠિર : મા! કોની વાત છે?

કુંતિ : કર્ણની—મહારથી કર્ણની.

યુધિષ્ઠિર : કર્ણની? કયા કર્ણની?

કુંતિ : **सूतो वा सूतपुत्रो वा** કહેનાર કર્ણની. એ વીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂર્તિ મને અત્યારે યાદ આવે છે બેટા ! કોઈક વખત, માત્ર પળ બે પળ દેખા દઈ, અંધાર-પછેડામાં અદૃશ્ય થઈ જતું, કોઈ મનોહારી સ્વપ્ન તેં જોયું છે ?

યુધિષ્ઠિર : હા, મા ! કર્ણમાં મને એક મહાન સ્વપ્નની મૂર્તિમંત છાયા હમેશાં નજરે ચડતી—એનાં ચરણ તમારી યાદી આપતાં. એનો વિષાદ, તમારી જ આંતર વ્યથાનો જાણે પડઘો પાડતો, મા !

કુંતિ : મને પણ–યુધિષ્ઠિર ! જે પોતાને રાધેય માનતો, પણ જે ખરી રીતે કૌંતેય હતો—તે તરુણ કર્ણ, આજે યાદ આવે છે બેટા ! કર્ણ, કૌં તે ય, હતો.

યુધિષ્ઠિર : [વિસ્મયતાથી] શું બોલો છો મા ! તમે કહો છો, કર્ણ કૌંતે ય હતો ?

કુંતિ : જેવી તારી એવી જ એની હું જનેતા છું, બેટા ! કર્ણ કૌં તે ય હતો.

યુધિષ્ઠિર : પણ મા ! . . . . તમે . . . . તો . . . કોઈ દિ . . .

કુંતિ : હા બેટા, હા. મેં એ વાત કોઇ દિવસ કહી નથી એ ખરું. પણ હું શેનાથી બોલું ? મારી જિહ્વા મારા હૃદયમાં હતી. ને હૃદયમાં જ્વાલા હતી. મેં જ એને તજી દીધો હતો. આવી જ કાજળઘેરી અંધારી રાતે, આવી જ ભયંકર શૂન્યતાના સાગર સમી મધરાતે. એને ગંગા-પ્રવાહમાં વહેતો મૂકીને હું પાછી ફરી, એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃશ્ય આજે પણ નજરે ચડે છે, ને રોમરોમમાં અગ્નિ પ્રગટે છે ! જે ગંગામાં એને વહેતો મૂકયો હતો, એ જ ગંગાના કિનારે આજે ફરીને એને હું સંભારું છું. તમારા મહાભારતના યુદ્ધ કરતાં ઘણું વધારે મોટાં યુદ્ધ સ્ત્રીના હૃદયમાં ભર્યાં છે. રાત્રિના અંધારામાં વીંટાયલી રણભૂમિ નિહાળીને મને તો બેટા ! સ્ત્રીનું હૃદય સાંભરે છે. જે વેદના—જે કરુણકથા—સ્ત્રીના હૃદયમાં ભરી છે, એની તુલનામાં એકાદ મહાભારત, કેટલું સુખમય ને શાંત જણાય છે !

યુધિષ્ઠિર : પણ મા ! તમે ભૂલો છો. સ્ત્રીનું હૃદય જ મહાભારતના યુદ્ધને શકય બનાવે છે. તમે જો પહેલેથી આટલું બોલ્યાં હોત, કે અમને કહી દીધું હોત, કર્ણ અમારો મોટો ભાઈ છે, તો આ વિનાશ જ અટકી જાત. કર્ણ વિના કૌરવો હતા જ કયાં ? અને કર્ણ અર્જુન—જગતમાં અદ્વિતીય એવા તમારા એ બે પુત્રો—ભેગા થાત પછી દુનિયામાં અજિત શું રહેત ? મા ! તમારા અંતરમાં આ સંહારનું બીજ આજ દિવસ સુધી ગુપ્ત રહ્યું, તે તમને હવે, પશ્ચાત્તાપના અગ્નિથી ભરી દે છે, પણ . . . તમે જરાક વહેલું બોલ્યાં હોત. માત્ર જરાક જ વહેલું બોલ્યાં હોત— આ સંહાર ન હોત. આ વિનાશ ન હોત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંતિ : બેટા ! તું મારો પુત્ર છે. પણ તું પુરુષ પણ છે. સ્ત્રીનું હૃદય તારાથી સમજી નહિ શકાય. અને મારું હૃદય તો હું પોતે પણ છેવટ સુધી બરાબર સમજી શકી નથી. માતાનું હૃદય પૂરેપૂરું સમજવાને માટે, મારે સ્ત્રીને પણ, સ્ત્રી મટી જઈને, માતા બનવાની તાલીમ લેવી પડી છે. જ્યારે કર્ણને એ અંધારઘેરી રાત્રિએ મેં તજ્યો, ત્યારે હું સ્ત્રી હતી. મારા મનને વેદના ન હતી— પણ શરમમાંથી છૂટવાનો આનંદ હતો. પણ બેટા ! મને શી ખબર કે, ઝાંખા દીપકના પ્રકાશે—જરાક જોયેલું, જરાક ન જોયેલું, અર્ધ-સ્ફુટિત મોગરાના ફૂલ સમું, એવડા નાનકડા બાળકનું નિર્દોષ શાંત નિદ્રાભર્યું મોં, મારા રોમ રોમમાં સૂતેલું માતૃત્વ જગાડીને, મને હર ઘડીએ—અને હર પળે, જાણે મૌનવાણીથી બોલાવતું રહેશે કે 'ઓ—મા !'[અવાજ ધ્રૂજે છે.]

મેં વર્ષો થયાં અંધાર ઘેરી રાતે, જંગલમાં અને શહેરમાં, મહેલમાં અને ઝૂંપડીમાં, સૂતાં અને સ્વપ્નમાં, જાણે કર્ણની એ મૌનવાણી સાંભળી છે ! : 'ઓ મા ! તમે મને તજી દીધો ? મને—વાણી વિનાનાને, નિર્દોષને, તજતી વખતે પણ તમને સ્નેહથી વળગી રહેનાર, કેવળ તમારા વિશ્વાસ ઉપર નિદ્રામાં સૂતેલા—નાનકડા બાળક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને?' યુધિષ્ઠિર ! બેટા ! દીકરા ! સ્ત્રી માતૃત્વ છોડી શકતી જ નથી, દેહને છોડ્યા વિના : એ ખબર મને હવે આજે, રહી રહીને પડી.

યુધિષ્ઠિર : ત્યારે તો મા ! મેં સાંભળ્યું છે એ પણ સાચું લાગે છે. મેં એમ સાંભળ્યું હતું કે અર્જુનને બચાવવા માટે, તમે લડાઈ પૂર્વે કર્ણને મળવા ગયાં હતાં ? એ સાચું મા ?

કુંતિ : યુદ્ધ પૂર્વે તો બેટા ! હું એને જોવા ગઈ હતી. એને મળતી હતી તો હમેશાં. એને મળ્યા વિનાનો મારો એક દિવસ ગયો નથી.

યુધિષ્ઠિર : ક્યાં ? ક્યાં મળતાં હતાં ?

કુંતિ : મારા મનમાં. યુદ્ધ પૂર્વે તો મેં કર્ણને માત્ર જોયો. પણ મારા હૃદયમાં તો, એક નાનું સુંદર બાળક, નીલાકાશના અંતરમાં સૂતેલા પુષ્પ સૌંદર્ય સમું હર ઘડીએ અને હરપળે, અને હરક્ષણે નિરંતર બેઠું હતું. હું તો એ બાલ કર્ણને ... [અવાજ ભગ્ન થઈ જાય છે] હું એ બાલ કર્ણને ....બેટા ! હંમેશાં....

યુધિષ્ઠિર : આટલો બધો કાલ્પનિક વિષાદ તમારા અંતરમાં પ્રગટેલો જોઈ ને, મા ! આ શાપિત વિજયને જ છોડી દેવાનું મને મન થાય છે. મારો સંસાર પરનો રાગ શમી જઈને, મને વનવાસની આકાંક્ષા જાગે છે મા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંતિ : કર્ણના મૃત્યુનો મને એટલો શોક નથી, જેટલો શોક, પેલા ગાઢ નિદ્રામાં પડેલા, નાનકડા, નિર્દોષ શાંત, ફૂલસમા બાળકને ઠગવાનો છે. બેટા યુધિષ્ઠિર ! આખા સામ્રાજ્યની સમૃદ્ધિ નીચે મારા હૃદયમાં સૂતેલું આ એક નાનું બાળક, મને જે વેદના આપે છે. તેની પાસે—સંખ્યાબંધ વીર મૃત્યુઓ કુછ બિસાતમાં નથી. તને અત્યારે હું એ કહેવા આવી હતી કે કર્ણ તારો ભાઈ હતો—મોટોભાઈ હતો....એની ઉત્તરક્રિયા હવે તું જ કરજે : એને છેહ દીધા માટે કરેલું આટલું નાનું કામ પણ, મને કાંઈક શાંતિ આપશે.

યુધિષ્ઠિર : અરે ! મા !—કર્ણને મેં ભાઈ જાણ્યો હોત !

કુંતિ : પછી તો એ ન જાણવામાં જ સૌનું શ્રેય હતું. મેં એને સમજાવી જોયો હતો.

યુધિષ્ઠિર : અને એણે શું કહ્યું હતું ?

કુંતિ : એણે જે કહ્યું તે સાંભળીને, બીજું તો શું બેટા ! પણ જો કોઈ મંત્રશક્તિથી, એને બોળામાં તેડાય એવું નાનું બાળક હું બનાવી શકી હોત —તો મેં, એને મારાં ચુંબનોથી ભરી દીધો હોત, અરે ! એવા વીરપુત્રનું, પાંચ છ વર્ષની વયનું મિઠું તોફાન મને જોવા મળ્યું હોત !

યુધિષ્ઠિર : એણે શું કહ્યું હતું, મા ?

કુંતિ : એ તો એની એવી જ અમરવાણી. એણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું હતું : 'મા! કોણ જાણે કેમ, તમે નિત્ય જીવનવ્યથા ભોગવીને મારા અંતરમાં મને શક્તિ પ્રેરતાં હો, કે ગમે તેમ, પણ દૈવ વિરુદ્ધ હોય, પરાજય સ્પષ્ટ દેખાતો હોય, પુરુષાર્થની માત્ર મશ્કરી જ થવાની હોય અને બીજી પણ અનેક અદૃશ્ય આપત્તિઓનાં વાદળ ઘેરાતાં હોય—છતાં હું ભીરુ નહિ જ બનું તે નહિ જ બનું. તમે જ મા! જાણે મને તમારા જીવનમાંથી જ, આ અમૃત આપ્યું લાગે છે કે ભીરુતા કરતાં વધારે હલકટ એવું કાંઈ નથી. તમારા પક્ષનો સ્પષ્ટ જય હું જોઈ શકું છું. અમારા પક્ષનો પરાજય પણ સ્પષ્ટ જોઈ શકું છું. પણ એટલે તો જય–પરાજયથી પર, એવા તમારા પુત્રને મા! રણમાં લડવાની, ને સામે મોંએ યુદ્ધક્ષેત્રમાં પડવાની રજા આપો મા!' એની તો આ ધનુષટંકાર સમી અમરવાણી હતી. હિમાચળ ડગે તો વીર કર્ણ ડગે. બેટા! જાણે મારા જીવનની વર્ષોની વ્યથાએ, એના હૃદયને અપાર વીરત્વ આપ્યું હોય કે ગમે તેમ, પણ એ વાણીનો ટંકારવ હજી પણ મને ગગનમાંથી સંભળાયા કરે છે! શું એ વાણી હતી?

યુધિષ્ઠિર : મા! કર્ણ વીર હતો: અને વીરમૃત્યુ પામ્યો. એનો શોક તજીને હવે તો તમારે અમને પંથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવવો રહ્યો.

કુંતિ : તમે જે કર્યું છે તે આવશ્યક ધર્મરૂપે હતું. એ ન કર્યું હોત તો દુનિયામાં તમારી હાંસી થાત. પણ મને હવે આ વૈભવનો મોહ નથી, ઈચ્છા પણ નથી. લોહીનીગળતી રાજલક્ષ્મી ભોગવવા માટે મેં તમને પ્રેરણા આપી જ ન હતી. ભીરુતા અને લોહીભરેલું યુદ્ધ—એ બે જ માર્ગ માત્ર રહ્યા હોય, ત્યારે તમે લોહીભરેલું યુદ્ધ સ્વીકારો, એટલો જ મારો સંદેશો હતો. તમે એ સંદેશો હવે દુનિયા માટે પણ મૂકયો છે. લોહી નીગળતું યુદ્ધ અને ભીરુતા, એ બે જ માર્ગ જ્યારે રહ્યા હોય, ત્યારે દુનિયામાં આતતાયીની સામે પણ, સમાધાનની વાત કરનારા છેવટે, પોતાને જ પોતે હણે છે! મને હવે કોઈ જાતના ભોગની ઈચ્છા નથી.

યુધિષ્ઠિર : રાજલક્ષ્મી મેળવ્યા પછી પાછી ત્યાગની વાત?

કુંતિ : યુધિષ્ઠિર! એ તો જીવનચક્ર છે. મારા અંતરમાં આજે એક બીજી વાત ઊગી નીકળી છે. એ પણ જીવનચક્રના ક્રમમાં અનિવાર્ય છે.

યુધિષ્ઠિર : શી?

કુંતિ : [ગંભીરતાથી] મારા પાપના સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત માટે તો, મારે જાણે, અગ્નિમાંથી નીકળવું પડશે! અગ્નિસ્નાન કરવું પડશે.

યુધિષ્ઠિર : મા! તમારું હૃદય એટલું વ્યથિત છે . . .

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંતિ : [આકાશ સામું જોતી જોતી બોલી રહી હોય તેમ] વ્યથાથી હું આ બોલતી નથી—પણ મને લાગે છે, બેટા ! જાણે કે, ગંગાના કિનારા પર જ, હું અગ્નિસ્નાન કરીશ. એ ગંગાનો કિનારો—જ્યાં મેં સત્ય તજ્યું હતું, સૌંદર્ય છોડ્યું હતું, ભીરુતા સ્વીકારી હતી. દુનિયા સામે બાળકને લઈ ને ઊભા ન રહેવાની એ ભીરુતા હતી.જે પશુ પણ બતાવતાં નથી—એટલે મારે અગ્નિસ્નાન....

યુધિષ્ઠિર : મા ! બસ કરો, મા !

કુંતિ : [એ જ સ્થિતિમાં] તને, ભીમને, અર્જુનને, —નકુળને, સહદેવને—સહાય માટે પોકારતી, અને . . .

યુધિષ્ઠિર : મા ! બસ કરો, બસ કરો, તમે દુઃખથી મતિ ગુમાવી છે.

કુંતિ : [કિંચિત્ કરુણ હાસ્યથી] . . .અને મારા સૌથી પ્રિય પુત્ર કર્ણને બોલાવતી, હું કોઈક દિવસ અગ્નિસ્નાન કરીશ —ત્યારે જ, મારું અંતર એકવાર ફરીને બાળક કર્ણના સ્મિતથી છલોછલ ભરાઈ જશે—ત્યારે જ એનું સાચું માતૃત્વ મને ફરીને મળશે. . .

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પ્રકાશક તથા વિક્રેતા
ગાંધીરસ્તા: અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ધૂમકેતુની 'યુગદર્શન ગ્રંથમાળા'

તુષારબિંદુ

શ્રી. ધૂમકેતુની અનેક રંગરસભરી કથનિકાઓનાં અવનવાં રૂપ આમાં જોઈ શકાશે. લગભગ ૫૫ કૃતિઓ. **ત્રણ રૂપિયા**

મેઘબિંદુ

શ્રી. ધૂમકેતુની શૈલીનાં ઉચ્ચતમ શિખરો નિહાળવા માટે આ પુસ્તક જોઈ જવું જોઈએ. એમાં કાવ્યમય વાણીમાં ઐતિહાસિક નવલિકાઓ આવે છે. **ત્રણ રૂપિયા**

પદ્મરેણુ

દ્વિરંગી છપાઈમાં પ્રગટ થયેલ અભિનવ રજકણોનો આ સંગ્રહ ભેટ આપવા માટે સર્વોત્તમ છે. **ત્રણ રૂપિયા**

રજકણ

શુભ પ્રસંગે ભેટ આપવા લાયક, અત્યંત મનોરમ શૈલીમાં લખાયલાં સુંદર સચિત્ર વિચાર મૌક્તિકોનું પુસ્તક. **ત્રણ રૂપિયા**

જલબિંદુ

ધૂમકેતુની જલબિંદુની ગદ્યશૈલી ગુજરાતી સાહિત્યમાં હજી સુધી અજોડ રહી છે. એમાં વિરલ પ્રસંગનું મનોરમ નવલિકા જેવું રૂપાંતર પામેલું ભાવનાશીલ સુંદર ગદ્ય છે.
ત્રણ રૂપિયા

પગદંડી

પ્રવાસવર્ણનોનું આ પુસ્તક વાંચનાર ઘડીભર પોતાનું સ્થળ ભૂલી ગિરનાર, નૈનિતાલ, દાર્જિલિંગ, હિમાલય, નર્મદાના આરસ પહાડો, ભુવનેશ્વરમાં વિહરે છે. ચિત્ર ફોટો ત્રીસ
ત્રણ રૂપિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. 'ધૂમકેતુ' ની 'યુગદર્શન ગ્રંથમાળા'

તણુખા મંડળ પહેલું	૩–૮	જીવનપંથ [આપકથા]	૪–૮
તણુખા મંડળ બીજું	૩–૦	હેમચંદ્રાચાર્ય	૨–૮
તણુખા મંડળ ત્રીજું	૩–૦	વાચિનીદેવી	૪–૮
તણુખા મંડળ ચોથું	૪–૦	અજિત ભીમદેવ	૪–૮
પ્રદીપ	૩–૦	ચૌલાદેવી	૪–૮
આકાશદીપ	૩–૦	રાજસંન્યાસી	૪–૮
અવશેષ	૨–૮	કર્ણાવતી	૪–૮
પરિશેષ	૩–૦	રાજકન્યા	૪–૮
ત્રિભેટો	૩–૦	જયસિંહ સિદ્ધરાજ	૪–૮
અનામિકા	૩–૦	[અર્ધરકનિષ્ણુ]	
વનછાયા	૩–૦	,, ત્રિભુવનગંડ	૪–૮
વનરેખા	૩–૦	અવંતીનાથ સિદ્ધરાજ	૪–૮
સુવર્ણરેખા	૩–૦	ગુર્જરેશ્વર કુમારપાલ	૪–૮
મલ્લિકા	૩–૦	રાજર્ષિ કુમારપાલ	૪–૮
પ્રતિબિંબ	૩–૦	નાયિકાદેવી	૪–૮
જલદીપ	૩–૦	રાય કરણ ઘેલો	૪–૮
જલબિંદુ	૩–૦	આમ્રપાલી	૪–૮
મેઘબિંદુ	૩–૦	વૈશાલી (નવલકથા)	૪–૮
તેજબિંદુ	૩–૦	પડઘા	૦-૧૨
તુષારબિંદુ	૩–૦	પડછાયા	૧–૪
રાજમુગટ	૩–૦	વીર વનરાજ	૧–૦
પૃથ્વીશ	૩–૮	એકલવ્ય	૦-૧૨
અજિતા	૪–૮	નેપોલિયન	૦–૮
પરાજય	૪–૮	પરશુરામ	૦–૮
સર્જન ચિંતન	૨–૦	હ્યુએનસંગ	૦–૮
વાતાયન	૨–૮	જ્ઞાનકથાઓ ૧ થી ૫	૫–૦
રજકણ	૩–૦	વડને છાંયડે	૧–૦
પદ્મરેણુ	૩–૦	લોક રામાયણ ૧-૨	૨-૧૨
ઠંડી ક્રૂરતા (નાટકો)	૧–૮	જ્ઞાનગોષ્ઠિ	૧–૦
પગદંડી	૩–૦		

[અને આ ઉપરાંતનાં બીજાં પ્રકાશનો]

[આખો સેટ રૂપિયા બસો લગભગ]

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધીરસ્તો : અમદાવાદ

શારદા મુદ્રણાલય : પાનકોર નાકા : અમદાવાદ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri. Gurukul Kangri Collection, Haridwar

ya Samaj Foundation Chennai

Domain. Gurukul Kangri Colle